નવેમ્બર, ૨૦૧૬

વાર્ષિક લવાજમ રૂા.૧૫૦/-

# પાવન હૃદય દૂત



ભૂતપૂર્વ જનરલ ફાધર એડોલ્ફો નિકોલાસ

નવા જેસુઈટ જનરલ ફાધર આરતૂરો સોસા



Happy 25th Anniversary

Jasubhai
Smita

Date : 11-11-1991





લિ. શાન્તાબેન પાઉલભાઈ તથા સમસ્ત પરિવાર
ઈડન ગાર્ડન સોસાયટી, પીજરોડ, નડીઆદ-૦૨, જિ.ખેડા
Mo. 94260 44144 / 84602 12128

સૌજન્ય
મૈત્રી ડેવલોપર્સ - મૈત્રી કન્સલ્ટન્ટ
નિધી - મૈત્રી - બંદીશ - પ્રાચી
માર્ગી - રાજ

Genesis:2:22 “Then the LORD
God made a woman from the rib he had taken out of
the man, and he brought her to the man.”

25th Anniversary



# HAPPY 25th ANNIVERSARY

## “TO LOVING MOM & DAD”

## VINOD & HEMANTIKA MACWAN



## Marriage Date- 10 November, 1991

*Dear Mom & Dad.......*

*Your anniversary may be silver but your love is even more precious than gold. May your married life be, as fragrant as an Irish flower.*

*Your dreams, ambition and hopes for the future may not be always same but the beauty of your marriage is that you both live to make each other’s dream come true......*

*Thank you, our beloved Mom and Dad for love and care you never stopped giving us. We are so lucky to have such great parents. Your togetherness in good and bad times has taught us team work.*

*Yours loving,*
**SETU** *(B.Tech.-Computer Science & Engineering and MBA)* **and**
**SAGAR,**
**Doha – Qatar, (Mob Resi: +974-55321583)**

**Congratulations!!! On your 25th wedding anniversary**

Didi and Jiju,
May your marriage be blessed with love, joy and
companionship for all the years of your lives!!!

Samir and Family

So much love and blessings from Ranjan Dadi.





રિધ્ધી
રેસીડેન્સી
રિધ્ધિ રેસીડેન્સી
....એટલે સુખનું સાક્ષાત પ્રતિક
રિધ્ધિ રેસીડેન્સી
...એટલે રમણીય વાતાવરણમાં સુખ,
સમૃદ્ધિ અને પરમ શાંતિનો આવાસ.
...3 BHK graceful living
સુવિધાઓ :
મુખ્ય એન્ટ્રન્સ ગેટ
સોસાયટીને ફરતે કમ્પાઉન્ડ વોલ
અંદરના પેવર બ્લોક રોડ
કોમન પ્લોટ સુંદર બગીચો
૨૪ કલાક પાણી માટે સોસાયટીને સ્વતંત્ર બોર
દરેક મકાનને ઓવરહેડ પાણીની ટાંકી
સાઇટને ઉધઈ વિરોધી ટ્રીટમેન્ટ
NA NOC ટાઇટલ ક્લીયર
લોન પેપર ઉપલબ્ધ
જીવન જરૂરીયાતની સવલતોનું
સાનિધ્ય અને આનંદમય જીવનનો પર્યાય- રિધ્ધિ રેસીડેન્સી
રિધ્ધી
રેસીડેન્સી
સાઇટ એડ્રેસ :
સેંટ ઝેવીયસર્ સ્કૂલ પાછળ,
જીટોડીયા રોડ, મુ. ચાવડાપુરા.
તા. જી. આણંદ – ૩૮૮૦૦૧
SBC
ઓર્ગેનાઇઝર :
શ્રીબાલાજી
કન્સટ્રક્શન
આણંદ–૩૮૮ ૦૦૧
ગુજરાત.
આર્કિટેક્ટ : ધવલ પંચાસરા, આણંદ
બુકીંગ કોન્ટેક્ટ : રીતેશ : + ૯૧ ૯૯૧૩૯ ૮૦૦૦૯

**Publisher's Name**

**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Place of Publication**

Anand
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printer's Name**

**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printing at**

**Anand Press**
P.B. No. 95,
Gamdi - Anand - 388001, Gujarat

**Editor's Name**

**Jasvant Macwan**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**માનદ્ તંત્રી:**
ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે.

**તંત્રી:**
જસવંત મેકવાન (મો: ૯૪૨૭૩ ૮૨૯૯૭)

**સહતંત્રી:**
શૈલેષ ક્રિસ્ટી (મો: ૯૪૨૭૦ ૦૪૦૦૨)

**તંત્રી મંડળ**
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, બકુલ મેકવાન,
ઈન્દુ રાવ, આગ્નેસ વાઘેલા,
ફાધર ડો. આરસકુમાર રાયપ્પન
સ્નેહલતા ભાટિયા

**લવાજમ, જાહેરાત અને પ્રસાર**
ઈલોમીના એ. મહિડા

**ટાઈપ સેટિંગ:** મંજુ એમ. મેકવાન

**ડિઝાઈન:** વિજય મેકવાન




# અનુક્રમણિકા


**આમંત્રિત તંત્રીલેખ**

પ્રભુની દયાના અસાધરણ મુક્તિ-વર્ષની પૂર્ણાહુતિ ✧ ફાધર જેમ્સ ડાભી ૦૭

**કાવ્યધારા (સંપાદકઃ ડો. સિલાસ પટેલિયા)** ૧૦

જોસેફ વાય. મેકવાન ✧ દિનેશ પાટીલ 'દિનુ-રીકુંજ' ✧ પીટર પરમાર ✧ શૈલેષ આઈ. પરમાર ✧ ડો. સિલાસ પટેલિયા

**તમારો પત્ર** ૧૧

અમિત ચૌહાણ ✧ ત્રિભોવનભાઈ આર. પરમાર ✧ બ્ર. સેમ્યુલ ક્રિશ્ચિયન ✧ શાંતિલાલ મેકવાન ✧ 'રાજબંધુ' જયંત એમ. પરમાર ✧ રમણ મેકવાન

**લેખો**

વિશ્વ માટે યોગ અને સહયોગ ✧ બ્રધર જસ્ટીન ફિલિપ ૧૪
શ્રદ્ધા ✧ લોરેન્સ જે. રાઠોડ ૧૫
...મુક્તિ-વર્ષની પૂર્ણાહુતિ ✧ ગુજરાત વિદ્યાદીપ સેવાસીના ધર્મબંધુઓ ૧૬
જીવનનો સારથિ ✧ એલ્વીન થોમસ ક્રિસ્ટી ૨૪
બાળદિન ✧ ક્રિશ્ચિયન રીચર્ડ ફ્રાન્સિસ ૨૫

**કિશોરમિત્ર (સંપાદકઃ રાજેશ ક્રિશ્ચિયન)** ૨૭-૩૦

ચાલો બાળક બાળક રમીએ... ✧ નમ્રતા રાકેશ પરમાર ૩૧
બાળ-ક્ષણનું સેલિબ્રેશન ✧ ડો. અલ્કા મેકવાન ૩૨
હળવાં કર્મ ✧ સંપાદનઃ સ્મિતા સોલંકી ૩૩
ઈતિહાસને પાને ✧ શૈલેષ ક્રિસ્ટી ૩૪
માબાપ અને યુવાવર્ગ ✧ સંકલનઃ તંત્રીશ્રી ૩૬
સરોગસી માટેનો માપદંડ ✧ ઈન્દુ રાવ ૩૮
પુસ્તક પરિચય ✧ સાયમન એફ. પરમાર ૪૦
કાયદા દિવસ ✧ જોન્સી પી. મેકવાન ૪૨

**પંખીની પાંખે (સંપાદકઃ શૈલેષ ક્રિસ્ટી )** ૪૮



**આવરણ:** વિશ્વના ૧૬૦૦૦થી વધારે ઈસુસંઘી સભ્યો એટલે કે જેસુઈટના ૨૧૨ પ્રતિનિધિઓની ૩૬મી સામાન્ય પરિષદમાં ભૂતપૂર્વ જનરલ ફાધર એડોલ્ફો નિકોલાસે વયના કારણસર રાજીનામું આપ્યું હતું. અત્રે યાદ અપાવીએ કે ફેબ્રુઆરી-૨૦૧૬માં ફાધર નિકોલાસે અમદાવાદ-ગુજરાતની મુલાકાત લીધી હતી. આજ પરિષદમાં ૧૪ ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ ઈસુસંઘના નવા સર્વોચ્ચ વડા એટલે કે સુપીરિયર જનરલ તરીકે ફાધર આરતુરો સોસા ચૂંટાઈ આવ્યા હતા.

ફોટોગ્રાફ્સ સૌજન્યઃ ગુગલ




"જેઓ પોતાને જાતને પ્રભુની આગળ નમ્ર બનાવી શકે, એ જ પ્રભુની મહાન દયાનો અનુભવ કરી શકે છે."

## ગુજરાતના કેથલિકોનું સર્વાંગી માસિક



✞ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✞ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કેથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✞ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કેથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્‌ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.

### લેખ, કાવ્ય, લવાજમ, પત્રવ્યવહારનું સરનામું

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

### કાર્યાલયનો સમય

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.

**Ph. (Office) : (02692) 240161**
**Mob. 94084 20847 / (02692) 240178**
**Website: http://www.gspbooks.in**
**e-mail : phdoot@gmail.com**

### લવાજમ

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૫૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૭૦૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-

**નવેમ્બર, ૨૦૧૬થી જાહેરાતના નવા દર અમલમાં રહેશે.**

| | | |
|---|---|---|
| છેલ્લું કવરપેજ | : | રૂા. ૧૪,૦૦૦ |
| અંદરની બાજુના બધાં જ કલર પેજ | : | રૂા. ૧૩,૦૦૦ |

### અંદરના સામાન્ય પેજ

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૮,૪૦૦ |
| અર્ધુ પેજ | : | રૂા. ૪,૨૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૨,૧૦૦ |
| ટચુકડી | : | રૂા. ૦,૭૦૦ |

**જાહેરાત સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી રહેશે.**

દર મહિને ૨૦મી તારીખે આપની જાહેરાતનું પ્રૂફ જોવા રૂબરૂ આવવા વિનંતી.

### લવાજમ/જાહેરાતની રકમના નાણાં ભરવા બાબત

'દૂત' ગ્રાહકો/જાહેરાતદાતાઓ, આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધાં જ લવાજમ/જાહેરાતની રકમ અમારા બેંક ખાતામાં જમા કરાવી શકો છો. જેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: Gujarat Sahitya Prakash Society
Name of the Bank: ICICI Bank,
V.V. Nagar 388120
Account No.: 008501008925
IFS Code: ICIC0000085

રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/એસ.એમ.એસ. ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

# આમંત્રિત તંત્રીલેખ...



# પ્રભુની દયાના અસાધારણ મુક્તિ-વર્ષની પૂર્ણાહુતિ

વડાધર્મગુરુ ફ્રાન્સિસે જાહેર કરેલા પ્રભુની દયાના અસાધારણ મુક્તિ-વર્ષનો ૮મી ડિસેમ્બર ૨૦૧૫ મા મરિયમના નિષ્કલંક જીવધારણ પર્વે શુભારંભ થયો હતો અને ૨૦મી નવેમ્બર ૨૦૧૬ રાજરાજેશ્વરના પર્વે પર્ણાહુતિ થશે. પૂર્ણ થતા આ વર્ષ પર પુનઃદૃષ્ટિપાત કરીએ, એ આશયે કે રખેને મુક્તિ-વર્ષની કૃપા ચૂકી ગયા હોઈએ તો પામી શકીએ.

અંગ્રેજી ભાષામાં આ વર્ષને The Extraordinary Liberty Year of the Mercy of the Lord કહેવાયું. આપણે ચાર શબ્દોને સમજવા પ્રયત્ન કરીએ. Liberty Year (મુક્તિ-વર્ષ), Ordinary (સાધારણ), Extraordinary (અસાધારણ), the Mercy of the Lord (પ્રભુની દયા).

**મુક્તિ-વર્ષ (Liberty Year):** ઈસ્રાયલી સમાજને પ્રભુ ધારાધોરણો આપે છે. આ ધારાધોરણો નો ઉદ્દેશ્ય છે પ્રભુ સાથે સુમેળ અને માનવ સાથે મનમેળ. મુક્તિ-વર્ષ અંગે પ્રભુએ આ નિયમ ઘડ્યો છે. “તમારે વર્ષોનાં સાત અઠવાડિયાં ગણવા એટલે કે સાત વાર સાત વર્ષ અર્થાત ઓગણપચાસ વર્ષ. પછી સાતમા મહિનાને દસમે દિવસે પ્રાયશ્ચિતને દિવસે તમારે આખા દેશમાં રણશિંગુ વગાડી પચાસમા વર્ષને પવિત્ર જાહેર કરી દેશના બધા વતનીઓ માટે મુક્તિની ઘોષણા કરવી. તમારે માટે એ મુક્તિનું વર્ષ છે. જે કોઈ મિલકત વેચાઈ ગઈ હોય તે એ વર્ષે છૂટી થઈ મૂળ માલિકને પાછી મળે અને જે કોઈ ગુલામ તરીકે વેચાયો હોય તે છૂટો થઈ પોતાના કુટુંબમાં પાછો જાય” (કર્મકાંડ ૨૫:૮-૧૦). મુક્તિ-વર્ષે પ્રભુ પ્રત્યેક ઈસ્રાયલીને દેવાના, ગુલામીના, ઊછીના વ્યવહારના બંધનમાંથી છોડાવી એકમાત્ર પ્રભુના બંધનમાં જોડે છે.

એ ઈસ્રાયલી સમાજમાં જ્યારે ઈસુ પોતાનું જાહેરજીવન શરૂ કરે છે ત્યારે પોતાના વતન નાસરેથગામના સભાગૃહમાં આ શાસ્ત્રપાઠ વાંચી સંભળાવે છેઃ “મારામાં પ્રભુનો આત્મા ઊતરી આવ્યો છે, કારણ તેણે મારો અભિષેક કર્યો છે. તેણે મને એટલા માટે મોકલ્યો છે કે હું દીનજનોને શુભસંદેશ સંભળાવુ, બંદીવાનોને મુક્તિદાન અને અંધજનોને દૃષ્ટિદાન જાહેર કરુ, દલિતોને મુક્ત કરુ, તેમ જ પ્રભુની કૃપાના વર્ષની ઘોષણા કરુ ” (લૂક ૪:૧૮-૧૯). વિશ્રામવારે એટલે કે શનિવારે ઈસ્રાયલી સમાજના બાર વર્ષ કે તેથી વધુ ઉંમરના પુરુષો ગામના સભાગૃહમાં પ્રાર્થના માટે ભેગા મળતા. જૂના કરારના પયગંબરો વિભાગમાંથી પ્રથમ શાસ્ત્રપાઠ વાંચવામાં આવતો. પ્રથમ શાસ્ત્રપાઠ કોઈપણ ઈસ્રાયલી પુરુષ જેની ઉંમર બાર વર્ષ કે તેથી વધુ છે તે વાંચતો અને વાંચ્યા પછી ભેગા થયેલા સમુદાય માટે તેનું અર્થઘટન પણ કરતો. આ રિવાજ અનુસાર ઈસુએ ત્રીજા યશાયાના ગ્રંથમાંથી પઠન કર્યું. ઈસુ એનું અર્થઘટન કરે છે, “આજે આ શાસ્ત્રવચન તમારા સાંભળતાં સાચુ પડ્યુ છે (લૂક ૪:૨૧). ત્રીજા યશાયાએ ઈસ્વીસનપૂર્વે ૪૦૦ આસપાસ જે આગાહી કરી હતી તે ઈસુના જાહેરજીવનથી પૂર્ણ થવાની છે. અર્થાત ઈસુ આપણે માટે પ્રભુને ઘડેલું મુક્તિ-વર્ષ છે. ‘ઈસુ’ નામનો અર્થ જ છે. ‘પ્રભુ મારી મુક્તિ.’

ઈસુએ ધર્મસંઘની સ્થાપના કરી. કલોસ્સાના ધર્મસંઘ પર લખેલા પત્રમાં ઈસુ અને ધર્મસંઘ વચ્ચેના સંબંધને સ્પષ્ટ કરવામાં આવે છે, “એ (ઈસુ) જ ધર્મસંઘ રૂપી શરીરનું મસ્તક છે” (કલોસ્સા ૧:૧૮). જો ઈસુ માનવજાત માટે મુક્તિ-વર્ષ છે તો ધર્મસંઘ પણ એ જ ઈસુનું શરીર હોવાને માનવજાત માટે મુક્તિ-વર્ષ છે. ધર્મસંઘના શિર એવા અદૃશ્ય ઈસુના દૃશ્ય પ્રતિનિધિ છે વડાધર્મગુરુ. વડાધર્મગુરુ બોનિફ્રાસ આઠમાએ ઈસ્વીસન ૧૩૦૦માં ધર્મસંઘમાં મુક્તિ-વર્ષની પ્રથા શરૂ કરી એ વર્ષને ક્ષમાનું પવિત્ર વર્ષ જાહેર કરવામાં આવ્યું હતું.

**સાધારણ (Ordinary):** ઈસ્વીસન ૧૪૭૫ થી દર પચ્ચીસમું વર્ષ મુક્તિ-વર્ષ તરીકે ઊજવવાનો શિરસ્તો શરૂ થયો. દર પચ્ચીસમા વર્ષે ઊજવાતા મુક્તિ-વર્ષને સાધારણ મુક્તિ-વર્ષ (Ordinary Liberty Year) નામે ઓળખવામાં આવ્યું. બે સાધારણ મુક્તિ-વર્ષ વચ્ચેનો પચ્ચીસ વર્ષનો ગાળો એ હેતુસર નક્કી કરવામાં આવ્યો કે ધર્મસંઘના પ્રત્યેક સભ્યને તેના જીવનકાળમાં ઓછામાં ઓછુ એક વખત મુક્તિ-વર્ષનો લાભ મળે. છેલ્લામાં છેલ્લુ સાધારણ મુક્તિ-વર્ષ ઈસ્વીસન ૨૦૦૦માં ઊજવવામાં આવ્યું હતુ. તે વર્ષે ઈસુના જન્મને પણ બે હજાર વર્ષ પૂરાં થતાં હતાં. ઈસ્વીસન ૧૩૦૦થી ઈસ્વીસન ૨૦૦૦ સુધી છવ્વીસ વખત સાધારણ મુક્તિ-વર્ષ ઊજવવામાં આવ્યાં છે.

**અસાધારણ (Extraordinary):** કોઈક વિશિષ્ટ કારણસર અથવા કોઈક બનાવની પુનઃકૃપા મેળવવા પચ્ચીસ વર્ષ સાધારણ ગાળા દરમિયાન કોઈક વર્ષને મુક્તિ-વર્ષ જાહેર કરવામાં આવે તો તે મુક્તિ-વર્ષને અસાધારણ મુક્તિ-વર્ષ (Extraordinary Liberty Year) કહેવામાં આવે. આજદિન સુધી ધર્મસંઘમાં ચાર વખત અસાધારણ મુક્તિ-વર્ષની ઊજવણી કરવામાં આવી છે. પહેલી વાર ઈસ્વીસન ૧૯૩૩ને વડા ધર્મગુરુ પીયુષ અગિયારમા ઈસુના ક્રૂસારોહણનાં એક

હજાર નવસો વર્ષ પૂરાં થતાં હતાં એટલે અસાધારણ મુક્તિ-વર્ષ જાહેર કર્યું હતુ. બીજી વાર ઈસ્વીસન ૧૯૬૬ને વડા ધર્મગુરુ પાઉલ છઠ્ઠાએ દ્વિતીય વેટિકન વિશ્વ પરિષદની પૂર્ણાહુતિ થઈ હતી એટલે અસાધારણ મુક્તિ-વર્ષ જાહેર કર્યું હતું. ત્રીજી વાર ઈસ્વીસન ૧૯૮૩ને વડા ધર્મગુરુ યોહાન પાઉલ બીજાએ ઈસુના ક્રૂસારોહણના એક હજાર નવસો પચાસ વર્ષ પૂરા થતા હતા એટલે અસાધારણ મુક્તિ-વર્ષ જાહેર કર્યું હતુ. ચોથી વાર ઈસ્વીસન ૨૦૧૬ને વડા ધર્મગુરુ ફ્રાન્સિસે દ્વિતીય વેટિકન વિશ્વ પરિષદની પૂર્ણાહુતિના પચાસ વર્ષ પુરાં થાય છે એટલે અસાધારણ મુક્તિ-વર્ષ જાહેર કર્યું છે.

**પ્રભુની દયા (Mercy of the Lord):** પ્રભુની દયા એક સંકેત દ્વારા દર્શાવવામાં આવે છે. પવિત્ર દ્વાર (Holy Door). રોમ સ્થિત સંત પીતર મહાદેવાલયમાં પવિત્ર દ્વાર આવેલુ છે. આ દ્વાર હંમેશા બંધ રાખવામાં આવે છે.માત્ર મુક્તિ-વર્ષમાં તેને ખુલ્લું મૂકવામાં આવે છે. ઈસ્વીસન ૨૦૧૬ના એટલે કે વર્તમાન અસાધારણ મુક્તિ-વર્ષમાં એક અસાધારણ બાબત વડા ધર્મગુરુ ફ્રાન્સિસે કરી છે. તેમણે દરેક ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષશ્રીઓને પોતાના ધર્મપ્રાંતોમાં કેટલાંક સ્થળોએ પવિત્ર દ્વાર જાહેર કરવાની પરવાનગી આપી છે. પવિત્ર દ્વાર તો મુક્તિ-વર્ષમાં પ્રભુ પ્રત્યેક માનવને મુક્તિનો એક અસાધારણ પંથ ભેટ ધરે છે તે દર્શાવતું પ્રતીક છે. પવિત્ર દ્વાર સુચવે છે કે ભક્ત દુન્યવી વાનાંઓને વગે કરી પ્રભુના સાંનિધ્યમાં પ્રવેશ કરે છે.

જુના કરારમાં ઈસ્રાયલીઓને પ્રભુની દયાનો અનુભવ અનેક પ્રસંગોએ થયો છે. એમના અનુભવને આપણો અનુભવ કરવા એક ઘટનાને વાગોળીએ. પ્રભુ ઈસ્રાયલીઓને ઈજિપ્ત દેશની ગુલામીમાંથી ઈજિપ્તવાસીઓ ઉપર દસ આફતો ઊતારીને છોડાવી લાવ્યા છે. મુક્તિ ભણીની આગેકૂચમાં રાતો સમુદ્ર આડો આવ્યો છે અને પૂંઠે ઈજિપ્ત દેશની સેના તેઓને પાછા હાંકી જવા પડી છે. પ્રભુ રાતા સમુદ્રના બે ભાગ કરી ઈસ્રાયલીઓને ઈજિપ્તની ભૂમિમાંથી ઈસ્રાયલની ભૂમિમાં સીનના રણમાં લઈ આવે છે. સીનના રણમાં ચમત્કાર કરીને અન્ન અને જળ પૂરાં પાડે છે. ઈસ્રાયલીઓને પ્રભુની દયાનો અને પ્રભુના સામર્થ્યનો અનુભવ થયો છે કે તેઓ પ્રભુનો આભાર માનવા પ્રભુ સાથે કરારબદ્ધ થાય છે. એ કરાર મુજબ સિનાઈ પર્વત આગળ ઈસ્રાયેલીઓ દસ આજ્ઞા પાળવા મંજૂર થાય છે. એ દસ આજ્ઞાઓને શબ્દબધ્ધ કરવા પ્રભુ ઈસ્રાયલીઓના નેતા મોશેને સિનાઈ પર્વત ઉપર આવવા આમંત્રણ આપે છે. મોશે ચાળીસ દિવસ અને ચાળીસ રાત સિનાઈ પર્વત ઉપર પ્રભુના સાંનિધ્યમાં ગાળે છે, દસ આજ્ઞાઓને પ્રભુ પથ્થરની બે તકતીઓ ઉપર લખી આપે છે.

મોશે જ્યારે સિનાઈ પર્વત ઉપર પ્રભુ સાથે છે ત્યારે સિનાઈ પર્વતની તળેટીમાં ઈસ્રાયલીઓ દિશાભ્રમ થાય છે. મોશેની લાંબી ગેરહાજરી ઈસ્રાયલીઓને અસલામતીમાં મૂકે છે. મોશેની હાજરીમાં જેમની સાથે કરારથી બંધાયા છે એવા પ્રભુને ઈસ્રાયલીઓ પોતાની પંચેન્દ્રિયો દ્વારા પામી શકતા નથી. તેઓના ઉપનેતા છે મોશેના મોટાભાઈ અહરોન. ઈસ્રાયલીઓ અહરોનને દબાણ કરે છે કે અહરોન તેઓને એક દેવ બનાવી આપે. અહરોન પ્રત્યેક ઈસ્રાયલીને સોનુ આપવા કહે છે. અહરોન ભેગા કરેલા એ સોનામાંથી એક મૂર્તિ બનાવે છે અને એ મૂર્તિને ઈસ્રાયલીઓના દેવ તરીકે રજૂ કરે છે. ઈસ્રાયલીઓ આ મૂર્તિ આગળ બલિ ચઢાવે છે, ખાય છે, પીવે છે, અને ઉત્સવ મનાવે છે. હજી તાજેતરમાં જ આ ઈસ્રાયલીઓએ વચન આપ્યુ છે કે પ્રભુ સિવાય તેઓનો અન્ય કોઈ દેવ નહિ હોય. પણ તેઓએ તો પોઠિયાની સોનાની મૂર્તિને દેવ જાહેર કરી છે. તેઓએ વચન આપ્યું હતુ કે તેઓ પ્રતિમા નહિ બનાવે અને તેની સેવાપૂજા નહિ કરે. પણ તેઓએ તો પ્રતિમા બનાવી છે અને તેની પૂજા કરી છે. સિનાઈ પર્વત ઉપર પ્રભુના સાંનિધ્યમાં મગ્ન મોશે તો સિનાઈ પર્વતની તળેટીમાં થઈ રહેલા કરારભંગથી તદ્દન અજ્ઞાત છે, પણ પ્રભુ નહિ. પ્રભુ મોશેને વાકેફ કરે છે, "એકદમ નીચે જા કારણ તારા લોકો જેમને તું મિસરમાંથી બહાર લઈ આવ્યો છે, તેઓ ધર્મભ્રષ્ટ થયા છે" (મહાપ્રસ્થાન ૩૨:૭). બે અસમાન પક્ષ વચ્ચેના કરારમાં નિમ્ન પક્ષ ઉચ્ચ પક્ષે ઘડી આપેલા બધા ધારાઓનો ચુસ્તપણે અમલ કરવા બંધાયેલો એ ધારાઓનો ભંગ થાય તો નિમ્ન પક્ષ મોતને હવાલે થાય. આ હકીકત એક સાંકેતિક ક્રિયા દ્વારા થાય છેઃ " મોશેએ અર્ધું લોહી એક કૂંડામાં ભર્યું અને બાકીનું અર્ધું વેદી ઉપર છાંટી દીધુ. પછી તેણે કરારની પોથી લઈ બધા લોકોને મોટેથી વાંચી સંભળાવી અને તેઓ બોલી ઊઠ્યા, "પ્રભુએ જે જે કહ્યું છે તે બધું અમે માથે ચડાવીશુ અને તે પ્રમાણે કરીશુ." પછી મોશેએ લોહી લઈને લોકો ઉપર છાંટ્યુ અને કહ્યુ, "આ પોથીમાં લખેલા વચનો પ્રમાણે પ્રભુએ તમારી સાથે કરાર કર્યો છે તેને પાકો કરનાર આ લોહી છે" " (મહાપ્રસ્થાન ૨૪:૬-૮).

પ્રભુ આખી ઈસ્રાયલી પ્રજાને તેના આ કરારભંગ બદલ નેસ્તાનાબૂદ કરવાનો નિર્ણય કરી ચુક્યા છે, જેનાથી મોશેને વાકેફ કરે છે, "તું મારી આડે આવીશ નહિઃ મારો ક્રોધ એમના ઉપર ભભૂકી ઊઠશે અને હું એમને ભસ્મ કરી નાખીશ"(મહાપ્રસ્થાન ૩૨:૧૦). પ્રભુએ બધા જ ઈસ્રાયલીઓનો નાશ કરવાનો નિર્ણય કર્યો છે તે કાયદાકીય દૃષ્ટિએ વાજબી અને ન્યાયી નિર્ણય છે. તો પછી એમાં મોશેને સંડોવવાની શી જરૂર હતી? દૂરંદેશી પ્રભુ જોઈ શક્યા કે મોશે આવો નિર્ણય સાંભળ્યા પછી શાંત નહિ રહે, તે અવશ્ય પ્રભુના ન્યાયીપણાની સામે પ્રભુની દયામાયાને ઢંઢોળશે જ. થયુ પણ એવું જ. સમગ્ર ઈસ્રાયલી સમાજને એના ઘાતક પાપથી સભાન કરી બીજે દિવસે મોશેએ પ્રભુ પાસે આવી રજૂઆત કરી, "અફસોસ, આ લોકોએ મોટું પાપ કર્યુ છે! એમણે પોતાના માટે સોનાનો દેવ બનાવ્યો છે. તું જો એમને માફ કરતો હોય તો માફ કર. નહિ તો તારા ચોપડામાંથી મારું નામ છેકી નાખ "(મહાપ્રસ્થાન ૩૨:૩૧-૩૨). પ્રભુ જાણે કે રાહ જોતા હતા કે મોશે તેમને આ રીતે પડકારે. બાકી પ્રભુને જો ઈસ્રાયલીઓને સ્વાહા કરી જ દેવા હોત તો મોશેને ઈસ્રાયલીઓની ભ્રષ્ટતાની જાણ ન કરત અને પોતાના નિર્ણયની પણ જાણ ન કરત. આવા ઘોર પાતકને પ્રભુ માફ કરે છે અને એ ઈસ્રાયલી પ્રજાને માત્ર જીવતી જ રાખતા નથી પણ વિકસાવે છે અને આજની દુનિયામાં ગણનાપાત્ર બનાવે છે.

નવા કરારમાં માનવ બનેલા પ્રભુ ઈસ્રાયલી નામ ઈસુ ધારણ કરીને ઈસ્રાયલીઓ અને બિનઈસ્રાયલીઓ મધ્યે ચમત્કારો, કાર્યો, ઉપદેશો અને શિક્ષણનાં માધ્યમો દ્વારા દયાનો સાગર લહેરાવે છે.

શાસ્ત્રીઓ એટલે કે જૂના કરારના બધા જ નિયમો જાણનાર અને ફરોશીઓ એટલે કે જૂના કરારના બધા જ નિયમો પાળનાર જ્યારે યરુશાલેમના મંદિરમાં ઈસુની સમક્ષ વ્યભિચારના નિયમ મુજબ ગુનેગાર સાબિત થયેલી એક બહેનને દેહાંતદંડ દેતાં પહેલાં ઈસુના અભિપ્રાય માટે ખડી કરે છે ત્યારે તો ઈસુની દયાની ચરમસીમાનાં દર્શન થાય છે. પાપનો તો નાશ કરવાનો જ છે પણ પાપીનો નહિ. જેને દેહાંતદંડ ફરમાવાયો છે તેનામાં જો પાપ છે તો દેહાંતદંડનો અમલ કરનાર આ પુરુષોમાં પણ પાપ છે. એ સવારે ઈસુ સમક્ષ ટોળે વળેલા સૌ પુરુષો પોતાનાં પાપોથી સભાન થાય તો તેઓ પોતાનાં પાપોનો એકરાર કરે. જેવો તેઓ પાપી હોવાનો એકરાર કરે કે ઈસુ તેમને માફ કરે અને પાપનો નાશ કરે. ઈસુ તેઓને આહ્‌વાન કરે છે, "તમારામાં જે નિષ્પાપ હોય તે એને પહેલો પથરો મારે"(યોહાન ૮:૭). ઈસુના એ આહ્‌વાનના પ્રતિસાદરૂપે બધા પુરુષો પથ્થર મારવાને બદલે ત્યાંથી ચાલ્યા જાય છે. તેઓએ નિઃશબ્દ સાંકેતિકપણે સ્વીકાર કર્યો કે તેઓ પાપી છે. ઈસુએ તેમનાં પાપોનો નાશ કર્યો. હવે, રહ્યો સવાલ વ્યભિચારનું પાપ કરી બેઠલી આ બહેનનો. ૨ કરિંથ ૫:૧૧ મુજબ "ખ્રિસ્ત પોતે નિષ્પાપ હતા," તેથી તેઓ આ બહેનને પહેલો પથ્થર મારી શક્યા હોત. બાકીનુ કામ અન્ય પુરુષોએ પૂરું કર્યું હોત. પરંતુ એ ઈસુએ તો પથ્થર મારવાને બદલે કહ્યુ, "હું પણ તને સજા નથી કરતો"(યોહાન ૮:૧૧). આ બહેનના પાપનો ઈસુ નાશ કરે છે, બહેનનો નહિ. એટલે સમજાય છે કે નિયમ અને ન્યાય પાપીનો નાશ કરે છે પરંતુ દયા અને માયા પાપનો નાશ કરે છે.

પાપીને બચાવવાની પોતાની રીતરસમ સમજાવવા ઈસુ ખોવાયેલાં નવ્વાણુ ઘેટાંને વગડામાં મૂકીને ખોવાયેલા એક ઘેટાને શોધવા નીકળી પડતા ગોવાળિયાનું દૃષ્ટાંત આપે છે. જકાતનાકામાં બેસીને રોમન સામ્રાજ્ય માટે કર ઉઘરાવનાર માથ્થી પૈસા પાછળ ખોવાઈ ગયા હતા. જૂના કરારના બધા જ નિયમોનું અક્ષરશઃ પાલન કરનાર ફરોશીઓ ખોવાયેલા ન હતા. એ ફરોશીઓને એમના નિયમપાલનમાં રહેવા દઈને ઈસુ માથ્થીને હાંક મારે છે. યરીખોના મુખ્ય જકાતદાર જાખ્ખી પણ પૈસાના પૂજક હતા. યરીખોના અન્ય શહેરીજનોને એકલા મૂકી ઈસુ જાખ્ખીને ઘરે ઉતારો કરે છે. ખોવાયેલા એકને શોધવા નીકળી પડવાની આ કાર્યપ્રણાલિના મૂળમાં એ ખોવાયેલા પ્રત્યે પ્રભુની અમાપ દયા છે. ભટકી ગયેલાનું પ્રભુ ગમ પાછા ફરવું પ્રભુના મહા આનંદનું કારણ છે. ઈસુ કબૂલે છે, "જેમને પશ્ચાતાપની જરૂર નથી એવા નવ્વાણુ પુણ્યશાળી માણસો કરતાં પશ્ચાતાપ કરનાર એક પાપી માટે સ્વર્ગમાં વધારે આનંદોત્સવ થશે" (લૂક ૧૫:૭).

ઈસુના ત્રણ વર્ષના જાહેર જીવનની પ્રત્યેક પળ અને પ્રત્યેક પ્રવૃત્તિ માનવ પ્રત્યેની દયા અને પ્રેમથી તરબતર હતી, છતાં એ જીવનનો કરુણ અંજામ આવે છે. કાલવારીની ટેકરી પર ઈસુ ઈશ્વરપુત્ર હોવાનો દાવો કરે છે એવું ઠરાવી ઈસ્રાયલી સમાજની વરિષ્ઠસભા દેહાંતદંડને પાત્ર એવો ઈશ્વરનિંદાનો ધાર્મિક ગુનો ઈસુને માથે ઠોકી બેસાડે છે. ઈસુ તો ઈશ્વરપુત્ર છે જ, પણ એ સત્ય વરિષ્ઠસભા ઈશ્વરનિંદા ગણે છે. વરિષ્ઠસભા પાસેથી દેહાંતદંડ આપવાનો અધિકાર છીનવી લેવાયો હોવાથી એ જ વરિષ્ઠસભા ભંભેરણીથી અને ચઢવણીથી ઈસ્રાયલી સમાજ દ્વારા રોમન ગવર્નર પર ઈસુને મૃત્યુદંડ લેવા દબાણ લાવે છે. ઈસુ યહુદીઓનો એટલે કે ઈસ્રાયલઓનો રાજા હોવાનો દાવો કરે છે એવો રાજકીય ગુનાનો આરોપ મૂકાય છે. ઈસુની ઊલટ તપાસને અંતે ઈસુ આ રાજકીય ગુના બાબતે નિર્દોષ માલૂમ પડતાં રોમન ગવર્નર હાથ ધોઈ નાખે છે અને જાહેર કરે છે, "આ માણસના ખૂનની બાબતમાં હું નિર્દોષ છુ. એ તમે જાણો"(માથ્થી ૨૭:૨૪). ઈસ્વીસન ૩૩માં યરુશાલેમના રાજભવનમાં રોમન ગવર્નર સમક્ષ ઉપસ્થિત આપણા પૂર્વજોએ ઈસુના મૃત્યુનો ગુનો આપણે માટે વારસારૂપે પોતા પર વહોરી લીધો, "એનું ખૂન અમારે અને અમારાં છોકરાંને માથે" (માથ્થી ૨૭:૨૫). આપણે ઈસુને ક્રૂસ પર જડાવીને મારી નાખ્યા. આપણે અપરાધીઓ છીએ. પણ ક્રૂસ પર જડાયેલા ઈસુ મૃત્યુ પામતાં પહેલાં આપણે માટે પ્રાર્થે છે, "હે પિતા આ લોકોને માફ કર; પોતે શું કરે છે એનુ એમને ભાન નથી"(લૂક ૨૩:૩૪). પ્રભુ ઈસુ આપણા પરના અકલ્પ્ય પ્રેમ અને અનન્ય દયાને કારણે આપણાં બધાં પાપોની આપણને ક્ષમા કરે છે. પ્રભુની દયાની આ તો પરાકાષ્ઠા!

ચોમાસામાં એકસામટું એટલું પાણી વરસે છે કે ચોમાસુ પૂરુ થયા પછી છલોછલ ભરાયેલાં જળાશયો આખા વર્ષ દરમિયાન પાણી પૂરુ પાડતાં રહે છે. તે જ મુજબ પ્રભુની દયાના આ વર્ષમાં ભક્તોનાં દિલ પ્રભુની દયાથી એવાં તો ઊભરાઈ ગયાં છે કે હવે પછીના પ્રત્યેક દિનમાં ભક્તને પ્રભુની દયાનો અનુભવ થતો રહેશે. પ્રભુની દયાનું વર્ષ પૂરુ થાય છે, પ્રભુની દયા પૂરી થતી નથી. ●

*— ફાધર જેમ્સ બી. ડાભી એસ.જે.*

## જાન્યુઆરી - ૨૦૧૭

**મહત્ત્વના દિવસો :**

૦૪ જાન્યુઆરી - વિશ્વ અંધદિન
૦૭ જાન્યુઆરી - માર્ગ સુરક્ષા સપ્તાહ આરંભ
૧૨ જાન્યુઆરી - રાષ્ટ્રીય યુવાદિન
૧૪ જાન્યુઆરી - મકરસંક્રાંતિ
૧૫ જાન્યુઆરી - સેનાદિન
૨૫ જાન્યુઆરી - રાષ્ટ્રીય પ્રવાસન દિન
૨૬ જાન્યુઆરી - ગણતંત્ર દિન
૨૯ જાન્યુઆરી - યુનિસેફ દિન
૩૦ જાન્યુઆરી - ગાંધી નિર્વાણદિન / શહીદ દિન

**ધર્મસભાના મહત્ત્વના દિવસો :**

૦૧ જાન્યુઆરી - ઈશજનેતા માતા મરિયમ
૦૩ જાન્યુઆરી - સંત કુરિયાકુસ ચાવરા
૦૮ જાન્યુઆરી - પ્રભુ પ્રકાશનું પર્વ
૦૯ જાન્યુઆરી - ઈસુના સ્નાનસંસ્કારનું પર્વ
૧૮ જાન્યુઆરી - ખ્રિસ્તી એકતા સપ્તાહ આરંભ
૨૫ જાન્યુઆરી - સંત પાઉલનો હૃદયપલટો
૩૧ જાન્યુઆરી - સંત જોન બોસ્કો

**૫ ડિસેમ્બર ૨૦૧૬ સુધી લેખ 'દૂત' કાર્યાલયને તેમજ કાવ્ય, કાવ્યધારાના સંપાદકને મોકલવા વિનંતી.**

પાવન હૃદય
**દૂત**

# કાવ્યધારા



## ઉજાસ નથી

પ્રેમરોગનો કોઈ ઈલાજ નથી,
મારે ક્યાં જાવું, ક્યાં ના જાવું,
કહે વૈદ્યો એની દવા જ નથી... મારે..

વનવાસમાં જઈને જોઈ લીધું,
એકાંત ઘણું માણી લીધું,
એ સાર મળ્યો, સમાધાન નથી... મારે...

હું કોને કહું, ક્યાં જઈને કહું ?
સૌ સૌનું કહે, હું મૂંઝાઈ મરું,
અંધકાર છે, ત્યાં ઉજાસ નથી...મારે...

પ્રેમના પંથે ચાલીને થાકી ગયો,
કંઈ ફકીરીની ફાકીને ફાકી ગયો,
બુરાઈ બધે ને ભલાશ નથી... મારે...

જોસેફ જમાનો બદલાયો
નેકબંદો હતો એક અટવાયો
એને રહેવાને કોઈ આવાસ નથી... મારે..

*- જોસેફ વાય. મેકવાન*

## જિંદગી

જિંદગીમાં સૂરો -બેસૂરો ઘણાં... રે!
હાસ્ય-રુદન ને વિરહ વેદના ઘણાં રે!

જિંદગી લાંબી જીવાય એવી આશા ઘણી રે!
તન મન ધન લય વિલય ઘણાં રે!

જિંદગીમાં વલોપાત ને દુઃખ-સ્નેહ ઘણાં રે!
જીવ્યા ફર્યા આમતેમ, ધૂળધાણી રે!

'દિનું' કહે : જિંદગીના રંગો મેઘધનુષ રે!
જીવો જિંદગી મન ભરીને રે!

*- દિનેશ પાટિલ 'દિનુ-રીકુંજ'*

## સ્વીકાર છે...

તારા હાથે, તારા શ્વાસે,
તારા જગતમાં હું જીવું,
કોણ રક્ષે મુજને હવે,
તુજ મારો આધાર છે !

તારું દીધેલું જળ મેં પીધા કર્યું,
તારા જ દર્શનની હવે પ્યાસ છે.
કોણે કહ્યું તું નિરંજન-નિરાકાર છે ?
હું છું તારી પ્રતિકૃતિ, તું મારો આધાર છે.

તું છે સત્ય, તું છે જીવન!
તું જ પુનરુત્થાન છે -
તને પામવાનો, 'તું' છે રસ્તો,
એનો મને કાયમથી સ્વીકાર જ છે.

*- પીટર પરમાર*

## તારા નામથી...

દિલની વાત લખાશે તારા નામથી,
શું કરું ! સૌ સારું થશે તારા નામથી !

જિંદગીના રણમાં અટવાયો છું હું,
લીલુડી વાડી ઓર ખીલશે તારા નામથી

રાહ જોઉં છું કોક દિ'આવશે એ,
જિંદગી વીતી જશે આમ તારા નામથી,

કંઈક સારુ કરી મરવાની છે ઈચ્છા,
પગલું પ્રથમ ભરાશે તારા નામથી !

ફૂલો બિછાવી તૈયાર કરશે 'શૈલેષ',
નામ કબર તણું હશે તારા નામથી !

*- શૈલેષ આઈ. પરમાર*

## રક્તદાન

(૨૪ નવેમ્બર આંતરરાષ્ટ્રીય
સ્વૈચ્છિક રક્તદાન દિન નિમિત્તે)

હોય જ રક્ત સહુના દેહમાં -
હોય જ છે એના પર અધિકાર
એનો, જેના દેહમાં એ વહે છે...

ના એના પર કોઈનો પહેરો,
ના એના પર કોઈનો હકદાવો,
ના કોઈ કાઢી લે કે ચોરી લે...
હોય એ કેવળ આપણી અંદર, સલામત !


એવા આ રક્તનું દાન, મહાદાન !
કેમકે એ આપીએ કેવળ આપણે જ
ને એ કોઈ માત્ર આપણું જ
કોઈ કનેથી લઈ ઉછીનું
એ ના દાન કરી શકાય !

જો હશે એ રક્તમાં વહેતું
કરુણાસભર સંવેદન,
જો હશે એ રક્તમાં ધબકતી માણસાઈ,
જો હશે એ રક્તમાં ઈસુના રક્તની યાદ,
તો હશે જ એ રક્ત મહામૂલું
કેમકે જેના દેહમાં એ જશે
એ આ સંપતિ પામી, ધબકશે !

કરતાં રક્તદાન
વિચારીએ, ક્ષણાર્ધે કે
કેવું છે રક્ત આપણું !

*- ડો. સિલાસ પટેલિયા*

સરનામું:



To,
**ડો. સિલાસ પટેલિયા**
**૨૦૧-સેફોન ક્લાસિક**
SBS Colony, **ડિલક્ષ ચાર રસ્તા**
**નિઝામપુરા વડોદરા - ૩૯૦૦૦૨**
**મો: ૯૩૭૭૨૬૬૮૨૮**




# તમારો પત્ર




**(૧)**

સપ્ટેમ્બર ૨૦૧૬નો ‘દૂત’નો અંક હાથમાં આવતાં જ ઉપરછલ્લી નજર મારી લીધી. પ્રથમ ‘મૂળ અને પાંખો’ આમંત્રિત તંત્રીલેખ વાંચ્યો. નવ મુદ્દાની વિસ્તૃત ચર્ચા કરતો આ લેખ એકી બેઠકે વાંચી ગયો. ખેર, અટીરામાં મોર્નિંગ વોક કરી રહેલાં વૃદ્ધ દાદાદાદી સાથેની વાતચીતનો આધાર લઈ પ્રેરક લેખ લખવા બદલ લેખિકાને અભિનંદન. ‘વંદન વેદનામૂર્તિને’ લેખમાં લેખિકાએ દુઃખોનો અર્થ સમજવા યોબનો ગ્રંથ વાંચવાનો અનુરોધ કર્યો છે. માતા મરિયમના અનેક ગુણોમાંથી એક ગુણ તે એમની અદ્‌ભુત સહનશક્તિ છે.

આગ્નેસ વાઘેલાના સવા પાનના લેખમાં એમણે યુવાનોના મેળાવડામાં થયેલી વાતચીતનો ઉલ્લેખ કર્યો આવો મેળાવડો લગભગ દરેક તાબામાં અને લગભગ દરેક ગામમાં, ફળિયામાં ભરાતો હોય છે. આ હકીકત છે. રાજેશ ક્રિશ્ચિયનના ‘કલાકારોની નજરે મધર’ લેખ વાંચ્યો. અહીં એમણે જાણીતા ભારતીય ચિત્રકાર એન.એફ. હુસૈન અને અર્વાચીન ભારતના શ્રેષ્ઠ ફોટોગ્રાફર રઘુરાયના મધર થેરેસા સાથેના સંબંધની વિગતે વાત કરી છે. બીજી એક વાત એ જાણવા મળી છે કે મધર વિશે પુસ્તક લખનારા નવીન ચાવલા અને રઘુરાય બંને બિનખ્રિસ્તી હોવા છતાં મધર વિશે એમણે પુસ્તક લખ્યું છે. પુણ્યભૂમિ ઈઝરાયેલની સફર કરવી પ્રત્યેક ખ્રિસ્તી પરિવાર માટે કેટલાક કારણસર શક્ય હોતી નથી. આવી વેળા રાજેશ ચૌહાણે ‘ક્રૂસના માર્ગે યાત્રા’ શીર્ષક હેઠળના લેખમાં, શબ્દોના સથવારે સૌ વાંચકોને પૂણ્યભૂમિ ઈઝરાયલની ઘરેબેઠાં સફર કરાવી છે. લેખકે એમની યાત્રાની અનુભૂતિને શબ્દદેહ આપી એક આધ્યાત્મિક પ્રવાસ લેખ રહ્યો છે. આપણી ધર્મસભા ૧૪ સપ્ટેમ્બરે પુનિત ક્રૂસની પ્રતિષ્ઠાનું પર્વ ઉજવે છે. આ વાત કેટલા કેથલિક લોકો જાણે છે ?

મારા ઘરે ‘દૂત’ આવ્યાને એકાદ દિવસ થયો હશે ને કરમસદથી કવિ જોન બેડા પરમારે ફોન કરીને મને પૂછ્યું કે ‘દૂત’માં પત્ર લખવા માટે જે તે પત્ર લખીએ એમાં તાબાના સભાયાજ્ઞિક કે સભાપુરોહિતના સહી સિક્કા લેવા જરૂરી છે ?

મેં જવાબ આપ્યો હતો કે ‘ના’ ‘દૂત’ વિશે વાચક અભિપ્રાય આપવા મુક્ત છે. એ અભિપ્રાય છાપવો કે ન છાપવો એનો નિર્ણય તંત્રી મંડળ કરે છે. આ અંક સરસ લાગ્યો. વાંચવાની મજા પડી ગઈ. ‘દૂત’ પરિવારને અનેક શુભેચ્છાઓ.

— અમિત ચૌહાણ (વલાસણ)

**(૨)**

સપ્ટેમ્બર ૨૦૧૬નો ‘દૂત’ વાંચતાં આમંત્રિત તંત્રીલેખ, ‘મૂળ અને પાંખો’માં કુટુમ્બને જોડતા બાળઉછેર અને તેમનામાં સંસ્કારોનું સિંચન માટે દાદાદાદીના યોગદાનનું મહત્ત્વની સમજ આપવામાં આવી છે. લેખિકાને અભિનંદન. સંત મધર થેરેસાના જુદાજુદા દૃષ્ટિકોણ(પરિપ્રેક્ષ્ય)થી લખાયેલા લેખમાં ઉત્તમ અને રસપ્રદ માહિતી આપવામાં આવી છે. ફાધર આરસ કુમારનો લેખ ધર્મસભા તરફ અંગુલીનિર્દેશ કરે છે. ધર્મસભામાં સમગ્ર સંન્યસ્ત વર્ગ, પોતાના જીવન દ્વારા ઉત્તમ નમૂનો પૂરો પાડે છે. જેથી ધર્મ પ્રત્યે ધર્મજનોની ઊંડી શ્રદ્ધા દૃઢ બને. સાક્ષરતા તરફ દૃષ્ટિ કરીએ તો ખાસ ગામડામાં સાક્ષારતાનું પ્રમાણ ઓછું છે. બાળઉછેરમાં લિંગભેદ પણ જોવા મળે છે. પુરુષપ્રધાન સમાજમાં આજે પણ સ્ત્રીઓની ઉપેક્ષા કરવામાં આવે છે. ભ્રૂણહત્યા, ગર્ભપાતનો ભોગ વધુ બાળકીઓ બને છે. પરિણામે પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓનું પ્રમાણ ઘટતું જાય છે. આવનાર સમયમાં ઘણા ગંભીર પ્રશ્નો ઊભા થશે. નોકરી વાન્છુઓ પોતાના ક્ષેત્રમાં પારંગત બનવું જ પડશે. અધકચરુ જ્ઞાન નહીં ચાલી શકે માટે યુવાનોએ જાહેર પરીક્ષાઓ માટે સજ્જતા કેળવવી જ પડશે.

‘વિશ્વ ઓઝોન ડે’નો લેખ ઘણો અસરકારક રહ્યો છે. આજે માનવે પોતાની સગવડ અને સ્વાર્થ માટે કુદરત સાથે ચેડાં કર્યા છે. જંગલો કપાયાં છે. દુર્લભ વનસ્પતિનો નાશ થઈ રહ્યો છે. વન્યપશુ, પખીઓનું અસ્તિત્વ જોખમાયું છે. કેટલીક પ્રજાતિઓ નાશ પામી છે. કેટલીક નાશના આરે છે. આજે કાગડા, સમડી, ગીધ, ચકલીઓનું પ્રમાણ ઘટી રહ્યું છે. ઉદ્યોગો વધી રહ્યા છે. તેમાંથી ફેલાતું પ્રદૂષણ વધી રહ્યું છે. પાણીના સ્તર નીચાં જઈ રહ્યાં છે. રાસાયણ યુક્ત ખાતરોથી ખેતીની જમીનને નુકસાન થયું છે. સાથે અનાજ, શાકભાજીઓ, ફળ રાસાયણ યુક્ત હોવાથી માનવ શરીરના સ્વાસ્થ્યને હાનિ થઈ રહી છે. માનવ, પર્યાવરણની જાળવણી નહીં કરે તો, પૃથ્વીના સજીવ જીવોને વધું વેઠવું પડશે. આજે પ્રત્યેક નાગરિકે પર્યાવરણને સાચવવા પોતાનું યોગદાન આપવું જ રહ્યું.

યુવાનોમાં ‘દૂત’ પ્રત્યે ઉદાસીનતા જોવા મળે છે. યુવાનો મોટી સંખ્યામાં ‘દૂત’ વાંચતા થાય તે માટે યુવાનોને માર્ગદર્શન મળે, તેવા લેખને ‘દૂત’માં સ્થાન મળે તો સારું. એક યુવા વિભાગ શરૂ કરી શકાય તો ‘દૂત’ વધુ બળવંત થશે.

— પરમાર ત્રિભોવનભાઈ આર. (વડોદરા)

(૩)

માહે સપ્ટેમ્બર ૨૦૧૬ના પાવન હૃદય 'દૂત' ને હાથમાં લેતાં જ તેના મુખપૃષ્ઠે સીધી માનવ મુખાકૃતિ ન હોવા જે વિશ્વ વંદનીય મધર થેરેસાનું જે આર્ટ ચિત્ર પ્રકાશિત છે. તે જોતાં જ દિલની સલામી અર્પાઈ જાય. ચિત્રકાર એન્થોની ભાઈને પણ સલામ.

'દૂત' વાંચવાની શરૂઆત કરતા મધર થેરેસા પર લખાયેલ લેખોએ દિલ જીતી લીધું. શ્રી રાજેશ ક્રિશ્ચિયનનો 'કલાકારોની નજરે મધર' એમાં ચિત્રકાર મકબૂલ હુસૈનનું ૧૯૭૯માં દિલ્હી પાલમ એરપોર્ટ પર પણ દિવ્ય વિભૂતિના અનુભવની તે ક્ષણ અદ્ભુત હતી જે પાછળથી મિત્રાચારીના સેતુઓ દોરી જાય છે.

ફોટોગ્રાફર રઘુરાય-જેમણે મધર અને સાથી સિસ્ટરની પ્રેયર ફેલોશીપના ફોટાની વાત, સ્વિટ્ઝરલેન્ડના ધનાઢ્ય માણસની વાત ને રઘુરાય સર પર મધર અને તેમની મિનિસ્ટ્રીએ કરેલી ઘેરી છાપે રઘુરાયજી કહે છે. વ્યવસ્થાના માળખે સંતનું બિરુદ દેવા ચકાસણીએ વર્ષો લાગે પણ તેમનું કહેવું, 'હમ તો શુરુસે હી કહ રહે હે થે કિ મધર સંત હૈ,' આ છે સેવાની ઊંડી ગેહરી છાપ. ને કહેવા દો વિશ્વ ફલકે લોકોએ તો ૫-૯-૯૭ થી સંતથી વધાવી લીધાં છે. અનોખો લેખ છે.

તો બકુલભાઈ મેકવાનનો લેખ 'મા તુઝે સલામ' એમાં ક્વોટેશનો દિલ જકડી જાય તેવાં છે. (૧) એ વિદેશી નારી. દેહ પર ગોરી ચામડીનું આવરણ નો હોત તો ગ્રામ્ય પરિવેશમાં સજ્જ અદ્દલ ફળિયાનાં વિહરતાં દાદીમા હોત! (૨) 'દીકરી એટલે સાપનો ભારો' એ કહેવતને ભૌગોલિક સીમાઓ નડતી નથી. (૩) અત્યારના બિનસરકારી સંગઠનો જેવું ગ્લેમરસ અને સેટેજોનિક જરાય નહીં, એવી સેવા એ મધર થેરેસા જ કરી શકે.

ટ્રિનીટી જેમ ત્રીજો લેખ એટલે  સુશ્રી સ્મિતાબેન બકુલ મેકવાનનો 'દીન દુખિયાંનાં બેલી' નારી હૃદયે લેખ સંપન્ન થયો છે. બે ક્વોટેશન જમણા ક્ષેપ અને ડાબા ક્ષેપ જેવાં તેઓની કૂખે એક પણ બાળક અવતર્યું  ન હોવા છતાં કરોડો દુખિયારાઓનાં તો જાણે સગાં જનેતા બની રહ્યાં હતાં. સેકડો અભાગિયા જીવો માટે મધર માત્રને માત્ર વહાલી મા જ હતાં. 'ભારતરત્ન કે' નોબેલ પ્રાઈઝ વિનર એવાં મહાન નારી હતાં. આ ટેલેન્ટેડ લેખકોને પાવન હૃદય 'દૂત'ના તંત્રી મંડળને ઝાઝા ઝોહર

*– બ્રધર સેમ્યુલ ક્રિશ્ચિયન (ગોધરા)*

(૪)

માહે ઓક્ટોબર- ૨૦૧૬ના પાવન હૃદય 'દૂત'નું વાંચન અને મનન કર્યું. 'દૂત'માં લખાયેલ ઘણાખરા લેખો મહદ્ અંશે પ્રેરણાદાયી જણાયા. મુખપૃષ્ઠ પર કંડારેલ 'લગ્ન અને પરિવાર - એક જ અધ્યાત્મયાત્રાના બે પડાવો' ચિત્ર-ખ્રિસ્તી લગ્ન પ્રેમની હાકલ છે. જે અમર્યાદિત અને અસીમ છે. જે ખ્રિસ્તની કૃપાથી સ્વચ્છિક અનુમોદન દ્વારા લગ્ન સંસ્કારની સ્થાપના કરે છે. જે ગંભીર-પવિત્ર અને અતૂટ બંધન છે. તેવો મહિમા દર્શાવતા- પરમ પૂજ્ય વડાધર્મગુરુ ફ્રાન્સિસની સંવેદના દર્શાવતું પ્રતીક પાવન હૃદય 'દૂત'ના મુખપૃષ્ઠ પર દર્શાવ્યું છે. જે સમયોચિત હોતાં સૌને પ્રેરણાસ્રોત બની રહેશે તે નિર્વિવાદ હકીકત બની રહેશે.

લેખન સામગ્રીમાં તંત્રીશ્રીએ લખેલ લેખ 'આભના ટેકા' - માં સઉદાહરણ દર્શાવેલ વિગતો સૌ કોઈને પ્રેરણાદાયી બનશે. આજના અશાંત વાતાવરણમાં કોમી એકતાના અમલ માટે આશીર્વાદરૂપ બની રહેશે. તંત્રીશ્રીને અભિનંદન. ટચૂકડો પણ તાકાતવાન લેખ 'સત્યની શોધમાં' રજૂ થયેલ. સ્વ અનુભવોની માહિતી દર્શાવતો લેખ-હાકલ માટે પ્રેરણારૂપ બની રહેશે. 'દિવ્ય દયાની સેક્રેટરી સંત ફોસ્ટીનાં' લેખિકા સિસ્ટર પ્રિસ્સીલા એલ.ડી. એ સંત ફોસ્ટીનાના અન્ય ભલા માટે દુઃખ સહન કરવાની ઝીણવટભરી તેમને ખૂબ જ કઠિન માહિતી ધર્મજનો સમક્ષ રજૂ કરી, જે સૌ ધર્મજનોને પ્રેરણાસ્રોત બની રહેશે. માહિતીસભર લેખ આપવા બદલ સિસ્ટર પ્રિસ્સીલાને અભિનંદન. 'દશાંશ સર્વોત્તમ રોકાણ' અને 'આપવાનો નિયમ' બને લેખના વિચારો અન્યોન્ય પૂરક હોતાં ધર્મજનો માટે પડકારરૂપ તો છે જ પણ આંશિક અમલમાં મૂકાય તો બને લેખકોની કલમને સરળતા મળેલી ગણાશે. બંને લેખકોને અભિનંદન.

'યુવાવર્ગ અને આત્મહત્યા', લેખ હાલના સંજોગોમાં બનતા આત્મહત્યાના બનાવો માટે સંવેદનશીલ હોતાં, પ્રત્યેક સમાજ માટે સાચી દિશામાં લઈ જનાર, ખૂબ જ સારી છણાવટ કરેલ લેખ સૌ કોઈને અસરકારક બની રહેશે. હજી પણ મોડું થયું નથી. 'જાગ્યા ત્યારથી સવાર' એ ન્યાયે પ્રભુએ દીધેલ જીવનને સાચવી જાણીએ તો સ્તુત્ય પ્રશંસનીય પહેલ ગણાશે. શ્રીમતી અન્નપૂર્ણા મેકવાનને અભિનંદન.

'પૂણ્યભૂમિનાં દર્શન' - લેખ માહિતીસભર જણાયો. પ્રત્યેક સ્થળની છણાવટભરી માહિતી આપી જે અગાઉ પુણ્યભૂમિનાં દર્શન કરવા ગયેલા યાત્રાળુઓના સ્મૃતિપટ - સ્મરણીય બની રહેશે તેમજ જો કોઈને પુણ્યભૂમિના દર્શને જવાની ઈચ્છા હશે તેને પ્રેરણાદાયી બની રહેશે. માહિતીસભર લેખ લખવા બદલ શ્રી રમણભાઈ મેકવાનને અભિનંદન.

*– શાંતિલાલ મેકવાન (બોચાસણ)*

(૫)

પાવન હૃદય 'દૂત' ઓક્ટોબર - ૨૦૧૬ નો અંક મળ્યો. પ્રથમ તો અંકને અથ્થી ઈતિ નજર ફેરવી. મુખપૃષ્ઠ અને સૂત્રવિધાન નિહાળી, વડાધર્મગુરુના લગ્નસંસ્કાર, અંગેના સંદેશ વાંચતા જ વિચારમાં સરી પડ્યો! આજના યુવાનની લગ્ન પ્રત્યેની અપેક્ષા કંઈક જુદી જ હોય એમ નથી લાગતું ? લગ્ન એટલે શું? અંગત જરૂરિયાત, સામાજિક સંસ્થા કે પ્રભુની ઈચ્છા ! લગ્ન અંગેના મનઘડંત વિચારોને કારણે જ સમાજનાં ઘણાં લગ્નસુખથી વંચિત રહી  ગયાં છે! લગ્ન પરિવારનું અભિન્ન અંગ છે એટલે જ 'લગ્ન અને પરિવાર' પરિવાર જીવનના અધ્યાત્મયાત્રાના બે પડાવ તરીકે ઓળખવામાં આવ્યા છે. સહેજ વધારે પરિપક્વતા કેળવવામાં આવે તો ઘણાં લગ્નજીવન બચાવી શકાય. સંયુક્ત

કુટુંબની વિભાવના ભાગતાં વિભક્ત કુટુંબમાં દરેક પોતાના વિકાસ, સુખ માટે વધારે પડતા મહત્વકાંક્ષી હોય છે. ગુજરાતના મૂકસેવક પૂજ્ય રવિશંકર મહારાજે યોગ્ય જ કહ્યું છે : 'આજનો પુરુષાર્થ, આવતી કાલનું ભાગ્ય છે. હાથીને અંકુશ, ઘોડાને લગામ, બળદને નાથ અને ઇન્દ્રિયોને સંયમ તથા પરિવારને મર્યાદા હોવી જોઇએ. '

મહાત્મા ગાંધીએ યથાર્થ કહ્યુ છે: 'જેના હૃદયમાં સત્ય, અહિંસા અને પ્રેમ સેવાની જવલંત જ્યોત હમેશાં જલતી હોય, તેઓ બીજાના હૃદયમાં અવશ્ય સ્થાન પામી શકે છે. પરિવારનું હાર્દ જ પ્રેમ છે. પરસ્પરની રિક્તતાને જાણીને સંઘમાં રહેવું એનું નામ પરિવાર. ભગવાન ઇસુના જીવનકાર્યના નિચોડરૂપ પ્રેમની સંકલન્પના, સંત પાઉલે (૧ કરિંથ : ૧૩) સ્પષ્ટ કરી છે. 'દૂત' પરિસંવાદના ફળસ્વરૂપે વ્યક્ત મુખપૃષ્ઠની બાહ્ય અને આંતરિક સુંદરતા સૌને સ્પર્શે એ જ અપેક્ષા. *— રાજબંધુ, જયંત એમ. પરમાર (વડોદરા)*

**(૬)**

'દૂત'ને વાંચકોના, ઘણા પત્રો મળતા હશે અને મળવા જ જોઇએ. જેટલા વધારે પત્રો મળે એટલી 'દૂત'ની ચાહત વધારે. જોકે પૃષ્ઠમર્યાદા આડે, બધા જ પત્ર, 'દૂત'માં સામેલ થઈ ના શકે. 'દૂત'ને લાયક અને સમાજને લાભદાયી પત્રો જ તંત્રીશ્રી 'દૂત'માં મૂકે છે. 'દૂત'ને મળતા પત્રોમાં, મોટાભાગે 'દૂત'ના તંત્રીશ્રીની અને જેતે કવિ-લેખકની પ્રશસ્તિ વાંચવા મળે છે અને આમાં કશું ખોટુંય નથી. એક 'દૂત' તૈયાર કરતાં કે એક કવિતા-લેખ તૈયાર કરવા કેટલીક માનસિક અને શારીરિક કસરત કરવી પડે છે. એની 'દૂત'ને તૈયાર કરતા તંત્રીશ્રી અને લેખક-કવિને ખબર છે. આથી 'દૂત' માં પ્રત્યક્ષ પરોક્ષ હિસ્સેદાર બધાં યશનાં હકદાર છે.

પણ સાથે હમણાંથી ક્ષણિક આવેશમાં આવી. જિંદગી ટૂંકાવી નાખવાના બનાવ વિશેષ બને છે. આવા યુવાનોની દુષ્પ્રેરણા અન્ય યુવાનો ના લે. વાતનું વતેસર કરી નાખી દેવા જેવી બાબતને 'બાવચીનો બાવળિયો બનાવી' લગ્નજીવન ના તૂટે અને વ્યસનોના રવાડે ચઢી આપણું યુવાધન, બરબાદ થતાં અટકે. એવા પ્રેરણાસભર પત્રોની આજે તાતી જરૂર છે. 'દૂત'માં જે પત્રલેખક મિત્રો નિયમિત પત્ર લખે છે, એમને ખાસ વિનંતી.

ઓક્ટોબર : ૧૬માં આવી, બાબતોને આવરી લેતા બે પત્રો તરફ ખાસ ધ્યાન ગયું. એક પત્ર અ.સૌ.ચિ. અન્નપૂર્ણા મેકવાનનો, જેમણે દિવસે દિવસે નખ્ખોદ વળતા પર્યાવરણની વાત કરી. આવનાર પેઢીની એમના પત્રમાં ચિંતા વ્યક્ત કરી છે. બીજો પત્ર માનનીય ફિલીપ ક્લાર્ક સાહેબનો છે, જેમણે તૂટતાં લગ્ન સંબંધ તરફ અંગૂલી નિર્દેશ કરી તૂટતાં લગ્ન બચાવાના ઉપાય સૂચવ્યા છે. આ બંને પત્ર લેખકોને હૃદયનાં અભિનંદન !

*— રમણ મેકવાન (ગામડી-આણંદ)*

**શુભેચ્છાઃ**

**"અન્યને પ્રભુનાં વરદાન તરીકે હુ ઓળખું અને સ્વીકારું ત્યારે જ સંવાદ જન્મે છે. તેઓ પાસે મને કંઈક સારું કહેવા યોગ્ય છે." — વડાધર્મગુરુ ફ્રાન્સિસ**



**વિક્રમસવંત ૨૦૭૩ના નૂતનવર્ષે આપણાં હિન્દુ ભાઈબહેનોને હાર્દિક શુભકામના. નવું વર્ષ સુખદાયી નીવડે એજ 'દૂત' પરિવારની પ્રાર્થના. — ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ**

## ચાલો 'દૂત' રવિવાર ઉજવીએ...
### ૨૭મી નવેમ્બર ૨૦૧૬ રવિવાર

છેલ્લાં કેટલાંક વર્ષથી સ્થાનિક ધર્મવિભાગમાં આગમનઋતુનો પહેલો રવિવાર 'દૂત' રવિવાર તરીકે ઉજવીએ છીએ...

આ વર્ષે પણ ઉજવીએ .... કેવી રીતે ઉજવીએ ?

- 'દૂત' નું નિયમિત વાંચન કરીએ, બીજાને વાંચવાની પ્રેરણા આપીએ..
- 'દૂત' ના ગ્રાહક બનીએ, બીજાને બનાવીએ.
- જન્મદિવસ કે લગ્નતિથિ પ્રસંગે 'દૂત' નું લવાજમ ભરી, એક વર્ષ કે પાંચ વર્ષ માટે, સ્વજનોને ભેટ આપીએ.
- ધર્મવિભાગમાં બનતી ઘટનાઓની સમાચાર નોંધ 'દૂત'માં 'પંખીની પાંખે' વિભાગમાં મોકલીએ.
- સારામાઠા પ્રંસગે 'દૂત'ને યાદ કરીએ.
- 'દૂત' ના વાહકો-ચાહકો માટે નિયમિત પ્રાર્થના કરીએ.

*'દૂત' રવિવારની ઉજવણી માટે આપનો આભાર.*

**ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ**

## 'દૂત' સ્વયંસેવક વાર્ષિક સંમેલન

**૪ ડિસેમ્બર ૨૦૧૬ રવિવાર**

**સ્થળ : કમ્યુનિટી હોલ, સેંટ ઝેવિયર્સ ચર્ચ, ગામડી-આણંદ**

| | |
|---|---|
| આગમન / રજિસ્ટ્રેશન, ચા-નાસ્તો | સવારે ૧૦:૦૦ કલાકે |
| સંમેલન આરંભ (પ્રાર્થના, આવકાર) | સવારે ૧૦:૩૦ કલાકે |
| 'દૂત' કાર્ય, વિચારોની આપ-લે | સવારે ૧૦:૪૫ કલાકે |
| પુરસ્કાર અર્પણ / પ્રેમ ભેટ | સવારે ૧૧:૩૦ કલાકે |
| ખ્રિસ્તયજ્ઞ-ફાધર ડો. વિનાયક જાદવ | સવારે ૧૧:૪૫ કલાકે |
| સ્નેહભોજન / વિદાય | બપોરે ૦૧:૦૦ કલાકે |

**નિમંત્રકઃ ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ**

**નોંધઃ** વર્ષ ૨૦૧૫ તેમજ વર્ષ ૨૦૧૬માં ૧૦ થી વધારે ગ્રાહકસંખ્યાની નોંધણી કરી હોય તેવા 'દૂત' સ્વયંસેવકોને, 'દૂત' સ્વયંસેવક વાર્ષિક સંમેલનમાં મોટા આનંદથી આવકારીએ છીએ.

# વિશ્વ માટે યોગ અને સહયોગ

## (નવેમ્બર મહિનાનો પ્રાર્થના હેતુ)

✍ બ્રધર જસ્ટીન ફિલિપ (સેવાસી)

**શરણાર્થીઓને આશરો આપતા દેશો :** વિસ્થાપિતો અને શરણાર્થીઓ જે દેશોમાં આશ્રય મેળવે છે તેવા દેશો પોતાના પ્રયાસોમાં એકતા અને પ્રેમ પ્રગટાવતો સહયોગ મેળવે.

**પુરોહિતો અને ધર્મજનો વચ્ચે સહયોગ :** ધર્મપ્રાંતમાં પુરોહિતો અને ધર્મજનો સમાજ-જનોની સેવા માટે હતાશ થયા વગર પરસ્પરનાં સહયોગમાં કાર્ય કરે.

દયા વર્ષના અંતે વડાધર્મગુરુ ફ્રાન્સિસ પુરોહિતો અને ધર્મજનોને વિનંતી કરે છે કે તેઓ પ્રેષિતિક કામની સફળતામાં એકબીજાને સહી લે અને સહકાર આપે.

**સહકાર કેમ?:** આજે આપણા સમાજમાં લોકો આધુનિક વૈજ્ઞાનિકયંત્રોનો ખૂબ જ ઉપયોગ કરે છે અને હજી આપણે વૈજ્ઞાનિક, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં પ્રગતિ કરી રહ્યાં છીએ. આમ તમામ ક્ષેત્રોમાં પ્રગતિ હોવા છતાં માનવમન સંકોચાતાં જાય છે. સામાજિક સંબંધો ઓછા થઈ રહ્યાં છે. ખ્રિસ્તીઓમાં પણ ઈસુના મૂલ્યો ઘટી રહ્યાં છે. આજે દરેક સમાજમાં પરિવારો તૂટી રહ્યાં છે. બંધનોમાં તિરાડો વધી રહી છે. આમ, સહકાર ન હોવાથી દુનિયામાં અનેક સમસ્યાઓ ઊભી થઈ છે. ધર્મસભા કહે છે, કે આપણે સૌ પ્રભુ ઈસુમાં એક છીએ. "હવે કોઈ યહુદી નથી કે બિનયહુદી નથી, કોઈ ગુલામ નથી કે કોઈ મુક્ત નથી, કોઈ પુરુષ નથી કે કોઈ સ્ત્રી નથી, કારણ તમે બધાં ઈસુખ્રિસ્ત દ્વારા એક થઈ ગયા છો. (ગલાતિયા ૩:૨૮) પણ તમે તો પસંદ કરેલી જાતિ છો. રાજરાજેશ્વરના પુરોહિતો છો, પવિત્ર કોમ છો. ઈશ્વરે તમને પોતાની ખાસ પ્રજા ગણ્યા છે. જેથી તમને અંધકારમાંથી હાકલ કરીને પોતાના અદ્‌ભુત પ્રકાશમાં લાવનારના તમે ગુણગાન કરી શકો." (૧ પીતર ૨: ૯)

આ ખ્રિસ્તીઓની એકતાને દર્શાવે છે. ખ્રિસ્તીઓ તરીકે આપણે એક હૃદય અને એક મનથી જીવનમાં આગળ ધપવું જોઈએ. આપણા જીવન દ્વારા લોકો પ્રભુ ઈસુને ઓળખતા થવા જોઈએ. પ્રભુ ઈસુ કહે છે, "તમારો પ્રકાશ બીજાઓ આગળ પડવા દો. તેઓ તમારો પ્રકાશ જોઈને પરમપિતાની સ્તુતિ કરતાં થાય." આપણે આ પૃથ્વી પર પ્રેષિતિક કામ કરવું હોય તો ધર્મજનો અને ધર્મગુરુઓ વચ્ચે એકતા અને સહકાર હોવા જોઈએ. " જેમ પિતા મારામાં વસે છે અને હું તમારામાં વસુ છું, તેમ તેઓ પણ આપણામાં વસે છે. " જેથી જગતને ખાતરી થાય કે તેમણે જ મને મોકલ્યો છે.

**પ્રેષિતિક કામમાં સહકાર:** પ્રભુ ઈસુ ખ્રિસ્તે શુભસંદેશની ઘોષણા માટે બાર શિષ્યોની પસંદગી કરી હતી અને આપણે ખ્રિસ્તીઓ આ પ્રેષિતોની મહેનતનું ફળ છીએ. આજે શુભસંદેશની ઘોષણા કરવી આપણી ફરજ છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં સૌ માનવો એકસમાન છે, અહીં કોઈ ઊંચ નથી કે કોઈ નીચ નથી. ધર્મસભામાં ધર્મગુરુઓ ધર્મજનોના આધ્યાત્મિક પાલનપોષણ માટે નિયુક્ત કરેલા છે. અને ધર્મજનોએ પણ પુરોહિતોને સહકાર આપીને પ્રેષિત કામમાં સક્રિય ભાગ લેવો જોઈએ. ધર્મજનો અને ધર્મગુરુ એકબીજાને સહયોગ અને સહકાર આપીને એકબીજાનું માન અને સન્માન જાળવીને પ્રભુને પ્રીતિપાત્ર એવી એક ધર્મ મંડળી ઊભી કરવી જોઈએ.

**સહકારનાં સારાં પરિણામ:** સહકારથી ઘણા ફાયદાઓ થાય છે. સહકારથી ધર્મગુરુઓ વધુ સફળતા પ્રાપ્ત કરી શકે છે, ધર્મજનોના સહકારથી ધર્મગુરુઓ શુભસંદેશને સરળતાથી સમજાવી શકે છે. સંસ્કારોને નિષ્ઠાપૂર્વક નિભાવી શકે છે. ધર્મજનો એક પરિવારની જેમ હળીમળી રહીને એકબીજાને મદદરૂપ બને અને સૌનું કલ્યાણ કરે ત્યારે જ એક તાબો બીજા તાબાઓ માટે એક નમૂનારૂપ બની શકે છે. સર્વેક્ષણ મુજબ દર વર્ષે ૫૯.૫ કરોડ લોકો સ્થળાંતર કરી રહ્યા છે. આમ મોટી સંખ્યામાં સ્થળાંતર થવાના ઘણા કારણો છે. દા.ત. ગરીબાઈ, આતંકવાદ, યુદ્ધો, વાતાવરણમાં થતા ફેરફાર, કુદરતી આફતો વગેરે... આમ લોકો પોતાના વતનમાં રહેવા અને જીવન ગુજારવામાં મુશ્કેલી અનુભવે ત્યારે અન્ય દેશમાં સહારો મેળવવા માટે સ્થળાંતર કરે છે. જ્યારે આ લોકોને જે તે દેશના લોકો સ્વીકારતા નથી ત્યારે આવી વ્યક્તિઓને ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આપણે સમાચારમાં શરણાર્થીઓ પ્રત્યે વડાધર્મગુરુ ફ્રાન્સિસના વિચારો વિશે વાંચ્યું હશે. વડાધર્મગુરુ ફ્રાન્સિસે બાર સિરિયન મુસ્લિમ શરણાર્થીઓને ઈટાલીમાં આશરો આપીને સૌ માટે એક નમૂનો બતાવ્યો છે.

દરેક ખ્રિસ્તીને આગ્રહ કરે છે જેમ પ્રભુ ઈસુ ખ્રિસ્તે પાપીઓ, જકાતદારો, વિધર્મીઓ અને પીડિત લોકો, સૌને પોતાની સભામાં આશરો આપ્યો હતો તેમ આપણે પણ જરૂરિયાતમંદ લોકોને આશરો આપીએ. આજે જે દેશો શરણાર્થીઓને આશરો આપી રહ્યા છે તેઓને આધ્યાત્મિક અને ભૌતિક મદદની જરૂર છે. આપણે સૌ એક જ પિતાના સંતાનો છીએ તેથી આપણે સૌ ભાઈબહેનો છીએ. જે કોઈ એમ કહેતો હોય કે હું ઈશ્વર પ્રત્યે પ્રેમ રાખું છું અને પોતાના ભાઈ પ્રત્યે દ્વેષ રાખતો હોય તો તે જૂઠું બોલે છે. પોતાની આંખ સામે છે એવા ભાઈ ઉપર પ્રેમ રાખતો નથી તે જેને પોતે જોયો નથી એવા ઈસુ પ્રત્યે શી રીતે પ્રેમ રાખી શકવાનો હતો ? દયાના આ વર્ષમાં આપણે વડાધર્મગુરુ ફ્રાન્સિસના હેતુઓ માટે પ્રાર્થના કરીએ અને જરૂરિયામંદ લોકોને મદદરૂપ બની ઈશ્વરની દયા વરસાવીને પ્રેષિતિક કાર્યને આગળ વધારીએ. ●

# શ્રદ્ધા

✍ લોરેન્સ જે. રાઠોડ (એમ.એ.)

*ખંભોળજ*

રાતના ચોથા પહોરે ઈસુ સરોવર ઉપર ચાલતા ચાલતા શિષ્યો પાસે આવી પહોંચ્યા. તેમને સરોવર ઉપર ચાલતા જોઈને શિષ્યો ભયભીત થઈ ગયા અને બીકના માર્યા બૂમ પાડી ઊઠ્યા, “ભૂત, ભૂત!” પણ તે જ ક્ષણે ઈસુએ તેમને કહ્યું, “હિંમત રાખો, એ તો હું છું, બીશો નહિ.” ત્યારે પીતરે સામેથી કહ્યું, “પ્રભુ! આપ હો તો મને પાણી ઉપર આપની પાસે આવવાની આજ્ઞા કરો.” ઈસુએ કહ્યું, “આવ.” એટલે પીતર હોડીમાંથી ઊતર્યો અને પાણી ઉપર ચાલતો ઈસુ પાસે જવા લાગ્યો. પણ પવનને તોફાને ચડેલો જોઈને તે બી ગયો, અને ડૂબવા લાગતાં બૂમ પાડી ઊઠ્યો, “પ્રભુ, બચાવો, બચાવો!” તરત જ ઈસુએ હાથ લાંબો કરીને તેને પકડી લીધો અને કહ્યું, “અરે, અશ્રદ્ધાળુ! તેં શંકા કેમ આણી?” પછી તેઓ બંને હોડીમાં ચડી ગયા, એટલે પવન પડી ગયો. (માથ્થી ૧૪:૨૫-૩૨)

પ્રત્યેક ધર્મનો-સંપ્રદાયનો મૂળભૂત પાયો કેવળ શ્રદ્ધા છે, પણ એક ખ્રિસ્તી તરીકે ત્રણ દિવ્ય ગુણ - શ્રદ્ધા, આશા અને પ્રેમ, આપણા જીવનની તરાહ હોવા જ જોઈએ. ઈસુએ પોતાના જાહેર જીવન દરમ્યાન, લોકોની શ્રદ્ધા બળવત્તર બને તે માટે કેટલાં ઉદાહરણ આપ્યાં છે? કેટલા ચમત્કાર કર્યા છે? શુભસંદેશનું આપણે નિત્ય વાંચન કરીએ છીએ, સાંભળીએ છીએ પણ, એ પછી શું ? શ્રદ્ધામાં ઓટ આવવાનાં અનેક કારણ હોઈ શકે. ભૌતિક કે દુન્યવી બાબતો પર વધારે પડતો ઝોક, આપણી શ્રદ્ધાની ઈમારતને લૂણો લગાડે છે. સ્પર્ધાત્મક વિશ્વમાં વિજેતા બનવાનો તરવરાટ-થનગનાટ વ્યાજબી છે. પણ જીવન મૂલ્યો સાથે બાંધછોડ કરીને નહીં ! વહેલી સવારથી જ વધારાના વર્ગમાં બલિનો બકરો બનતો વિદ્યાર્થી કે નોકરી ધંધાની ચિંતામાં રોજ ચિતા પર ચડતો માનવી, પ્રભુ સ્મરણ માટે સમય ફાળવી શકે છે ખરો ? ઘરમાં સારા-માઠા પ્રસંગ આવે ત્યારે દેવળમાં જવાનું બંધ! અરે, ત્યારે તો પ્રભુના આશ્રયની ખાસ જરૂર હોય છે! સાંજની પ્રાર્થનાનું સ્થાન, એ જ સમયે રજૂ થતી સીરિયલને મળ્યું છે! પછી સમય ક્યાંથી હોય. મોબાઈલની માયાજાળમાં ફસાયેલો માણસ ચીખ પાડી ઉઠે છે, પેલા કવિની પંક્તિની જેમ :

‘હું જ મને શોધી રહ્યો છું, લાખ પડછાયા મહીં,
હું જ ખોવાય ગયો, મેં રચી જાળ મહીં.’

પ્રજાવત્સલ રાજા રોજબરોજ ઈશ્વરની ભક્તિ કરે. એક દિવસ ઈશ્વર પ્રસન્ન થયા અને વરદાન માંગવા કહ્યું : રાજાએ પોતાની પ્રજાને ઈશ્વર દર્શન આપે એવું વરદાન માંગ્યું. ઈશ્વરે - પ્રજાને દર્શન આપવા સમય અને સ્થળ જણાવ્યાં.

રાજાએ રાજ્યમાં ઢંઢોરો પિટાવ્યો અને પ્રજાને ઈશ્વરનાં દર્શન કરવા આદેશ આપ્યો. નિશ્ચિત દિવસે રાજા અને પ્રજા સૌ એ પર્વતની ટોચ પર પ્રયાણ કરવા લાગ્યાં. પર્વતની તળેટીમાં લોખંડનો ઢગલો ભાળી કેટલાક લોખંડ લઈ પાછા વળ્યા. એમ ક્રમશઃ જેમ જેમ પર્વત પર ચડતા જાય તેમતેમ તાબું, પિત્તળ, ચાંદી અને છેવટે સોનાનો ઢગલો પ્રજાએ જોયો અને પ્રજા ભાવવિભોર બની જે તે દ્રવ્ય લઈ પાછી ફરી, રાજા એકલા જ ઈશ્વરના દર્શનાર્થે પર્વતની ટોચ પર પહોંચ્યા હતા. મોટાભાગે દુન્યવી પ્રલોભન જ આપણને ઈશ્વરનાં દર્શનથી વંચિત રાખે છે.

ઈશ્વરનાં વરદાન અને તેની હાકલ અફર છે. તેનામાં જ સૌની ઉત્પત્તિ. તેને લીધે જ સૌની સ્થિતિ અને તેના પ્રત્યે જ સૌની ગતિ છે. તેનો મહિમા યુગોયુગ થતો રહો ! તથાસ્તુ. ●


## લગ્ન વિષયક

*ગુજરાતી કેથોલિક યુવતી, ૨૯ વર્ષ, ઊંચાઈ ૫’૫’’, M.Com. હાલમાં private નોકરી ધરાવતી સુંદર યુવતી માટે દેખાવડા, સારી નોકરી કરતા યુવકોના વાલીઓએ સંપર્ક કરવો.
જાહેરાત યોગ્ય પસંદગી માટે છે.

**મો. ૯૯૨૫૧ ૬૮૯૦૪**

* * *

*ગુજરાતી કેથોલિક યુવક, ઉંમર ૨૭ વર્ષ, ઊંચાઈ ૫’૧૦’’, માસ્ટર ઈન કમ્પ્યુટર સાયન્સ નેટવર્ક એન્જિનિયર, કેલિફોર્નિયા U.S.A.માં નોકરી H1B વિઝા માટે મેડીકલ અથવા આઈ.ટી. ફિલ્ડની યોગ્ય જીવનસાથી યુવતી. U.S.A.માં સ્થાયી થયેલ અથવા સ્થાયી થવા ઈચ્છુક યુવતીના વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૯૯૭૮૪ ૪૫૦૮૦**

## Wanted Teacher

1) Maths / Science Teacher for secondary section :
M.Sc., B.Ed. Preferably with teaching experience.
Application invited for the above from:
a) Females only b) Those with fluency in English
Send your application with complete bio-data within a week.
**To, The Principal, St. Ursula School, N.H.No.-8, Dabhan-387 320 Ta–Nadiad, Dist : Kheda Ph : 0268-2581819**



## “વેલી’સ બ્લિસ”

**પ્રિન્સ મેકવાન (ફેશન ડિઝાઈનર)**
**લગ્નની મેક્ષી કમ્યુનિયન ફ્રોક,**
**ફોટોગ્રાફી - વિડિયોગ્રાફી તથા DJ**
દરેક જગ્યાએ જોયા બાદ છેલ્લે મુલાકાત લો
અને તમારા બજેટમાં બુક કરાવો.
૮-એ, નવજીવન કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧
**મો.: ૮૦૦૦૯ ૫૭૦૮૦ / ૯૭૨૫૨ ૩૯૨૯૨**

# પ્રભુની દયાના અસાધારણ મુક્તિ-વર્ષની પૂર્ણાહુતિ
## નિમિત્તે ગુજરાત વિદ્યાદીપ સેવાસીના ધર્મબંધુઓની લેખમાળા

### ભલો શમરૂની

એક ભાઈ પોતાની કાર હંકારતા હતા. સડક પર દુર દુર તેમને કંઈક હાલતું દેખાયું. થોડી નજીક આવતાં તેઓ પામી શક્યા કે એ તો કોઈ વૃધ્ધ છે. એકદમ નજીક આવતાં તે ભાઈ ઓળખી શક્યા કે એ વૃધ્ધ તો તેમના પિતા છે. જેવી આ ભાઈને વૃધ્ધની ઓળખ થઈ કે એ ભાઈનું આ વૃધ્ધ પ્રત્યેનું વલણ બદલાઈ ગયું. 'ભલો શમરુની' નામે લોકોમાં પ્રચલિત બનેલી દૃષ્ટાંત કથામાં શમરુની ભાઈને કાર હંકારતા ભાઈની માફક ઘવાયેલા કોઈક અજાણ્યામાં એવી તો ઓળખાણ થાય છે કે એ શમરુની એ ઘવાયેલા અજાણ્યાનો જાણીતો બંધુ બની જાય છે.

લુક ૧૦:૩૦-૩૭માં ઈસુ આ દૃષ્ટાંત કથા કહે છે તે પહેલાં લૂક ૧૦:૨૫-૨૯માં ઈસુની સાથે એક શાસ્ત્રી સંવાદ કરે છે. એ સંવાદના અનુસંધાનમાં ઈસુ 'ભલો શમરુની' નામની આ દૃષ્ટાંત કથા કહે છે. આ દૃષ્ટાંત કથા દ્વારા ઈસુ યહુદીપ્રજાને આજ્ઞાંકિત હૃદય કરતાં સંવેદનશીલ હૃદય ધારણ કરવાનું શિક્ષણ આપે છે.બની શકે કે આજ્ઞાંકિત હૃદય યંત્રવત્ આજ્ઞાપાલન કરતું હોય, પ્રભુને સાચેસાચ પ્રેમ ન પણ કરતું હોય, જે શાસ્ત્રી ઈસુ સાથે સંવાદ કરવા આવ્યા છે તેઓ શાસ્ત્રના એટલે કે જૂના કરારના પંડિત છે. એટલે તેઓ જૂના કરારના બધા જ નિયમોથી માહિતગાર હશે જ. યહુદીધર્મમાં શાસ્ત્રીઓ શાસ્ત્રના જાણકાર હતા. તેથી જ તેઓ શાસ્ત્રનું અર્થઘટન કરી શકતા હતા. નવા કરારમાં શાસ્ત્રીઓ કેટલાક કિસ્સાઓમાં ઈસુનો વિરોધ કરનારા છે. ઉપરોક્ત શાસ્ત્રપાઠમાં શાસ્ત્રી ઈસુની પરીક્ષા કરવા માગે છે. શાસ્ત્રી પૂછે છે, "ગુરુદેવ શાશ્વત જીવન પ્રાપ્ત કરવા માટે મારે શું કરવું ?" ઈસુ પ્રત્યુત્તરમાં શાસ્ત્રીને સામો સવાલ કરે છે, "શાસ્ત્રમાં શું લખેલું છે? શો પાઠ છે?" શાસ્ત્રીને શાસ્ત્ર તો મોઢે છે, એટલે એકદમ સાચો જવાબ આપે છે, "તારે તારા પરમેશ્વર પ્રભુ ઉપર તારા પુરા હૃદયથી, તારા પૂરા જીવથી, તારી પુરી શક્તિથી અને તારા પુરા મનથી પ્રેમ રાખવો અને તારા માનવબંધુ ઉપર તારી જાત જેટલો પ્રેમ રાખવો." હવે ઈસુ એ શાસ્ત્રીને શાશ્વત જીવન મેળવવાનો માર્ગ બતાવે છેઃ "એ પ્રમાણે કર, એટલે તને જીવન પ્રાપ્ત થશે."

પણ શાસ્ત્રી તો પોતાને અને પોતાના પ્રશ્નને ન્યાયી ઠેરવવા માગે છે, એટલે ચર્ચા આગળ ચલાવે છે અને ઈસુને પુછે છે, "મારો બંધુ કોણ?" યહૂદીધર્મમાં નિયમપાલન અને પ્રાર્થના એકમેકના પૂરક છે. પ્રત્યેક યહૂદી દરરોજ અનુસંહિતા ૬:૪-૯માં આપેલો નિયમ પ્રાર્થનારૂપે બોલતો, રટણ કરતો, અને શ્રવણ કરતો. આ શાસ્ત્રી પણ એજ નિયમ હરરોજ રટણ કરતા હશે તેઓ ઈસુને તેમના બંધુ અથવા પડોશી કોણ એ બાબતે પૂછે છે. આપણે જાણીએ છીએ કે આપણે સહુ એક જ પિતાનાં સંતાનો છીએ. પ્રભુ આપણા સર્જનહાર છે. તેઓએ માનવીને તેમની પ્રતિમારૂપે ઘડ્યા છે. એટલે આપણે એકમેકનાં ભાઈઓ અને બહેનો છીએ. સઘળાં માનવો, પછી તેઓ યહુદી કે બિનયહુદી હોય, આપણા પડોશીઓ છે.

પ્રભુ એ દસ આજ્ઞાઓ આપી છે. આ દસ આજ્ઞાઓ પ્રભુ સાથેના અને માનવબંધુ સાથેના સબંધનું નિરૂપણ કરે છે યહુદીઓએ પ્રભુ સાથેના સંબંધને જ મહત્ત્વ આપ્યું અને માનવબંધુ સાથેના સંબંધને ઝાઝું મહત્ત્વ ન આપ્યું. પ્રત્યેક માનવ જેવો છે તેવો સ્વીકારવો અને તેને પ્રેમ કરવો એ યહુદીઓએ ટાળી દીધું. ઈસુ યહુદીઓની આ વૃતિથી પરિચિત હતા. એટલે જ ઈસુ દયા, પ્રેમ, અને સારસંભાળનું મહત્ત્વ સમજાવવા શાસ્ત્રીને અને યહુદીઓને ભલા શમરુનીની દૃષ્ટાંતકથા કહે છે.

આ દૃષ્ટાંતકથામાં ત્રણ પાત્રોનો ઉલ્લેખ કરે છે : પુરોહિત, પુરોહિતસહાયક, અને શમરુની. ઈસુના સમયમાં પુરોહિત ધાર્મિક નેતા હતા. તેઓનું મુખ્ય કાર્ય યરુશાલેમના મદિરમા હતું. તેઓ ધાર્મિક વિધિઓ અને પરંપરાને ખૂબ મહત્ત્વ આપતા. પ્રભુને અર્પણ અને નૈવેદ્ય ધરનારા આ પુરોહિત પવિત્ર મનાતા. આ દૃષ્ટાંતકથામાં પુરોહિત પેલા ઘવાયેલા વટેમાર્ગુ પ્રત્યે આંખ આડા કાન કરે છે અને યરુશાલેમના મંદિર તરફ આગળ વધે છે. યરુશાલેમથી યરીખોનો લગભગ ૧૭ માઈલ લાંબો રસ્તો ભયજનક હતો. આ રસ્તો પર્વતોમાં સાંકડા ઘાટમાં થઈને પસાર થતો હોવાથી લૂંટારા ઓને સંતાઈ રહેવાની અને મુસાફરો પર ઓચિંતા ત્રાટકી પડવાની જબરી સુવિધા પુરી પાડતો. આ બધી ભૌગોલિક પરિસ્થિતિથી અને કર્મકાંડ ૧૯:૧૮માં આપવામાં આવેલી આજ્ઞા( તારા માનવબંધુ ઉપર જાત જેટલો પ્રેમ રાખવો )થી વાકેફ હોવા છતાં પુરોહિત પેલા ઘવાયેલા મુસાફરને ટાળી ચાલ્યા જાય છે. પુરોહિતે પોતાના આ ઘવાયેલા બંધુની સંભાળ લેવી જોઈતી હતી, પરંતુ તેઓએ તો તેની ઉપેક્ષા કરી.

બીજું પાત્ર છે પુરોહિતસહાયક. ઈસુના સમયમાં પુરોહિતસહાયક બીજા દરજ્જાના પુરોહિત હતા. તેઓ પુરોહિતને તેમના કામમાં મદદ કરતા. પુરોહિતસહાયક પણ આ ઘવાયેલા મુસાફરને જોઈને બીજી બાજુથી પોતાને કામે ચાલ્યા જાય છે.

ત્રીજું પાત્ર છે શમરુની. યહુદીઓ શમરુનીઓ પ્રત્યે પરાપૂર્વથી વૈમનસ્ય રાખે છે તેને પડકારે છે. યહુદીઓ શમરુનીઓને અશુદ્ધ ગણે છે, અસ્પૃશ્ય ગણે છે. જો શમરુની ભૂલેચૂકે યહુદીને સ્પર્શી જાય તો તે યહૂદી અભડાઈ જાય. આવો અસ્પૃશ્ય શમરુની ઘવાયેલા અજાણ્યાની એક સારા પડોશી તરીકે સંભાળ લે છે. ઘવાયેલો ભાઈ કદાચ યહૂદી પણ હોય. આ શમરુની પોતાનાં સાધન,સગવડ અને

સુવિધાનો ભોગ આપીને ઘવાયેલાની માવજત કરે છે. બે દિવસમાં શમરુની જેટલું વેતનના રૂપમાં કમાઈ શકે તેટલું પેલા ધર્મશાળાના માલિકને ચૂકવે છે. શમરુની પોતાની સંપતિ, સમય ,અને શક્તિનો ઉપયોગ જરૂરિયાતમંદ પ્રત્યે પ્રેમ દર્શાવવામાં અને જરૂરિયાતમંદની સંભાળ લેવામાં કરે છે. શમરુની ધર્મશાળાના માલિકને જે કઈ વધારાનો ખર્ચ થાય તે તેની પરત મુસાફરીમાં ચૂકવવાનું વચન પણ આપે છે.

ઈસુ આપણને નાત, જાત, રંગ, રાગ, ધર્મ, દેશના વાડાઓની ઉપરવટ જઈ સહુ માનવોને પ્રભુ ગણવાનું શિક્ષણ આપે છે. ઈસુના મત મુજબ જે કોઈ પ્રભુના નિયમોનુ પાલન કરે છે તે અવશ્ય તેના માનવબંધુની કાળજી રાખશે જ. ઈસુ પેલા શાસ્ત્રીને કહે છે, “તો જા તું પણ એ પ્રમાણે કરજે.” આવો આદેશ આપ્યા પછી ઈસુ બદલાનું કોઈ વચન આપતા નથી. એનો અર્થ એ થયો કે પ્રભુને અને માનવબંધુને પ્રેમ કરવાની આપણી ફરજ છે પણ એ માટે કોઈ બદલાની અપેક્ષા રાખવાની નથી. શમરુનીએ કોઈ પણ બદલાની ભાવના વગર જ ઘવાયેલાની સારસંભાળ લીધી હતી.

આપણે પ્રભુની દયાના વર્ષની પુર્ણાહૂતિ કરીએ છીએ ત્યારે વડા ધર્મગુરુ ફ્રાન્સિસ દ્વારા ઈસુ આપણને આદેશ આપે છે, “તો જા તું પણ એ પ્રમાણે કરજે”. ઈસુએ એવો કોઈ આદેશ આપ્યો નથી જે ઈસુએ પોતાના જીવનમાં ન આચરી બતાવ્યો હોય. આપણે ઈસુનું અનુકરણ કરવાનું છે. શું આપણે ઈસુના સમયના દાંભિકો જેવું જીવન જીવીએ છીએ ? કે પેલા ભલા શમરુની જેવું જીવન જીવીએ છીએ ?

*— બ્રધર જેસ્લીનદાસ એસ.જે.*

*(ભાવાનુવાદઃ ફાધર જેમ્સ બી. ડાભી એસ.જે.)*

## પાણીનો દ્રાક્ષાસવ

પ્રસ્તુત લેખના પહેલા ભાગમાં હું પ્રભુની દયાની ઈસુમાં મૂર્તિમંત થતી બતાવવા માગું છું. બીજા ભાગમાં હું મરિયમને કરુણામય માતા તરીકે રજૂ કરવા માગું છું.

પહેલો ભાગ : કાના ગામે લગ્નપ્રસંગે પ્રભુની દયા ઈસુ દ્વારા પ્રગટ થાય છે. ઈસુ લગ્નની ઉજવણી કરતા યજમાન પરિવારને એક મહામુસીબતમાંથી ઉગારે છે. એમ કરવામાં ઈસુ એ પરિવાર પ્રત્યેની પ્રભુની અનુકંપાને વ્યક્ત કરે છે. કાના ગામમાં કરેલા આ પરચા દ્વારા ઈસુ આપણને સહુને પ્રભુની દયાની સમજ આપે છે. ઈસ્રાયલ દેશના ઉત્તરીય પ્રાંત ગાલીલમાં કાના ગામ આવેલું છે. કાના ગામ દ્રાક્ષવાટિકાઓથી ભરપૂર છે. તેથી ત્યાં દ્રાક્ષાસવની રેલમછેલ હોય તે સમજી શકાય એવી બાબત છે. મા મરિયમનું ગામ નાસરેથ કાનાગામથી લગભગ ત્રણ માઈલના અંતરે વસેલું છે.

ચમત્કાર થાય છે લગ્નની ઊજવણી ટાણે. તે સમયની યહૂદી સમાજવ્યવસ્થામાં માત્ર પાંચ ટકા વસતી અમીર હતી. લગભગ નેવું ટકા વસતી ગરીબ હતી. મધ્યમવર્ગ તો જાણે હતો જ નહીં. તે વખતે એવું માનવામાં આવતું હતું કે અમીરી પ્રભુનો આશીર્વાદ દર્શાવે છે. અને ગરીબી પ્રભુનો શાપ. ઘણા લોકો એવું પણ માનતા હતા કે સંપતિ અને માલસામાન ઓછાં છે. આ અછતનું કારણ એ છે કે કેટલાંક લોકો પાસે તેઓની જરૂરિયાત કરતાં વધું છે. વળી, અમુક ચોક્કસ મૂલ્યો ધરાવતી હોય તો એ વ્યક્તિ સમાજમાં સન્માનપાત્ર. એથી ઉલટું, જો કોઈ વ્યક્તિમાં આ ચોક્કસ મૂલ્યોનો અભાવ હોય તો એ વ્યક્તિ સમાજમાં શરમને પાત્ર.

યહૂદી રિવાજ પ્રમાણે લગ્નની ઊજવણી સાત દિવસ ચાલતી. આ ઊજવણી દરમિયાન એક બાબતની વિશેષ કાળજી રાખવામાં આવતી તે બાબત હતી દ્રાક્ષાસવનો પૂરવઠો. કારણ આ ઊજવણીમાં દ્રાક્ષાસવનો ઉપયોગ છૂટે હાથે થતો. લગ્નપ્રસંગે વરકન્યાને ભેટ સોગાદો આપવાની પ્રથા હતી. આવી ભેટ સોગાદો આમંત્રિત મહેમાનો પાસેથી ક્યારેક તો હક કરીને માગવામાં આવતી. બદલામાં ભેટ સોગાદો આપનારા આમંત્રિતોને ધરાઈ ધરાઈને દ્રાક્ષાસવ પીવા મળતો. જો પૂરતા પ્રમાણમાં દ્રાક્ષાસવ ન મળે તો યજમાનોનો ભારે ફજેતો થાય.

સમસ્યા એ થઈ કે એ ઉજવણી દરમિયાન દ્રાક્ષાસવ ખૂટી ગયો. આ સમસ્યા નવદંપતીને માટે શરમજનક અને અપમાનજનક બની શકે. આ નવદંપતીની યજમાનગીરીને લાંછન લાગે. યહૂદી રિવાજ મુજબ આતિથ્ય ભાવના તો પ્રત્યેક યહૂદીની પવિત્ર ફરજ છે. ઈસ્રાયલ અને તેના પડોશી દેશોમાં ઊછીના વ્યવહારનો માહોલ હતો. લગ્નપ્રસંગ એનો એક ઉત્તમ દાખલો છે. જો હું પેલા ભાઈને લગ્નપ્રસંગે નોતરું, તો હવે એ ભાઈની ફરજ બને છે કે તેમને ત્યાં લગ્નપ્રસંગ આવે ત્યારે મને નોંતરું આપે. કેટલાંક સંજોગોમાં કાયદાકીય કાર્યવાહીની પણ જોગવાઈ હતી. જો હું આવો ઉછીનો વહેવાર ના નિભાવું તો મારા પર કાયદાકીય કાર્યવાહી થઈ શકે. મને લગ્નપ્રસંગે પેલા ભાઈએ ભેટ આપી હતી. હવે મારે એ ભાઈના લગ્નપ્રસંગે એમને ભેટ આપવી જ પડે. જો હું ભેટ ન આપું તો એ ભાઈ મારી વિરુદ્ધ કાયદાકીય પગલાં લઈ શકે.

યહૂદી લગ્ન સાતેક દિવસ ઉજવાય તે દરમિયાન યજમાન પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવતી કે તેઓ પોતાના બધાં જ આમંત્રિતોને માનભેર સરભરા કરે. મા મરિયમ યજમાન સાથે કદાચ સગપણ અથવા સખીપણા ધરાવતાં હશે. એટલે મા મરિયમને પણ મહેમાનોની સરભરાની ગોઠવણમાં કોઈક જવાબદારી ફાળવવામાં આવી હશે. તેથી જ તેઓ દ્રાક્ષાસવ ખૂટી જાય છે ત્યારે તેમના પુત્રનું ધ્યાન એ તરફ દોરે છે. દ્રાક્ષાસવ ખૂટી જાય તો યજમાન અને મહેમાન બંને ક્ષોભજનક સ્થિતિમાં મૂકાઈ જાય. વરપક્ષને ત્યાં મહેમાન થઈને આવેલાં કન્યા પક્ષના સગાસંબંધીઓ વરપક્ષ પર માનહાનીનો દાવો પણ માંડી બેસે. આવું અજુગતું થાય તો તો લગ્નનો આનંદ અને ઉલ્લાસ, રંજ અને ક્લેશમાં ફેરવાઈ જાય.

ઈસુના હૃદયમાં આ સમસ્યાને કારણે યજમાનપક્ષ પ્રત્યે અનુકંપા જાગે છે. ઈસુના દિલમાં વરપક્ષ માટે દયા જન્મે છે. જો ઈસુ હવે ચમત્કાર ન કરે તો યજમાન પરિવાર જીવનભર આ આઘાત અને ક્ષોભમાંથી બહાર ન આવી શકે. પ્રભુ આપણા પ્રત્યેનો તેઓનો પ્રેમ, અનુકંપા અને સહાનુભૂતિ દ્વારા વ્યક્ત કરે છે. ઈસુ આ સમસ્યાને યજમાનની દૃષ્ટિએ જુએ છે અને પોતાના દિલને યજમાનના દિલમાં

થનાર લાગણીઓથી ઊભરાવા દે છે. એવું કહેવાય છે કે સાત દિવસ ચાલતી લગ્નની ઉજવણીના અંત ભાગમાં ગરીબવર્ગ પણ આમંત્રણ આપવામાં આવતું. લગ્નની ઉજવણીના આરંભમાં અમીરવર્ગને આમંત્રણ અપાતું અને તેઓની સરભરા ઉત્તમ કોટિના દ્રાક્ષાસવથી કરવામાં આવતી. ત્યારબાદ ગરીબવર્ગને મહેમાન તરીકે પધારતો ત્યારે તેને નિમ્નકક્ષાનો દ્રાક્ષાસવ પીરસવામાં આવતો. ભોજનના વ્યવસ્થાપક તો વરરાજાને કહે છે, સૌ કોઈ સારો દ્રાક્ષાસવ પહેલો પીરસે છે અને બધા ધરાઈને પી લે પછી હલકો દ્રાક્ષાસવ કાઢે છે પણ તેંતો અત્યાર સુધી સારો દ્રાક્ષાસવ રાખી મૂક્યો છે !" આ શબ્દો સ્પષ્ટ કરે છે કે ઈસુને ગરીબ વર્ગની પડી છે. ઈસુ ગરીબ વર્ગને ઉત્તમ કક્ષાનો દ્રાક્ષાસવ પીરસીને બતાવે છે કે ગરીબો પણ પ્રભુનાં સંતાનો છે.

બીજો ભાગ : બીજો ભાગ મરિયમને દયામયી માતા તરીકે રજૂ કરે છે. યહૂદી રિવાજ પ્રમાણે નક્કી સમય સુધી લગ્નની ઉજવણી ચાલુ રહે છે. મરિયમને ખબર પડે છે કે આ લાંબી ઉજવણીમાં દ્રાક્ષાસવનું ખૂટી જવું આ નવદંપતીના આનંદને બરબાદ કરી નાખશે. મરિયમનું હૈયું આ નવદંપતી પ્રત્યે દયાથી ઉભરાય છે અને તત્કાળ તેઓ દ્રાક્ષાસવની અછત પ્રત્યે તેમના દીકરાનું ધ્યાન દોરે છે. ઈસુ હજી દ્વિધામાં છે કે પોતાના કાર્ય કરવાનો સમય પાક્યો છે કે નહિ. ઈસુના મા ઈસુને જણાવે છે કે કોઈકનું ભલું કરવાની, કોઈકની મુશ્કેલીમાં તેનો હાથ ઝાલવાની ઘડી તો આવી પહોંચી છે. આવું કરવું એ જ પ્રભુની ઈચ્છા છે. ઈસુનાં મા ઈસુને પ્રભુની ઈચ્છા દર્શાવનારાં માધ્યમ બને છે.

મરિયમ એક સ્ત્રી હોવા છતાં પ્રભુની ઈચ્છા દર્શાવનાર એક માધ્યમ બને છે તે તો સ્ત્રી જાતિની પ્રભુએ કરેલી પ્રતિષ્ઠા અને બહુમાન છે. યહુદી સમાજ સ્ત્રીનું આટલું સન્માન નહોતો કરતો. મરિયમ પોતાના પુત્રના પ્રારંભના લગભગ લાપરવાહ જવાબથી નિરાશ નહોતાં થયાં. ઉલટું, તેઓને તો દૃઢ શ્રદ્ધા હતી કે પ્રભુ પોતાની ભલાઈ ઈસુ દ્વારા અવશ્ય દર્શાવશે. એટલે જ પોતાના પુત્રમાં ઊંડી શ્રદ્ધા ધરીને મા મરિયમ નોકરોને જણાવે છે, "એ કહે તેમ કરજો."

ઈસુ તેમનાં માતાની નવદંપતીની લાજ રાખવાને અર્થે કરેલી અરજને સ્વીકારે છે અને પાણીનો દ્રાક્ષાસવ બનાવે છે. મા મરિયમની નવદંપતી પ્રત્યેની અનુકંપાનો વિજય થાય છે અને ઉજવણી ચાલુ રહે છે. માતા અને પુત્ર વચ્ચેનો સંવાદ અત્યંત વિનમ્ર છે. મા મરિયમ કોઈ પણ વિપત્તિની વેળાએ ધારદાર અને અસરકારક અરજ કરનાર મધ્યસ્થ છે. તેઓ જ ઈસુ સમક્ષ નવદંપતીની દયનીય સ્થિતીની રજૂઆત કરે છે અને ત્યારબાદ પોતાના અંતરમાં શ્રદ્ધા ધરીને ઈસુ ચમત્કાર કરે એની રાહ જુએ છે. ઈસુ પોતાનાં માતાની વિનંતીનો પહેલાં તો ખૂબ નમ્રતાથી અસ્વીકાર કરે છે, પણ પછી માતાની શ્રદ્ધા સામે ઝૂકી જાય છે. મા મરિયમ આજે આપણ સહુને માટે તેમના પુત્રને પ્રાર્થના કરે છે અને આપણ સહુને તેમના પુત્રના કહેવા પ્રમાણે કરવાનું શિક્ષણ આપે છે.

*— બ્રધર યોવાન એસ.જે. (ભાવાનુવાદ: ફાધર જેમ્સ બી. ડાભી)*

## પ્રભુની અનોખી દયા

જો હું દાવો કરતો હોઉ કે હું પ્રભુને પ્રેમ કરું છુ, પ્રભુ ઊપર શ્રધ્ધા રાખુ છુ, પ્રભુનો કે પ્રભુની શિષ્ય છુ તો તે મારા કાર્યમાં પગટ થવુ જોઇએ. તેના દર્શન મારા કાર્યમાં થવા જોઇએ. જો એમ ન બને તો હું ઇસુનો સાચો શિષ્ય નથી. મારી શ્રદ્ધા ખોખલી છે. મારા શબ્દો પોકળ છે. મારું શિષ્યપણું ઢોંગ છે. જો ઇસુના સાચા શિષ્ય બનવું હોય તો ઇસુનાં શિષ્યપણાંનો સાચા હૃદયથી સ્વીકાર કરવો જોઇએ. ઇસુનાં શિષ્યપણાંનો સ્વીકાર એટલે ઇસુએ શીખવેલી પ્રાથનાનો સ્વીકાર, ઇસુએ આપેલી આજ્ઞાઓનો સ્વીકાર, ઇસુએ કરેલાં કાર્યોનો સ્વીકાર. બીજી રીતે કહીએ તો ઇશ્વરની દયાનો સ્વીકાર, ઇશ્વરના પ્રેમનો સ્વીકાર અને માફીનો સ્વીકાર.

ઇસુ હે અમારા બાપની પ્રાર્થના એમનાં શિષ્યોને શીખવે છે. ફક્ત એમનાં જ શિષ્યો એ પ્રાર્થના બોલી શકે જે પ્રાર્થનાનો ઊપરોક્ત મર્મ સમજી શકે, જે ઊપરોક્ત વલણો આચારમાં અનુસરી શકે. આ પ્રાર્થના છે દયાની અને માફીની, " જેમ અમે અમારા અપરાધીઓને ક્ષમા કરીએ છીએ તેમ તું અમારા અપરાધોને ક્ષમા કર." આ તો થઈ માફીની વાત અને એ દ્વારા ઈશ્વરની દયા પામવાની વાત. માફી દ્વારા આપણે દયાના દ્વાર સુધી પહોંચી શકીએ છીએ. માફી એ દયાનાં દ્વાર સુધી પહોચવાની પ્રથમ શરત છે. આજનાં વર્તમાન સમયમાં "માનવ સાથે સુમેળ અને ઈશ્વર સાથે મનમેળ" એટલે કે, માનવ અને ઈશ્વર સાથે સંબંધ જાળવવા તથા વિકસાવવા માટે "દયા" અગત્યનું માધ્યમ બને છે. તેથી જ તો આપણાં વડાધર્મગુરુ ઈસુના પંથે ચાલતાં આપને દયાની ભેટ સ્વીકારવા માટે આમંત્રણ આપે છે. આપણાં વડાધર્મગુરુ શ્રી ફ્રાન્સિસે આ વર્ષને દયાનું વર્ષ ઘોષિત કર્યુ છે. આપણે પ્રભુઈસુ તથા પરમેશ્વરની દયાના સાક્ષી છીએ. આ સાક્ષીનો ઊમદા નમૂનો અન્ય લોકો સુધી પહોંચી શકે તે હેતુસર આપણે દયાના વર્ષમાં સહભાગી બનીએ તથા ઈસુનાં દયાનાં પ્રૈષિતિક કાર્યમાં મદદગાર બનીએ.

મારા મત પ્રમાણે દયા એટલે જાણીતી કે અજાણીતી જરૂરિયાતમંદ વ્યકિતની નિસ્વાર્થ સેવા અને મદદ. બાઈબલમાં નવા કરારમાં સંત લૂક ૧૦: ૨૫-૩૭ નાં શુભસંદેશમાં 'ભલો શમરુની' એ માનવબંધુ પ્રત્યેની દયા માટેનું ઊત્તમ ઊદાહરણ પૂરુ પાડે છે. આ દૃષ્ટાંત કથામાં અંતે પ્રભુઈસુ પેલા શાસ્ત્રીને પૂછે છે, સાચો બંધુ કોણ? શાસ્ત્રી જવાબ આપે છે(૩૭) " જેણે તેના પર દયા લાવીને સેવા કરી તે." ત્યારે ઈસુએ કહ્યુ, " તો જા, તું પણ એ પ્રમાણે કરજે." (૨૮) "ઈસુએ તેને કહ્યું, તારો જવાબ સાચો છે,એ પ્રમાણે કર એટલે તને જીવન પ્રાપ્ત થશે." આજે આ દ્રષ્ટાંતકથા દ્વારા ઈસુ આપને આહવાન કરે છે કે, આપણે પણ પેલા શમરુનીની જેમ આપણાં પડોશી, દેશ બાંધવો તથા વિશ્વબાંધવો ઊપર કોઈપણ જાતનાં નાત-જાત, રંગભેદ, ઊંચ-નીચ, પરિચિત-અપરિચિતના ભેદભાવ વગર પ્રેમ અને દયા દાખવવાં જોઈએ. દયાની ભાવના આપણને સાચા અર્થમાં ખ્રિસ્તભક્તની ઊપાધિ મેળવી આપે છે. પ્રભુનાં પ્રેમ અને દયાનાં કાર્યમાં સહકર્મચારી બનાવે છે. તેટલું જ નહિ ઈશ્વરના રાજ્યના

વારસદાર બનાવે છે. કારણ આપણે ઈશ્વરની પ્રતિમૂર્તિરૂપ છે. દયા ઈશ્વરનો સૌથી શ્રેષ્ઠત્તમમાંનો એક ગુણ છે. આપણાંમાં રહેલી દયાની વૃત્તિ અને તેનો આચાર આપણાં આત્માને પરમાત્મા સાથે જોડી દે છે, આપણી આસપાસ માનવતા મહેંકી ઊઠે છે, આપણા હૃદયમાં અને આસપાસ સ્વર્ગનું વાતાવરણ સર્જાય છે. પ્રભુઈસુ તેમનાં જીવન દ્વારા સતત અવિરત વહેતી દયાનો ઊમદા અને સર્વોત્તમ પાઠ આપણને શીખવે છે. બાઈબલમાં સંત લુકનાં શુભસંદેશમાં ૧૫ માં અધ્યાયમાં દર્શાવેલી ત્રણ દ્રષ્ટાંતકથાઓ; ખોવાયેલું ઘેટું, ખોવાયેલી રૂપામહોર અને ખોવાયેલો દીકરો, દ્વારા પ્રભુઈસુ પરમેશ્વરની દયાનો આપણને અનુભવ કરાવે છે. પહેલાં ઘણીવખત જ્યારે હું ખોવાયેલાં ઘેટાંની વાત સાંભળતો ત્યારે મારા દિલમાં શંકા ઊદભવતી. આવું તો કાંઈ બની શકે કે, નવ્વાણું ઘેટાં ને છોડીને ભરવાડ એક ઘેટાંની શોધમાં નીકળી પડે? કદાચ તમારા મનને પણ આ પ્રશ્ન ગૂંચવતો હશે. જો એમ હોય તો આપણે પ્રશ્નનું સમાધાન એક સત્ય ઘટના દ્વારા મેળવવાનો પ્રયત્ન કરીશું.

એક માતાને આઠ બાળકો હતાં. સૌથી મોટી દીકરી અને બીજા સાત સંતાનો પુત્ર. પાંચમા નંબર પર અશોક હતો. બધાં જ સંતાનો પોતાના પગ ઉપર હતાં. અશોક થોડો વંઠી ગયેલ અને દારૂની લતે ચડેલ હતો. દારૂની લતમાં તે અનેકવાર મોડો ઘરે આવતો. જ્યાં સુધી અશોક રાત્રે ઘરે ન આવતો ત્યાં સુધી માતાને ચિંતા. જ્યારે અશોક દારૂ પીને ઘરે મોડી રાત્રે આવે ત્યારે માતા તેનાં અન્ય બાળકો સાથે જમવા ન બેસતી પણ અશોકની રાહ જોઈને તેને રસોઈ પીરસીને સુવાડીને પછી જમતી. એક વખતની વાત છે. રાત્રીના દસ વાગી ગયા છે. આજે તો હજી સુધી અશોક આવ્યો નથી. ત્રણ થી ચાર વખત ગામની ભાગોળે આંટા મારે છે. રાત્રીના અગિયાર થાય છે હજી સુધી અશોકનો કોઈ પત્તો નથી. મા ચિંતાતુર બની જાય છે. થોડીવાર બાદ અશોકને શોધવા રાતના અંધકારમાં ગામની સીમ તરફ જાય છે અને ચિંતિત હૃદયે પાછી ફરે છે. થોડા સમય દરમિયાન તેના બે પુત્રને જગાડે છે. તેના પુત્ર બબડાટ કરતાં ઊભા થાય છે અને અશોક ને શોધવા નીકળી પડે છે. અશોક ગામથી બે કિલોમીટરનાં અંતરે દારૂનાં ચકચૂર નશામાં સીમમાં પડેલો જોવા મળે છે. તેના બે ભાઈઓ તેને ઘરે લાવે છે. માતા જમવાનું ગરમ કરે છે તેને ખવડાવે છે અને પછી જાતે જમીને સુવા જાય છે. આ ઘટના એક દિવસ પૂરતી ન હતી વારંવાર જોવા મળતી!

માતાને આઠ સંતાનો છે. અશોકની ચિંતામાં તે બીજા બાળકો ઊપર ધ્યાન આપતી નથી.અશોકને ખોટો સિક્કો ગણવામાં આવે છે. છતાં અન્ય બાળકો કરતાં તેના પ્રત્યે વધારે માયા-મમતા રાખે છે. વધારે ચિંતા બતાવે છે. તેના પર વધારે પ્રેમ, લાગણી અને વહાલ વરસાવે છે. આ છે માતાની દયા. જો આમ એક માતા પોતાના વંઠી ગયેલા દીકરા ઊપર આટલો પ્રેમ અને દયા રાખતી હોય તો આપણો પરમેશ્વર આપણી ભૂલોને અવગણીને આપણી ઊપર કેટલો પ્રેમ અને દયા રાખતો હશે? માતાએ તો તેને નવ મહિના કૂંખમાં રાખ્યો છે. તેનું લાલન-પોષણ કર્યુ છે. અને જો આટલી બધી દયા અને પ્રેમ દાખવતી હોય તો મારો પરમેશ્વર તો મને કહે છે કે, “તું તો મારી પ્રતિમૂર્તિરૂપ છે. તું તો મારું પ્રિયતમ સર્જન છે. તારું સર્જન તો મેં મારે હાથે કર્યું છે. તારું નામ મેં મારી હથેળી પર છુંદાવ્યું છે. તને ગર્ભમાં ઘડયો તે પહેલાં મેં તને પસંદ કર્યો છે.” તો એની દયા કેટલી? એનો પ્રેમ કેટલો?

પરમેશ્વરની દયા અપરંપાર છે. તેથી જ આપણે તેને ભલાઈનો ભંડાર અને દયાના સાગર તરીકે ઓળખીએ છીએ. જો તેને નવ્વાણું નહિ પરંતુ નવસો-નવ્વાણું ઘેટાંને મૂકીને એક ઘેટા કે ખોવાયેલા દીકરાની શોધમાં જવું પડે તો તે લગીરે વિચાર કરશે નહી ને તે ખોવાયેલાંની શોધમાં અચૂક નીકળી પડશે એમાં કોઈ શંકાને સ્થાન નથી. એટલે જ પરમેશ્વરની દયાના અનુભવથી પ્રભુ ઈસુ કહે છે કે, “નવ્વાણું પુણ્યશાળી કરતાં એક ખોવાયેલો પાપી પાછો ફરે તો સ્વર્ગમાં વધારે આનંદ થશે.” ઈશ્વરની દયા નિરાળી છે, અનોખી છે. એ પાપીને પણ પુણ્યશાળી ઠરાવે છે. એના ન્યાયમાં દયા હોય છે.

આપણે ઈશ્વરનું સર્જન છીએ. આપણે આ અનોખી દયાનો અનુભવ કરીએ અને આ ઈશ્વરની દયાનો શુભસંદેશ આપણા વર્તન દ્વારા, વાણી દ્વારા તથા વિચારો દ્વારા અન્ય માનવો સુધી પહોંચાડી શકીએ તે માટે પિતા પરમેશ્વર તથા પ્રભુઈસુ ખ્રિસ્ત પાસે દયા યાચીએ. — *બ્રધર વિપુલ એસ.જે.*

## ખોવાયેલું ઘેટું

“તમારા પિતા જેવા દયાળુ છે તેવા તમે પણ દયાળુ થજો ” (લૂક ૬:૩૬). ખોવાયેલા ઘેટાની દૃષ્ટાંતકથા દ્વારા આપણને ઈસુનાં પ્રેમ અને દયાનો અનુભવ થાય છે. માનવે પાપ કર્યાં હોય કે પાપ ન કર્યાં હોય પણ માનવ, ઈશ્વરની નજરમાં તો અત્યંત કીમતી અને બહુમૂલ્યવાન છે. જ્યાં સુધી પાપી માનવ પશ્ચાતાપ ના કરે અને પ્રભુ તરફ પાછો ના ફરે ત્યાં સુધી પ્રભુ ધીરજપૂર્વક તેની રાહ જુએ છે. ૨ પીતર ૩: ૯ અનુસાર ઈશ્વર કોઈનો વિનાશ થાય એવું નથી ઈચ્છતા, પણ સૌને હૃદયપલટો કરવાની તક મળે એવી ઈચ્છા રાખે છે. હઝકિયેલ ૧૮: ૩૨માં પ્રભુ કહે છે, “કોઈ મરે એથી મને આંનદ થતો નથી. હૃદયપલટો કરો અને જીવો.” યશાયા ૪૩: ૪માં તો પ્રભુ કબૂલે છે:

“તું મારે મન બહુ કીમતી છે, સન્માનપાત્ર છે અને મને તારા ઉપર પ્રેમ છે.” આપણા ઈસુને મન દરેક માનવ અતિ મહત્વનો છે. એટલે જ નવ્વાણુ ઘેટાંને વગડામાં છોડીને ખોવાયેલા એક ઘેટાની પાછળ તેઓ જાય છે. ખોવાયેલું એક ઘેટું પ્રભુ માટે ખૂબ કીમતી છે. ૧ કરિંથ ૬:૨૦ માં પાઉલ ઘટસ્ફોટ કરે છે, “તમને કિંમત ચૂકવીને ઈશ્વરે ખરીદેલા છે. ” આ સત્યનો અર્થ શો થાય? આપણા ઉધ્ધાર ખાતર ઈસુએ પોતાનું લોહી વહેવડાવ્યું છે અને સેતાનના સકંજામાંથી આપણને છોડાવ્યા છે. એટલે જ પ્રભુની દૃષ્ટિએ પ્રત્યેક માનવ મૂલ્યવાન છે, પછી તે પાપી હોય કે પુણ્યશાળી હોય.

એક કલ્પના કરો : તમે તમારા પરિવાર સાથે મુસાફરી કરો છો. એક ગુંડો આવીને તમારા એક સંતાનને ઉપાડી જાય છે. તમે શું કરશો ? જે તમારા સંતાનને લઈ જાય છે તેને લઈ જવા દેશો ? તમે શું એ ગુંડાની પાછળ નહીં દોડો ? ચોક્કસ, તમે તમારા કુટુંબનાં અન્ય

સભ્યોને મૂકીને તમારા ઉપાડી લઈ જવામાં આવેલા બાળકને પાછું મેળવવા એ ગુંડાની પાછળ પડશો. તમારે માટે તમારાં કુટુંબીજનો અને માલસામાન કરતાં તમારુ ઉપાડી લઈ જવામાં આવેલું બાળક બહુ કીમતી છે. જ્યાં સુધી તમારું બાળક તમને નહિ મળે ત્યાં સુધી તમે ખાધાપીધા વગર એની શોધમાં જ રહેશો. જ્યારે તમારું બાળક મળે ત્યારે તમે કેટલી ખુશીથી એને પાછું લઈ આવશો! એ જ રીતે ઈસુ પણ ખોવાયેલા એક ઘેટાની પાછળ જાય છે અને તેને પાછું લઈ આવે છે. ખોવાયેલા ઘેટા પ્રત્યેનો ઈસુનો પ્રેમ તેમને ખોવાયેલા ઘેટાની પાછળ લઈ જાય છે. ખોવાયેલા એક ઘેટા વગર નવ્વાણુ સાથે ઈસુ ખુશીથી જીવી શક્યા હોત પણ સલામત નવ્વાણુ કરતાં ખોવાયેલ એક ઘેટા ઉપર ઈસુ વધારે પ્રેમ રાખે છે અને દયા બતાવે છે.

એક વખત શનિ-રવિનું મારું પ્રૈષિતિક કાર્ય કરીને મારા નિવાસસ્થાને પરત આવ્યો ત્યારે ખબર પડી કે મારી છત્રી હું મારા પ્રૈષિતિક કાર્યસ્થળે ભૂલીને આવ્યો છું. મને પ્રભુ ઉપર ખૂબ ગુસ્સો આવ્યો કે પ્રભુએ મને મારી છત્રી યાદ કેમ ન કરાવી. હવે, આ ચોમાસામાં આ અઠવાડિયું છત્રી વગર કેમનું જશે? મારી ટેવ છે કે શનિ-રવિના પ્રૈષિતિક કાર્ય પછી મારી રૂમમાં પાછો આવું ત્યારે પ્રભુનો આભાર માનુ છું. આ વખતે છત્રી ભૂલીને આવ્યો હોવાથી પ્રભુનો આભાર માન્યા વગર જ થોડી વાર આરામ કરવા પથારીમાં પડ્યો. આરામ પછી રાબેતા મુજબ મારાં કપડાં ધોવા ગયો, ત્યાં પ્રભુએ મારી સાથે વાત કરવા માંડી.

પ્રભુ કહેતા હતા, "તારી એક છત્રી ભૂલાઈ ગઈ અથવા ખોવાઈ ગઈ એથી તું મારી સાથે વાત નથી કરતો કે આભાર નથી માનતો. તારી આ છત્રીની કિંમત કેટલી? બસો રૂપિયા? તે છત્રી માટે તું રડે છે અને મારી સાથે વાત કરતો નથી. જો, આ દુનિયામાં મારાં કેટલાં બધાં ઘેટાંઓ ખોવાયેલાં છે ! કેટલાં બધાં યુવક યુવતિઓ પાપમય જીવન જીવે છે ! કેટલાં બધાં ઘેટાંઓ વ્યભિચાર કરે છે ! કેટલાં બધાં વ્યસનના બંધનમાં છે ! આ બધાં ઘેટાંઓ મારી પાસે નથી. તેઓ ખોવાઈ ગયાં છે. હું અશાંતિમાં છું. હું બહુ દુ:ખી છું. કોણ એ ખોવાયેલાં ઘેટાં પાછળ જશે? કોણ મારાં ખોવાયેલાં ઘેટાંને મારી પાસે પાછાં લઈ આવશે ? " પછી પ્રભુએ મને યોના ૪:૧૦-૧૧ વાંચવાની પ્રેરણા આપી. "ત્યારે પ્રભુએ કહ્યું, "તને આ છોડને માટે દુ:ખ થાય છે, જેને ઉગાડવા તેં કશી મહેનત લીધી નહોતી, જે એક રાતમાં ઊગ્યો હતો અને એક રાતમાં નાશ પામ્યો હતો. તો પછી મને આ મહાનગરી નિનવે માટે દુ:ખ ન થાય ? એમાં એક લાખ અને વીસ હજાર બાળકો વસે છે, જેમને સારાસારનું ભાન નથી ! એ ઉપરાંત પુષ્કળ ઢોર વસે છે તે તો જુદાં! " એ શાસ્ત્રપાઠ વાંચ્યા પછી મેં પ્રભુ ઉપર ગુસ્સો કરવા બદલ પ્રભુની સાચા દિલથી માફી માંગી. પ્રભુ મને કહેતા હતા, "મારા ઘેટાં ડુંગરે ડુંગરે અને પહાડે પહાડે રખડતાં ફરે છે. ઘેટાંબકરાંનાં ટોળાં આખા દેશમાં વેરવિખેર થઈ ગયા છે. કોઈને તેમની પડી નથી કે કોઈ તેમને શોધવા જતું નથી" (હઝકિયેલ ૩૪-૬). એ પછી મેં મારી ભૂલ સુધારી.

ઈસુ કહે છે, "સાચો ગોવાળ પોતાનાં ઘેટાંને ખાતર પોતાના પ્રાણ પાથરી દે છે" (યોહાન ૧૦:૧૧). ઘેટાંઓની સંભાળ રાખવા માટે કોઈ ગોવાળ બનવાની ઈચ્છા નહિ કરે પણ ડોક્ટર અથવા કલેક્ટર અથવા શિક્ષક બનવાની ઈચ્છા કરશે. ભલે કોઈ ગોવાળ બનવા તૈયાર ના હોય,પણ ઈસુ તો નમ્રતાથી ગોવાળ બને છે. "લોકોની સ્થિતિ જોઈને તેમનું હૃદય દયાથી ભરાઈ આવ્યું. એ લોકો ભરવાડ વિનાનાં હેરાનપરેશાન અને લાચાર થઈ પડેલાં ઘેટાં જેવા હતા," (માથ્થી ૯:૩૬) જયારે ઈસુ લોકોની સ્થિતિ જુએ છે ત્યારે જ તેઓ નક્કી કરે છે કે તેઓ તેમનાં ઘેટાંઓ માટે સાચા ગોવાળ બનશે. તેઓ જાહેર કરે છે," હું સાચો ગોવાળ છું."

વિલાપગીતો ૩:૨૨ માં એકરાર કરવામાં આવે છે, "પ્રભુની કરુણા ખૂટીપરવારી નથી, તેમ તેની દયાનો પણ અંત આવ્યો નથી." દયાનું આ વર્ષ છે, જે હવે પૂર્ણ થવામાં છે. દયાસાગર ઈસુ દરેક માનવ માટે ધીરજથી રાહ જુએ છે. જયારે જયારે આપણે કહીએ છીએ કે પ્રભુ અમે તૈયાર નથી, અમે પાપીઓ છીએ, અમને પ્રભુ પાસે પાછા આવવાની ઈચ્છા નથી, ત્યારે ત્યારે પ્રભુ કહે છે કે તેઓ કૃપા આપશે, તેઓ ધીરજપૂર્વક આપણા હૃદયપલટાની રાહ જોશે. સ્તોત્રસંહિતા ૩૦:૫ મુજબ,

"ઘડીકનો પુણ્યપ્રકોપ એનો, પરતું એની કરુણા જ નિત્ય,
રાત્રે ભલે અશ્રુભરેલ નેત્રો, પરોઢ લાવે પુલકંત ગાન."

પ્રભુ ખૂબ જ દયાળુ છે. આપણા હૃદયમાં વાસ કરવા પ્રભુ ઈચ્છે છે. પ્રભુ પાપને ધિક્કારે છે, પાપીને નહિ. દયાનું વર્ષ પ્રભુ આપે છે. ચાલો, આપણે એનો સદુપયોગ કરીએ !

યાકોબ ૪ : ૪ કહે છે, "ઓ બેવફા લોકો, તમને ખબર નથી કે સંસાર સાથે દોસ્તી એ ઈશ્વર સાથે દુશ્મનાવટ છે ? એટલે જે કોઈ સંસારની દોસ્તી કરવાનું નક્કી કરે છે તે ઈશ્વરનો દુશ્મન બની ચૂકે છે." આ દુનિયા આપણને વિવિધ વસ્તુઓથી આકર્ષે છે. આપણને ઈસુ સલાહ આપે છે, "તમે સૌથી પહેલાં ઈશ્વરના રાજયની અને એણે ઈચ્છેલા ધર્માચરણની પાછળ પડો. એટલે આ બધી વસ્તુઓ તમને મળી રહેશે" (માથ્થી૬:૩૩).

ખોવાયેલો દીકરો અને ખોવાયેલું ઘેટું એ બે દૃષ્ટાંતકથામાં એક જ તફાવત છે. ખોવાયેલા દીકરાની દૃષ્ટાંતકથામાં પ્રભુ એ દીકરાની ધીરજથી રાહ જુએ છે. જયારે ખોવાયેલા ઘેટાની દૃષ્ટાંતકથામાં પ્રભુ એ ઘેટાની શોધમાં નીકળી પડે છે, ઈસુ જે રીતે ખોવાયેલા ઘેટાની પાછળ પડે છે અને એને શોધતા રહે છે, તે જ રીતે આપણે પણ ઈસુની પાછળ પડવું જોઈએ અને ઈસુને શોધતા રહેવું જોઈએ. સ્તોત્રસંહિતા ૩૪:૧૦ મુજબ "પ્રભુજીને ઢૂંઢે એનું મંગલ મંગલ થાય." યોહાન ૨૦:૧માં આપણે વાંચીએ છીએ કે અઠવાડિયાને પહેલે દિવસે વહેલી સવારમાં હજી અંધારું હતું ત્યાં જ મગદલાની મરિયમ કબર આગળ આવીને ઈસુને શોધે છે. ઈસુ તેમને દર્શન દે છે.

આપણે આપણી જાત તપાસ કરીએ કે આપણે શાની શોધમાં છીએ? અભ્યાસકાળ પૂરો કરતાં યુવક કે યુવતિ નોકરીની અને જીવનસાથીની શોધમાં હશે. જયાં સુધી નોકરી અને જીવનસાથી ના મળે ત્યાં સુધી યુવક કે યુવતિ ખંતથી શોધતા રહેશે. નોકરી અને જીવનસાથીની સાથોસાથ આપણને જીવન આપનાર ઈસુની પણ

આપણે શોધ કરવી જ રહી. આપણે પ્રભુની શોધમાં રહેવું જોઈએ. આપણે જો પ્રભુને શોધતાં રહીએ અને પ્રભુનાં વચનોનું પાલન કરતાં રહીએ તો આપણે પ્રભુ પાસે જે કંઈ માગીશું તે પ્રભુ આપશે જ. ઈસુ વચન આપે છે, "તમે જો મારામાં વસો અને મારાં વચનો જો તમારામાં વસે, તો તમે દિલ ચાહે તે માગશો તોય તે તમને મળી રહેશે " (યોહાન૧૫:૭) આપણે પ્રભુની કૃપા માગીએ કે આપણે પ્રભુને વળગી રહીએ અને હંમેશા એમની શોધ કરતાં રહીએ.

*— બ્રધર સુરેશ*

## તારી દયા મારું જીવન

"કોઈનો ન્યાય તોળશો નહિ તો તમારો ન્યાય પણ તોળવામાં નહિ આવે." (યોહાન ૮:૧-૧૧)

એક એવી મહાન વ્યકિત જે બે હજાર પંદર વર્ષો પહેલાં આ દુનિયા પર અસ્તિત્વ ધરાવતી હતી, જે આજે શારીરિક રીતે હયાત નથી પરંતુ દરેક ઈસુપંથીના જીવનમાં આધ્યાત્મિક રીતે હજુ પણ હયાત છે. દરેક ઈસુપંથીએ પોતાનાં જીવનમાં તેમની દયાનો અનુભવ કર્યો હશે એટલે આપણો અનુભવ હંમેશા બીજાને પ્રેરણારૂપ બનવો જોઈએ. આપણને થયેલ અનુભવની એકબીજાને આપલે કરીએ જેથી કરીને વધુને લોકો ઈસુને અનુસરે અને તેમનાં પ્રેમ અને દયાનો સ્વાદ ચાખવા પામે.

શુભસંદેશમાં શાસ્ત્રીઓ અને ફરોશીઓ વ્યભિચાર કરતી બાઈને ઈસુ પાસે લઈ આવે છે. હવે યહુદી ધર્મમાં ત્રણ પાપ ઘાતક પાપ ગણાય છે. મૂર્તિપૂજા, વ્યભિચાર અને ઈશ્વરનિંદા. જે કોઈ પણ વ્યકિત આ ત્રણમાંથી એક પણ પાપ કરતાં જણાય તો મોશેનાં નિયમ અનુસાર તેને મૃત્યુદંડ આપવામાં આવતો હતો. તેને પથ્થર મારીને મારી નાખવાનું ફરમાવેલ હતુ.

શુભસંદેશમાં વર્ણવાયેલો પ્રસંગ ક્યારે બન્યો હશે તેની ધારણા આપણે કરી શકીએ છીએ. આ પ્રસંગ ઈસુના જીવનના છેલ્લાં મહિનાઓ દરમિયાન બન્યો હશે. આ બનાવ બન્યો તે પહેલાંની આખી રાત ઈસુએ ગેથશેમાની વાડીમાં પ્રાર્થનામાં ગાળી હતી. ત્યાંથી પાછા ફરીને તે મંદિરના ચોકમાં બેઠા હતા અને લોકોને ઉપદેશ આપી રહ્યા હતા. એવામાં શાસ્ત્રીઓ અને ફરોશીઓ એક બાઈને ઈસુની સમક્ષ ઘસેડી લાવ્યા. એમણે એ બાઈ વિશે ઘણી બાબતો ઈસુને કહી સંભળાવી અને મોશેના કાયદાઓ આ પાપ માટે ફરમાવેલા કહી સંભળાવ્યા. હવે ઈસુ શું કહે છે તે સાંભળવા માટે તેઓ આતુર બન્યા. શાસ્ત્રીઓ અને ફરોશીઓ મતે બાઈને શિક્ષા થાય કે ન થાય તેની કાંઈ પડી ન હતી, પણ ઈસુને કેવી રીતે ફસાવી અને મૃત્યૃદંડ આપવો એવી જાળ લઈને આવ્યા હતા. ઈસુની પરીક્ષા કરવા માટે ફરોશીઓ ઈસુની પાછળ પડ્યા હતા. જો ઈસુ કહે, " કાયદો હોય તે પ્રમાણે કરો તો તેમની કિર્તી ઉપર પાણી ફરી વળે. તેઓ દયાળુ ગુરુ તરીકે લોકોમાં ઓળખાતા અને જો ઈસુ કહે આ બાઈને માફ કરી દો તો મોશેના કાયદાનો ભંગ કર્યો કહેવાય, એવું સમાજ આગળ કહી શકાય. હવે ગમે તે રીતે ઈસુને ગુનેગાર ઠેરવવામાં આવશે, એવું મનોમન ફરોશીઓ માનતા હતા. ત્યારે ઈસુ બધાની સામે નજર કરીને જવાબ આપે છે," તમારામાં જે નિષ્પાપ હોય તે એને પહેલો પથ્થર મારે." આ સાંભળીને બધા જ શાસ્ત્રીઓ અને ફરોશીઓ ત્યાંથી ચાલ્યા ગયા. ત્યાં ફક્ત પેલી બાઈ ઊભી હતી. ઈસુએ તેને પૂછ્યુ, "બહેન તે લોકો ક્યાં છે? કોઈએ તને સજા ન કરી?" "કોઈએ નહીં પ્રભુ" બાઈએ જવાબ આપ્યો. ત્યારે ઈસુએ કહ્યું, " હું પણ તને સજા નથી કરતો, જા હવેથી પાપ કરીશ નહી:" એ સ્ત્રીએ વ્યભિચાર કર્યો હતો પણ ટોળામાંથી કોઈ પાપ વગર હતું ખરુ?

પ્રભુ ઈસુ આ બાઈને બચાવી લે છે અને તેને પાપમાંથી મુક્તિ આપે છે. બાઈને જવું હોત તો ત્યાંથી ભાગી શકી હોત પણ તે સ્ત્રીએ ઈસુનાં પ્રેમ અને દયાનો અનુભવ કર્યો. જો એ ટોળાએ પસ્તાવો કર્યો હોત તો તેમને પણ પાપોની માફી મળી હોત. પણ તેમને હજી પસ્તાવો થયો ન હતો, કારણ હજી તેઓ તેમના અહ્મમાંથી બહાર આવ્યા ન હતાં.

આપણે પણ આપણો અહમ છોડી દઈએ અને નાનાંમોટાં પાપોનો પસ્તાવો કરીને પ્રભુ ભણી પાછા ફરીએ અને નવુ જીવન જીવવાનો પ્રયત્ન કરીએ. પાપી અને ઈર્ષાળુ ન રહેતા આપણા પ્રભુ ઈસુની જેમ આપણા સમાજમાં આપણે ઈસુનાં મૂલ્યોનો ફેલાવો કરીએ. આપણા જીવનમાં જે ખરુખોટુ થઈ ગયું હોય, લગ્ન જીવનમાં કદાચ વફાદાર ન રહ્યાં હોઈએ તો પણ નિરાશ થયા વિના ફરી ઊભા થઈએ અને કરુણા સાગર પ્રભુ સાથે ફરી સમાધાન કરીએ, કેમ કે આપણા પ્રભુ ઈસુ દયાળુ છે. પીતરે પણ ઈસુનો ત્રણવાર ઈન્કાર કર્યો હતો તેમ છતાં ઈસુએ તેને માફ કરી હંમેશા પોતાનાં શિષ્ય તરીકે ગણ્યો છે. પોતાનાં જ સગા જ્યારે આપણો વિશ્વાસઘાત કરે ત્યારે આપણાં હૈયાં કેવાં ભાંગી પડે છે અને મનમાં આઘાત લાગે છે. પણ, આ બધા કરતાં આપણા પ્રભુ ઈસુની દયા મહાન છે.શ્રદ્ધાપૂર્વક માનવજાત માફી અને દયા તરફ નહીં વળે ત્યાં સુધી તેને સાચો અનુભવ નહીં થાય. *— બ્રધર અભય પીટર તિર્કી*

## સ્વાસ્થ્ય

કોઢિયો ઈસુ પાસે આવી પગે પડી કરગરીને કહેવા લાગ્યો, "પ્રભુ આપ જો ઈચ્છો તો મને સાજો કરી શકો એમ છો." ઈસુનું હૈયું ભરાઈ આવ્યું અને તેમણે હાથ લંબાવી તેને સ્પર્શ કરીને કહ્યું, " હું તો ઈચ્છુ છુ, તું સાજો થા.""(માર્ક ૧:૪૦-૪૫)

કોઢ તો ભયાનક રોગ છે અને એ જમાનામાં એવો ચેપી રોગ ગણવામાં આવતો હતો. અને લોકો એથી બીતા હતા. ગામમાં પેસવાની તેમની મનાઈ હતી. તેમને નહિ ઘર, નહિ બાર! એક પછી એક અંગ રોગથી ખરતાં જાય અને એમ એમણે એમની દુ:ખમય જીવનયાત્રા પૂરી કરવાની. કોઢિયાઓને સખત હુકમ હતો કે કોઈને અડકવું નહિ, કોઈની પાસે ઢુંકવું નહિ; પણ નવાઈની વાત છે કે આ કોઢિયાએ કાયદાનો હિંમતથી અનાદર કર્યો હતો. કદાચ એણે ઈસુ વિશે સાંભળ્યું હશે, તેથી હિંમત કરીને કહે છે: "હે પ્રભુ મારા

પર દયા કરો." કોઢિયાની વેદના અને તેની પીડા ઈસુના હૃદયને હચમચાવી મૂકે છે. ઈસુનું હૈયું દયાથી ભરાઈ આવે છે અને તેમણે હાથ લંબાવી તેને સ્પર્શ કરીને કહ્યું : "જરૂર હું એવું ઈચ્છું કે તું સાજો થા" ઈસુના મુખમાંથી આ શબ્દો નીકળતા જ માણસનો કોઢ મટી ગયો અને તેણે તો બહાર જઈને ઈસુ વિશે સમાચાર ફેલાવી દીધા. ઈસુની દયા અને કરુણા મહાન છે. તેમની દયા દુ:ખમય જીવનને સુખમાં બદલે છે, નિરાશાને આશામાં પલટાવી દે છે અને અંધકારને પ્રકાશમય કરી દે છે. કોઢિયાની વેદના અને પીડાનો પ્રતિકાર ઈસુ ક્રિયાશીલ કરુણાથી કરે છે. એમની વેદનામાંથી મુક્ત કરે છે અને છુટકારો આપે છે. બધા ચમત્કારો ઈસુની દયા અને કરુણાનું કાર્ય છે.

ઈસુ તો કરુણાનો ભંડાર છે. ઈસુની સર્વશક્તિ પાછળ કરુણા અને પ્રેમનો હાથ છે. કરુણા અને પ્રેમ વગર સર્વશક્તિ શક્ય નથી. ઈસુની કરુણા તો ભલાઈનો અને મુક્તિનો આધાર છે. તેમની કરુણા માનવી માટે આશાનું કિરણ છે. શ્રદ્ધા અને આશા એ કરુણાની પ્રતીક છે. સત્યનો પાયો કરુણામાં રહેલો છે. કરુણા એટલે જે તે વ્યક્તિ સાથે વેદના સહન કરવી અને તેના પ્રત્યે સહિષ્ણુતા રાખવી કરુણા એ માનવસમાજ, પ્રકૃતિ અને ઈશ્વરની પડખે ઉભા રહેવાનો અનુભવ છે. કરુણા માણસની માણસાઈ પ્રગટાવે છે અને એને સાચો માનવી બનાવે છે. ઈસુ પાપીઓ, તરછોડાયેલા, શોષિત વર્ગ સાથે ભળી જાય છે. ઈસુને પાપીઓ પ્રત્યે સહિષ્ણુતા હતી, મિત્રતા હતી. ઈસુનું જીવન કાર્ય એ જ હતું કે લોકો જુદા જુદા પ્રકારના બંધનોમાંથી મુક્ત થાય. શોષણનું મૂળ કારણ માનવમાં કરુણાનો અભાવ છે.

કરુણા વગર સાચી શ્રદ્ધા શક્ય નથી. ઈસુનું રાજ્ય એ પ્રેમ અને સેવાનું રાજ્ય છે, ભાઈચારાનું રાજ્ય છે, ન્યાય અને સમતાનું રાજ્ય છે. જેમાં દરેક વ્યક્તિને ચાહવામાં આવે છે, દરેક વ્યક્તિને માન આપવામાં આવે અને સ્વીકારવામાં આવે છે, કારણ દરેક વ્યક્તિ ઈશ્વરનું સંતાન છે. માનવ તરીકે દરેક વ્યક્તિ પ્રેમ અને માનના હકદાર છે. આવા રાજ્ય માટે, દરેક વ્યક્તિ માટે આપણા દિલમાં કરુણા હોવી જોઈએ. ઈશ્વર, એ કરુણાનો અને અનુકંપાનો ઈશ્વર છે. એની શક્તિ કરુણાની શક્તિ છે. લોકો એકબીજા પ્રત્યે કરુણા દાખવતા થાય તો જ ઈશ્વરની શક્તિ વહેતી રહેશે. કરુણા એ એક એવી લાગણી છે જે અન્યોની જરૂરિયાત જોતાં હૃદયના ઉંડાણમાં સ્ફુરે છે અને કાર્યમાં પરિણમે છે.

સાજાપણા પાછળનો મુખ્ય હેતુ, ઈસુની કરુણા હતી. લોકો બંધન મુક્ત બને, વેદના અને પીડામાંથી છુટકારો મેળવે. માનવ સમાજમાં લોકોની માનવ તરીકે ગણના થાય. કરુણા, શ્રદ્ધા કે સાજાપણા પર ઈસુનો ઈજારો ન હતો. ઈસુ ઈચ્છતા કે લોકોમાં કરુણા, શ્રદ્ધા કે સાજાપણું વધુ સતેજ બને જેથી બીજાઓને પણ તેનો અનુભવ થાય. ઈશ્વરની શક્તિ ક્રિયાશીલ અને અસરકારક છે. તેમની દયા અને કરુણા માનવને એક નવી જીન્દગી આપે છે. ઈસુ કહે છે કે માનવ માનવ પ્રત્યે પ્રેમ, સેવા અને ભાઈચારાની ભાવના હોવી જોઈએ. ઈસુએ કહ્યું છે: મેં તમારા પર પ્રેમ રાખ્યો છે, તેમ તમે પણ એકબીજા પર પ્રેમ રાખો. આપણી સામે બીમાર કે ગરીબ ઉભો હોય, પાપકર્મ કરનારો ઉભો હોય ત્યારે આપણી લાગણી કેવી હોય છે અને તેની સાથે કેવી રીતે વર્તીએ છીએ? એ સૌ પ્રત્યે આપણે દયા, ક્ષમા અને પ્રેમ દાખવીએ તો જ ઈસુને ગમે અને એમને ગમે.

— *બ્રધર સુધીર બેક*

## પૂર્ણાહુતિ વર્ષની... દયાની નહીં

જોતજોતામાં ઈશ્વરની દિવ્ય દયાનાં વર્ષની પૂર્ણાહુતિ નજીક આવી ગઈ. ઈશ્વરપિતા દયાસાગર છે. તારીખ તો રોજ બદલાય પણ ઈશ્વરનાં વચન નહીં; 'હું દયા ઈચ્છુ છું નહીં કે બલિઓ.' આપણાં સૌના જીવનમાં ગતવર્ષમાં એક ડોકીયું કરીએ તો અનેક એવી પરિસ્થિઓ સર્જાઈ હશે કે જેમાં આપણે ઈશ્વરની દયાનો સાક્ષાત્કાર કર્યો હશે. આર્થિક, સામાજીક, માનસિક કે શારીરિક સમસ્યાઓમાં સપડાયેલ આપણને ઈશ્વરની દયાએ ઊગારી લીધાં છે.

વાત એમ છે કે પાસ્ખાનાં થોડાં જ દિવસો બાકી હતાં. ઈસુ બેથનિયામાં આવે છે, જ્યાં તેમણે લાઝરસને સજીવન કર્યો હતો. ઈસુના માનમાં ત્યાં ભોજન-સમારંભ ગોઠવાયો હતો. એવામાં મરિયમ ત્યાં પંગતમાં આવીને ઈસુનાં ચરણોમાં અત્યંત કીમતી અત્તર લગાવે છે. એટલું જ નહીં પોતાનાં વાળથી એમનાં ચરણોને લૂછે છે. અત્તરની સુવાસ આખા ભોજનખંડને સુગંધિત બનાવી દે છે. આ પ્રસંગને જોતાં યહુદાથી ચૂપ ન રહેવાયું, યહુદા બોલે છે કે, 'આ અત્તર ત્રણ રૂપામહોરમાં વેચીને તે રકમ ગરીબોને કેમ ન વહેંચી આપી?' શાસ્ત્રપાઠમાં આગળ આપણને વાંચવા મળે છે કે યહુદાનાં દિલમાં પાપ હતું. એને ગરીબો પ્રત્યે પ્રેમ ન હતો પણ તે પોતે ચોર હતો. ઈસુ આગળ પોતાના મૃત્યુની આગાહી કરતા દુ:ખી દિલે વાત કરે છે કે, એને જેમ કરવું હોય એમ કરવા દો; મારા દફનનાં દિવસ માટે ભલે એ સાચવી રાખતી, ગરીબો તો તમારી પાસે હંમેશા રહેવાનાં જ, પણ હું કાંઈ હંમેશ તમારી સાથે રહેવાનો નથી."

પોતાની જાતને સાચા ખ્રિસ્તીઓ કહેનાર આજે પણ એવા લોકો ને આપણે સમાજમાં જોઈએ છીએ. એ લોકો કહે છે, ઈસુને ગરીબોની ચિંતા ન હતી! વાસ્તવિકતામાં ઈસુ દિલની ઉદારતાને ગરીબાઈનો ઊત્તમ પાઠ ભણાવવા માંગતા હતા. માણસનું ગરીબ હોવું કે તવંગર એ ફક્ત ઈશ્વરના હાથની જ વાત નથી. ગરીબ માણસ જન્મ લે છે પણ મૃત્યુ એણે નક્કી કરવાનું હોય છે. ઈશ્વરે આપેલ કૃપાને પોતાની મહેનતથી એ પરિસ્થિતિ અવશ્ય બદલી શકાય છે. વાત જો ભક્તિની હોય તો ઈશ્વરને કોઈ રસ નથી કે તમે અમીર છો કે ગરીબ, ઈશ્વર તો દિલના ભાવ જુએ છે. મરિયમ ઈસુએ આપેલા આજ્ઞા પોતે જીવી જાણે છે. "ઈસુએ મારા સ્મારક તરીકે આ કરતા રહેજો" એમ કહી ફક્ત ખ્રિસ્તયજ્ઞ જ નહીં પરંતુ પગ ધોવાની વિધિને પણ મહત્ત્વ આપ્યું છે. યોહાનનાં ૧૨મા અધ્યાયમાં મરિયમ ઈસુના ચરણો આભારથી લૂછે છે અને ૧૩મા અધ્યાયમાં છેલ્લા ભોજનના પ્રસંગે ઈસુ શિષ્યોનાં પગ ધોઈને એક સેવકના રૂપમાં સાચા ગોવાળ તરીકે પ્રેમની આજ્ઞા આપતા જાય છે.

ઈશ્વરની દયાનુ વર્ણન શબ્દોથી નહીં અનુભવથી વધારે વર્ણવી શકાય છે. આ દયાનું વર્ષ એટલે મારે મારા ભાઈભાંડુઓના પગ

ધોવા. પગ ધોવા એ યહુદી સમાજમાં નોકરોનું કામ હતું. ઈશ્વર શેઠ નહી, પણ નોકર સૌનાં સેવક બનવાનું આહવાન કરતાં ગયા છે.

થોડા સમય પહેલાં હિમાલયની તળેટીઓમાં ઉત્તરાખંડ રાજ્યનાં બીજનોર ધર્મપ્રાંતની મુલાકાત લેવાનો લ્હાવો મળ્યો. પ્રેમધામ નામે એક ધર્મપ્રાંતીય આશ્રમ છે. જેમાં અપંગ અને નિરાધાર લોકોની સારસંભાળ લેવામાં આવે છે. મુખ્ય ફાધરની સાથે વાત કરતાં મને દયાનું ઊત્તમ ઉદાહરણ  એમનામાં દેખાયું. એમનો સહજને પ્રેમાળ સ્વભાવ એ એવા લોકો સાથે વહેંચી રહ્યાં છે જે એમને બદલામાં કાંઈ નથી આપવાનાં. જન્મથી આંધળા અને પથારીવશ એક બાળકને પ્રેમથી જ્યારે એમણે પોતાનાં હાથમાં ઉચક્યું ત્યારે ઈશ્વરનો પ્રેમ પ્રજ્વલિત થયો. આશ્રમની મુલાક્ત પછી એમણે એક જ વાક્યમાં પોતાનો જીવનનો સાર સમજાવ્યો. અમને શિખામણને યોગ્ય માર્ગદર્શન આપતાં હોય એમ તેમણે કીધું, વ્હાલાં બ્રધરો, તમે પુરોહિતો બનવાનાં છો, પણ ઈસુનાં મૂલ્યો અનુસાર જીવન જીવવાનો પ્રયત્ન કરતા રહેજો. ઈસુએ પહેલાં પગ ધોયા ને પછી ભોજન કર્યું તેમ તમે પણ આ ચાલુ રાખજો. વાત ખૂબ જ સીધી હતી પણ એ પડકાર સમાન સમાન બની ગઈ. (First wash the feet then break the bread). આ આજ્ઞા ફક્ત મારા પુરોહિત તાલીમ માટેની કે પુરોહિતપણાની નથી પરંતુ આપણા સૌની છે.

ઈસુ ગુરૂ થઈને પગ ધોવે છે. હું અને તમે ઈસુનાથી તો મોટા નથી જ, તો વાર કઈ બાબતની છે. પગ ધોવા એટલે જે મારાથી બની શકે એ દરેક મદદ હું બીજાને માટે કરી શકું એટલું જ ઈસુ ઈચ્છે છે. બેથેનિયાની મરિયમ લોકોની પરવા નથી કરતી. ઈશ્વર પ્રત્યેનો પોતાનો સાચો પ્રેમ વ્યક્ત કરે છે. હું પણ મારાં વાણી, વિચાર ને વર્તનમાં જો ઈશ્વરને પ્રગટ કરવા માંગતો હોઉ તો સેવા કરવાની એકએક તક ઝડપી લઉ એ જ યોગ્ય છે.

પરમપૂજ્ય વડાધર્મગુરુ ફ્રાન્સિસ, આપણને ઈશ્વર પિતા જેવા દયાળુ બનવાનું કહે છે. પરમપિતાએ પોતાના એકના એક દીકરાને જગતના ઉધ્ધાર માટે મોકલી આપ્યો તે જ એમની દયા. ઈસુએ પિતાની આજ્ઞા અનુસાર મારા ને તમારા માટે પોતાનો પ્રાણ ક્રૂસ પરના બલિદાન રૂપે આપી દીધો એ તેમની દયા. પવિત્ર આત્મા પચાસમાંના પર્વથી લઈને આજે પણ ધર્મસભાને દોરતા રહે છે એ તેમની દયા. ત્રૈક્ય પરમેશ્વરને પ્રાર્થીએ કે આપણે પિતા, પુત્ર અને પવિત્ર આત્માના નામે દયાના સાચા વાહકો બનીએ.

*– બ્રધર વિલ્સન દાનિયેલ ચૌહાણ*

## દયા નવજીવનનું ઝરણું

"તમારા પિતા જેમ દયાળુ છે તેમ તમે પણ દયાળુ થજો."
(લૂક ૬:૩૬)

સંત લૂકના શુભસંદેશમાં પ્રેમ ને દયા કેન્દ્રસ્થાને મૂકવામાં આવેલ છે. એક બાપુજી કે બા, તેમનાં બાળક પ્રત્યે અંતરનાં ઊંડાણમાંથી પ્રેમ પ્રગટ કરે છે, તેમ પરમેશ્વર પિતા પોતાનાં સંતાનો પ્રત્યે એથી વધારે દયા દર્શાવે છે, જે માત્ર નિરાકાર વિચાર નથી, નક્કર વાસ્તવિકતા છે. દયાના જીવંત અને પ્રત્યક્ષ પરચાની પરાકાષ્ઠા નાઝરેથનાં ઈસુના જીવનમાં આપણને અવશ્ય જોવા મળે છે. પરમેશ્વરની દયા અને ભલાઈ, આપણા જીવનને ભરપૂર કરે છે.

પ્રભુ ઈસુનાં સમયમાં, એક સ્ત્રી તેના પતિ કે પુત્ર દ્વારા ઓળખાતી હતી. આ સ્ત્રી એક વિધવા બાઈ હતી. તેનું કોઈ આગળ પાછળ દેખરેખ રાખવા માટે ન હતું, તેના એક દીકરા સિવાય. અત્યારે આ દીકરો પણ તેનાં જીવનમાંથી લઈ લેવામાં આવે છે ત્યારે પ્રભુ ઈસુ આ વિધવા બાઈ ઊપર રહેમ નજર કરે છે. આ છે દયા અને પ્રેમનો એક ઉત્તમ દાખલો જે પ્રભુ ઈસુ આપણી પ્રત્યક્ષ મૂકે છે.  ઈસુના સમયમાં મડદાને અડવું એ ખૂબજ ધૃણા જનક બાબત હતી. તેમ છતાં પ્રભુ ઈસુ નનામી પાસે જઈને તેનાં ઉપર હાથ મૂકે છે. અને માત્ર શબ્દ દ્વારા જ આ વિધવા બાઈના દીકરાને સજીવન કરે છે. જૂના કરારમાં રાજાઓનાં પહેલા ગ્રંથમાં આપણને એલિયા ઈશ્વરનો પ્રાણ એક વિધવા બાઈનાં દીકરામાં ફૂંકે છે. તેની યાદ દેવડાવે છે. અહીં એલિયા ત્રણ વાર છોકરાને શ્વાસ આપે છે અને ઈશ્વરની શક્તિ દ્વારા તેને નવજીવન બક્ષે છે જ્યારે પ્રભુ ઈસુ શબ્દ માત્રથી, દયામય નજર ફેરવી તેને સજીવન કરે છે.

દર્શનના ગ્રંથ ૨૧મા અધ્યાય ચોથી કલમ કહે છે, " તે તેમની આંખનું એક એક આંસુ લૂછી નાંખશે અને મરણ, રુદન, વિલાપ અને દુઃખનો અંત આવશે; જૂનું બધું જ ચાલ્યું ગયું છે." શુભસંદેશમાં જણાવ્યા મુજબ પ્રભુ ઈસુનો આ ચમત્કાર, ઉપરની કલમ હકીકતમાં અનુભવાય છે. ઈશ્વર પોતે આપણાં દુઃખ, દર્દો જાણીને આપણાં આંસુ લૂછે છે. વિધવા બાઈની દુઃખ તકલીફો સમજીને ઈસુ તેનાં આંસુ લૂછે છે અને તેના દીકરાનાં નવજીવનના પ્રતાપે તેના જીવનમા સુખ બક્ષે છે. આ શાસ્ત્રપાઠને અલગ દૃષ્ટિકોણ આપતાં એવું કહી શકાય કે આપણે પણ આપણી નબળાઈઓમાં, આપણાં પાપોમાં મૃત્યુ પામ્યા છીએ પરંતુ દયાવાન ઈશ્વર તેમની રહેમ નજર કરી આપણને દરેક પળે નવું જીવન આપે છે. આપણે દરરોજ સહીસલામત સવારે ઊઠીએ તથા મુસાફરી કરતાં હેમખેમ પાછા ફરીએ છીએ એ જ આપણાં માટે ઈશ્વર તરફથી નવજીવન અને તેમની આપણા પરની દયા.

વડાધર્મગુરુ ફ્રાન્સિસે આપણને આ વર્ષ 'દયાનું વર્ષ' તરીકે આપેલ છે. લૂક ૭:૧૩ માં કહેવામાં આવે છે "તેને જોઈને પ્રભુને દયા આવી" 'લોકોની પરિસ્થિતિ જોઈને તેમનું હૃદય દયાથી ભરાઈ આવ્યું' તે જ રીતે આપણું હૃદય પણ આપણાં ભાઈભાંડુઓ માટે અનુકંપાશીલ હોવું જોઈએ. કાના ગામમાં જ્યારે લગ્ન પ્રસંગે દ્રાક્ષાસવ ખૂટી જાય છે ત્યારે માતા મરિયમનું હૃદય પણ દયાથી ઉભરાઈ આવે છે.તે પોતાના પુત્રને વિનંતી કરે છે અને લોકો પર દયા ભરી નજર ફેરવવા માટે આહવાન કરે છે. આપણે સર્વે દયામયી માતાના આશ્રયે આ વર્ષ સોંપીએ જેથી  તેમની અવિરત નજર આપણા જીવનમાર્ગ પર મંડાયેલી રહે.

"પ્રણામ ઓ રાણી, દયાની મા,
તારી દયાની આંખો અમારા પર ફેરવ."

*– જોન પીટર ડી..*



# જીવનનો સારથિ

✍ એલ્વીન થોમસ ક્રિસ્ટી
'ડેમોલકર'

*મેનેજર, ફાર્મા કંપની*

જીવનની ભાગદોડ કરનારાઓ શાંતિ માટે તડપે છે. સાંજ-સવાર નોકરી-કામધંધો કે બાળકોના શિક્ષણની ચિંતામાં અતિ વ્યસ્ત માનવી અશાંતિનો શિકાર બન્યો છે. આ બધું છેલ્લાં થોડાં વર્ષોમાં જ બન્યું છે. શારીરિક-માનસિક, આધિ-વ્યાધિ-ઉપાધિઓએ માણસને ભય, ચિંતા, દુઃખ, અસલામતિ અને હતાશાની બક્ષિસ આપી છે ! આ બધી સમસ્યાઓનાં મૂળમાં છે શ્રદ્ધાનો અભાવ. પછી એ અભાવ પોતાની જાત ઉપરનો કે ઈશ્વર ઉપરનો હોય શકે !

નિયમિત પણે દેવળમાં જતાં ઈસુપંથી હોય કે મંદિરમાં દર્શનાર્થે જતાં ભાવિક ભક્ત હોય કે પછી મસ્જિદમાં બંદગી કરતા ખુદાના બંદા હોય, મોટાભાગે આપણી પ્રાર્થના-ભક્તિ-બંદગી હોઠ પર જ રહે છે, એથી આપણા હૈયામાં ઉતરી હોય એમ લાગતું નથી. આપણી પ્રાર્થના પેલા ફરોશી જેવી તો નથી ને? "હે ઈશ્વર, હું બીજા માણસો જેવો લોભી, અન્યાયી, વ્યભિચારી અથવા આ જકાતદાર જેવોય નથી. એ બદલ હું તારો પાડ માનું છું. હું અઠવાડિયે બે વાર ઉપવાસ કરું છું અને મારી પૂરેપૂરી આવકનો દશમો ભાગ ધર્માદામાં આપું છું." (લૂક ૧૮ઃ૯-૧૪) પોતે ધર્મપરાયણ છે એવી જેમને ખાતરી હતી અને જેઓ બીજા બધાનો તિરસ્કાર કરતા હતા એવા લોકોને ઉદ્દેશીને ઈસુએ આ દૃષ્ટાંતકથા કહી હતી. અંતે જકાતદારની પાર્થના : "હે ભગવાન, મુજ પાપી પર દયા કરો", ના પર ઈસુએ ઈશ્વરની કૃપાની મહોર મારી હતી. કલાકોની શ્રદ્ધાવિહોણી પ્રાર્થનાને બદલે શ્રદ્ધાસભરની એકાદ ક્ષણની પ્રાર્થના  ધન્ય છે. પ્રભુ તો અંતર્યામી છે. તેઓ આપણી શ્રદ્ધાને પારખે છે.

કોઈક ઠેકાણે વાંચેલી એક વાર્તા યાદ આવે છે : એક નગરમાં દેવળની બરાબર સામે 'બાર' (દારૂની દુકાન)નું ઉદ્‌ઘાટન થયું. શ્રદ્ધાળુઓએ બાર બંધ થાય તે માટે દેવળમાં પ્રાર્થનાનો ઈલાજ કર્યો. મહિનાઓ પછી વીજળીના કારણે બારમાં આગ લાગી અને દુકાન બળીને ખાખ થઈ ગઈ. બારના માલિકે દેવળના ધર્માધિકારીઓ પર આરોપ મૂક્યો : 'તમારી નિયમિત પ્રાર્થનાને કારણે જ આ નુકસાન થયું છે,' ધર્માધિકારીઓએ હાથ ઊંચા કરી દીધા. આરોપનો ધરાર ઈન્કાર કર્યો. કોર્ટમાં કેસ ગયો ન્યાયાધીશે ટીખળ કરી : 'આ કેસમાં ન્યાય કરવો અઘરો લાગે છે, કારણ બારનો માલિક પ્રાર્થનાની શક્તિ પર ભરોસો રાખે છે, જ્યારે ખ્રિસ્તી સમુદાયને પ્રાર્થના પર જ વિશ્વાસ નથી !' જો પ્રભુ સારથિ હોય તો...?

એકવાર પ્રેષિતોએ પ્રભુને કહ્યું : "અમારી શ્રદ્ધા વધારો, પ્રભુએ જવાબ વાળ્યો : તમારામાં રાઈના દાણા જેટલીયે શ્રદ્ધા હશે અને તમે આ ઉમરાના ઝાડને કહેશો કે અહીંથી ઉખડીને દરિયામાં રોપાઈ જા તો તે તમારું કહ્યું કરશે." (લૂક ૧૭ઃ૫-૬)

પ્રભુ આપણી શ્રદ્ધા વધારે એ જ પ્રાર્થના. ●

Email : alwinsanzyme@gmail.com

---

*૩૫ પાન પરનું અનુસંધાન...*

પણ સત્યનાં કારણે તેઓ પોતાનાં પ્રેમનો ભોગ આપવા તૈયાર થતા નથી. પણ વાસ્તવિકતા તો એ છે કે જો પ્રેમને પાંગરવું હોય, વિકસવું હોય તો તેનાં પાયામાં સત્ય જોઈએ. કારણ માનવસંબંધનો પાયો સત્ય ઉપર ઊભો છે, જો તમારો પ્રેમ અને તમારા સંબધો સમજદારી ભર્યા અને ઊંડા હશે તો ગમે તેટલું સત્ય હશે તો પણ તમારા સંબંધો અને પ્રેમને નુકસાન નહીં થાય, માનવસંબંધો બાંધવા અને ટકાવવા માટે સત્ય જરૂરી જ નહી અનિવાર્ય છે. રોજિંદા જીવનમાં એકમેક સાથે હંમેશા સત્ય બોલવાનો જ આગ્રહ રાખવો જોઈએ, સત્ય વગર કોઈ સંબંધ ટકતા નથી, વિકસતા નથી અને અકાળે નાશ પામે છે. જ્યારે સત્યમાં એક અન્ય શક્તિ છે, જ્યારે અસત્યમાં આ શક્તિ જોવા મળતી નથી, અસત્ય બોલવાથી એક તનાવ ઊભો થાય છે. પકડાઈ જવાની એક ભીંતિના કારણે ભીંતર તનાવ ઊભો થાય છે.


સત્ય દેખવામાં સામાન્ય હોય છે પણ તેની બહુ આયામી અસર જીવનમાં પડતી હોય છે. સત્યનો કોઈ દેખીતો ફાયદો પ્રથમ નજરે જોવા ન મળે પણ સત્યસથી માનવસંબંધો જળવાઈ રહે છે. ભીતર શાંતિનો અનુભવ થાય છે અને આધ્યાત્મિકતા વિકસે છે, આથી વર્ષોથી આપણે સત્યને શોધતાં હોઈએ છીએ ક્યારેક પુસ્તકોમાં શોધીએ છીએ ક્યારેક મંદિર કે મસ્જિદમાં શોધીએ છીએ કે દેવળમાં શોધીએ છીએ પણ સત્યતો રોજિંદા જીવનમાં છે, પ્રત્યેક પળમાં છે, તેને ઓળખવા અને પામવા માટે હૃદય ખુલ્લું અને વિશાળ હોવું જોઈએ. આ સત્યને સહારે જ તમે ઈતિહાસનાં પાને અમર થઈ શકો છો પણ સત્ય બોલવા કરતાં વ્યવહારું થવું વધારે સહેલું છે, પસંદગી તમારી ? ●

---

*૩૨ પાન પરનું અનુસંધાન...*

યાદ રાખીએ... બાળ ક્ષણના સેલીબ્રેશન માટે કોઈ તૈયાર કે સૂચિત રીત કદાપી ન હોઈ શકે. સૌએ પોત-પોતાની સેલિબ્રેશન શૈલી ખુદ જ વિકસાવવી પડે. આ બાળદિને આપ સર્વને આપની પોતાની કહી શકાય તેવી બાળક્ષણોનાં સર્જન માટે હાર્દિક શુભેચ્છાઓ.

છેલ્લે, થોડું હોમવર્ક : વિચારો..... આપે છેલ્લે આવી કોઈ બાળ-ક્ષણનું સેલિબ્રેશન ક્યારે કર્યું હતું ? હોમવર્ક ન કરવાની બાળસહજ બેપરવાહી કરીને પણ આપ બાળ-ક્ષણનું સેલિબ્રેશન કરી શકો! ●



# બાળદિન


✍ ક્રિશ્ચિયન રિચર્ડ ફ્રાન્સિસ

*મણિનગર - અમદાવાદ*


સમગ્ર રાષ્ટ્ર ૧૪ નવેમ્બર, પંડિત જવાહરલાલ નહેરુનો જન્મદિવસ બાળદિન તરીકે ઉજવે છે. પંડિતજીને બાળકો અપાર પ્રિય હતાં એટલે જ પોતાના જન્મદિવસને બાળદિન તરીકે ઉજવવાની ભેટ બાળકોને તેમણે આપી છે. બાળદિનની ઉજવણી નિમિત્તે ઠેર ઠેર વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે, પણ તે પછી શું ?

'બાળકોને મારી પાસે આવવા દો. તેમને રોકશો નહીં કારણ ઈશ્વરનું રાજ્ય તેમના માટે છે.' (માર્ક ૧૦:૧૪-૧૬)

વચનોમાં ઈસુ પણ બાળકો પ્રત્યે આદર દર્શાવે છે. સ્વર્ગના રાજ્યની પ્રાપ્તિ માટે બાળસહજ નિર્દોષતાને આગળ કરી તેમણે બાળકોનું ગૌરવ કર્યું છે. આપણાં ઘર-શાળા-સમાજમાં બાળકોને આપણે પ્રોત્સાહન આપીએ છીએ! મધ્યમ વર્ગના પરિવારમાં બે છેડા ભેગા કરવા મથામણ કરતાં માબાપ બન્ને, મોટા ભાગે આર્થિક પ્રવૃત્તિમાં જોતરાયાં હોય છે ત્યારે બાળકના બાળપણને નિર્દય રીતે કચડી નાખવામાં આવે છે! સંયુક્ત પરિવારમાં દાદાદાદીના સાંનિધ્યમાં બાળકોનો ઉછેર હવે સ્વપ્નવત્ લાગે છે ! ક્યાંક ભાડૂતી મમતા, ક્યાંક ઘોડિયાઘરનો આશરો !

બાળદિનની ઉજવણી એ માબાપ-વડીલો-ગુરુજનોએ આત્મ નિરીક્ષણ કરવાનો દિવસ છે. જાણેઅજાણે બાળકના બાળપણના બાળમરણના આપણે નિમિત્ત તો નથી બનતાંને ? ઘોડિયાઘરે ઘરડાઘરને જન્મ આપ્યો છે, એ વાત સમજવા કેટલાં વર્ષ લાગશે! બાળકના નિર્દોષ, નિખાલસ, નિ:સ્વાર્થ વ્યક્તિત્વના સર્વાંગી વિકાસમાં આપણે સૌ પ્રોત્સાહન આપીએ તો....! બાળદિનની ઉજવણી રોજરોજ ઘર-શાળામાં કરીએ તો ! અત્રે ઉજવણીનો અર્થ કેવળ કાર્યક્રમ પ્રવૃત્તિ જ નહીં, તેના વિકાસમાં સહયોગ આપીએ, અવરોધરુપ ન બનીએ.

નાનાં ભૂલકાંને જોતાં મારું બાળપણ યાદ આવી જાય છે. દેવળમાં વેદીસેવક બનવા માટે કલાક પહેલાં દેવળમાં પહોંચવાનું મને સ્મરણ થાય છે. મારી યુવાનીમાં પણ ક્યારેક મને બાળકોની ઈર્ષા આવી છે, કાશ ! મારું બાળપણ મને પાછું મળે તો.... કોઈ કાળે આજનાં બાળકોનું બાળપણ તેમને પાછું મળવાનું નથી, એવી સભાનતાથી બાળકનો પ્રત્યેક દિવસ, પળ તેના જીવનની યાદગાર બની રહે એવો નમ્ર પ્રયાસ કરીએ તો .... બાળદિનની ઉજવણી સાર્થક બનશે.

ગરીબી રેખા નીચે જીવતાં પરિવારનાં બાળકો, શાળાએ જવાને બદલે બાળ મજૂરી કરતાં બાળકો, માબાપ વગરનાં અનાથ આશ્રમમાં ઉછરતાં બાળકો કે રીમાન્ડ હોમના બાળકો.... કોણ તેમને બાળપણનો આનંદ આપશે ? મંદબુદ્ધિ કે વિકલાંગ બાળકોના શિક્ષણ - વિકાસની ચિંતા કરનાર કેટલીક સ્વૈચ્છિક સંસ્થાને સલામ કરવી પડે, એટલું સારું કામ તેઓ કરે છે. બાળદિનની ઉજવણી આવા કેન્દ્રની ઘરપરિવારે મુલાકાત દ્વારા કરીએ તો... જૂની ફિલ્મ 'દો કલિયાં' માં યાદગાર ગાયિકા લત્તા મંગેશકરના સ્વરમાં લોકપ્રિય બનેલા ગીતની કડીઓ ..

'બચ્ચે મનકે સચ્ચે, સારે જહાકી આંખ કે તારે
યે વો નન્હે ફૂલ હૈ, જો ભગવાન કો લગતે પ્યારે'
નું ગુંજન મારા કાને પડે છે... આપને, હેપ્પી ચિલ્ડ્રન ડે. ●



બ્રાઈડ એન્ડ બ્રાઈડલ્સ
* આકર્ષક ઈમ્પોર્ટેડ વેડિંગ ગાઉન મળશે.
* ડિઝાઈનર વેડિંગ ગાઉન, ફ્લાવર ગર્લ્સ - ડિઝાઈનર ફ્રોક, ગાઉન, ફર્સ્ટ કમ્યુનિયન અને બેપ્ટિસમ સેટ બનાવનાર.
પારૂલ મેકવાન વેડિંગ ગાઉન ડિઝાઈનર
"ચંદ્રનિલય" સુર્યનગર સોસાયટી, સેન્ટ ઝેવિયર્સ રોડ, આણંદ.
(મો.) ૯૮૭૯૮ ૫૭૭૯૭, ૯૭૨૭૭ ૦૪૧૨૫, ૮૪૬૦૫ ૯૦૨૪૫

સરજીલભાઈ
મો. ૯૫૭૪૯ ૫૪૭૮૬
૯૯૦૯૪ ૧૫૧૮૦
MAA સ્ટીલ ફર્નિચર
દરેક પ્રકારના દીવાલગોખલાના ડ્રેસીંગ કબાટ, અભરાઈ કબાટ, કીચન કબાટ સંતોષકારક બનાવનાર.
વડોદરા, પેટલાદ, આણંદ, નડીઆદ બહારગામના ઓર્ડર લેવામાં આવે છે.

પરેશ એ. વાઘેલા
૯૭૨૩૧ ૬૦૭૭૩
દિપક એ. વાઘેલા
૮૪૬૦૦ ૮૨૬૬૫
અગ્નેલ ગેસ ગીઝર
ગરમ પાણી માટે ગેસ ગીઝર મળશે.
ફ્રિઝ, એ.સી., રીપેરીંગ માટે મળો.
ખ્રિસ્તી મહોલ્લો, વલાસણ, તા.જિ. આણંદ

કેતુલ કે.
૯૯૯૮૪ ૪૭૭૩૬
૯૧૭૩૭ ૩૦૩૮૭
યહોવાહ યિરેહ
✝
વિજય મેકવાન
૯૮૯૮૦ ૯૮૧૨૨
૯૮૨૪૮ ૩૦૮૪૯
"હોસાન્ના" રીયલ એસ્ટેટ
ફ્લેટ, ટેનામેન્ટ, દુકાન, ઓફિસ, શેડ
વેચાણ તથા ભાડે આપવા-લેવા માટે મળો.
નવજ્યોતિ સોસાયટીના ગેટ પાસે, મેથોડીસ્ટ ચર્ચ રોડ, મણીનગર(ઈસ્ટ), અમદાવાદ

પધારો અમારે આંગણે... વડતાલ ધામમાં... હાર્દિક આમંત્રણ...

# ઈસુના પૂજ્ય હૃદયની ૧૯મી સામૂહિક યાત્રા



**: નવસંધ્યા ભક્તિ :**

તા. ૪/૧૧/૨૦૧૬ થી ૧૨/૧૧/૨૦૧૬

રોજ સાંજે ૫.૩૦ કલાકે

**પર્વ દિન : ૧૩ નવેમ્બર ૨૦૧૬, રવિવાર**

સવારે ૯:૩૦ કલાકે ભવ્ય સરઘસ

(વડતાલ ચોકડીથી દેવાલય સુધી)

**પરમયજ્ઞ** : સવારે ૧૦:૦૦ કલાકે

(રેવ. ફાધર જોયલ પાયસ - વિકર જનરલ, વડોદરા ધર્મપ્રાંત)

નોંધ : ખ્રિસ્તયજ્ઞ પછી સ્નેહભોજનની વ્યવસ્થા કરેલી છે.



## અગ્નેલ બાબાની ૮૯મી પુણ્યતિથિ

## ૨૦ નવેમ્બર, ૨૦૧૯

ત્રિસંધ્યા ભક્તિ : તા. ૧૭, ૧૮, ૧૯ (સાંજના ૫:૩૦ કલાકે)

વિશેષ પરમયજ્ઞ : તા. ૨૦/૧૧/૨૦૧૬ (બપોરે ૩:૦૦ કલાકે)

**લિ. પુરોહિતગણ, સાધ્વીબેનો તથા ધર્મજનો,**

**અગ્નેલ ધામ, ઈસુના પૂજ્ય હૃદયનું દેવાલય, વડતાલ**

૧૪ નવેમ્બર : બાળદિન

સ્નેહના સંબંધોની કૂચી

સંત જોન્સ બર્કમેન્સ

પરમેશ્વર પિતાનો પત્ર

નાનકડો બાળક




કોયડો ઉકેલો

ચિંતન પુષ્પ :

૧૬ નવેમ્બર :

રાષ્ટ્રીય પત્રકારદિન




**બાળકોને સ્નેહ આપીએ; તેમની પ્રગતિમાં પથદર્શક બનીએ...**

## ૧૪ નવેમ્બર : બાળદિન

વિશ્વભરમાં દર વર્ષે ૨૦ નવેમ્બરના દિવસે બાળદિનની ઉજવણી કરવામાં આવે છે. બાળપણાની ઉજવણી માટે આ દિવસે વિવિધ કાર્યક્રમોનું આયોજન થાય છે. ૧૯૫૯ પહેલા ઓક્ટોબર માસમાં બાળદિન ઉજવાતો. સંયુક્ત રાષ્ટ્રસંઘ (UNO) દ્વારા આની સૌ પ્રથમ વાર ૧૯૫૪માં ઉજવણી થઈ હતી. દુનિયાભરના અલગ અલગ દેશનાં બાળકો એકબીજાની સંસ્કૃતિ જાણે અને તેમની વચ્ચે સંવાદનું વાતાવરણ સર્જાય તથા જરૂરિયાતમંદ બાળકોને સહાય પૂરી પાડી શકાય એ આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ હતો. સંયુક્ત રાષ્ટ્રસંઘ (UNO) દ્વારા બાળ અધિકારની ઘોષણાના અનુસંધાને ૨૦ નવેમ્બર ૧૯૫૯થી બાળદિનની ઉજવણી મુક્કરર કરવામાં આવી હતી. ૧૯૮૯માં આ જ દિવસે બાળ અધિકારનો કાયદાપત્ર જાહેર કરવામાં આવ્યો હતો. સમયાંતરે અત્યાર સુધીમાં દુનિયાના ૧૯૧ દેશ આ ઘોષણા પત્ર પર પોતાના દેશ તરફથી મંજૂરી આપી ચૂક્યા છે.



આપણા ભારત દેશમાં બાળદિનની ઉજવણી થોડીક વહેલી ૧૪ નવેમ્બરના દિવસે કરવામાં આવે છે. સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુની જન્મતિથિની ઉજવણી આપણે ત્યાં બાળદિન તરીકે થાય છે. જવાહરલાલ નહેરુને બાળકો અત્યંત પ્રિય હતાં. વળી પંડિતજી એક ખાસ બાળક હતા જેમને આઝાદ ભારતના પ્રથમ વડાપ્રધાન બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. એજ કારણે તેમનો જન્મદિવસ બાળદિન તરીકે મનાવવામાં આવે છે.

આ દિવસે દેશભરમાં અનેકવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. બાળકોના આ ખાસ દિવસે બાળ સંરક્ષણ અને તેમની સંભાળ તથા વિકાસ માટે પ્રયત્નો કરવામાં આવે છે. આનંદ પ્રમોદની ઉજવણી તો ઠેકઠેકાણે થતી હોય છે પરંતુ અનાથાલયોમાં અને બાળકલ્યાણ ગૃહમાં રહેતા બાળકોની મુલાકાત લઈ તેમને જરૂરી એવી વસ્તુઓ, કપડાં, રમકડાં, સ્ટેશનરી, પુસ્તકો વગેરેની ભેટ આપવી જોઈએ.

સમાજથી વિખૂટા પડેલ આવાં બાળકોની સાથે સમય પસાર કરી તેમની સાથે રમતો રમી તેમને ખુશ કરી શકાય. અનાથાલયો, બાળકલ્યાણ ગૃહમાં જઈ ત્યાંના બાળકો સાથે જુદી જુદી રમતો કે હરીફાઈ યોજી શકાય. જો દરેક જણ આવી કોઈ પ્રવૃત્તિ યોજે તો કેટલાં બધાં બાળકોના ચહેરા પર સ્મિત લાવી શકાય. તેમના હૈયે આનંદ રેલાવી શકાય.

## સ્નેહના સંબંધોની કૂચી

એક નાનો બાળક હતો. એની મમ્મી તેના માટે રોજ સારુ સારુ ખાવાનું બનાવતી. તેની મમ્મી નોકરીએથી આવીને થાકેલી હોવા છતાં ખુશીથી આ બાળક અને તેના પિતા માટે રસોઈ કરતી.

એક દિવસે સાંજે વાળુના સમયે ત્રણેય જણ સાથે જમવા બેઠાં. રસોઈમાં બાળકને સરસ મજાની ફુલકા રોટલી પીરસવામાં આવી હતી. પરંતુ તેના પિતાની રોટલી જરા

વધારે શેકાઈ ગઈ હોવાથી બળી ગઈ હતી. પેલો છોકરો જોવા લાગ્યો કે બળેલી રોટલી જોઈ તેના પિતા કેવી પ્રતિક્રિયા આપશે? પરંતુ જાણે ખબર જ ના હોય તેમ તેના પિતાએ આનંદથી બળેલી રોટલી ખાઈ લીધી. અને પુત્રનો આજનો દિવસ શાળામાં કેવો રહ્યો, તેનો અભ્યાસ કેવો ચાલે છે, વગેરે વાતચીત કરવા લાગ્યા. ભોજન પછી પુત્રએ સાંભળ્યું કે રોટલી થોડી બળી ગઈ હતી તે માટે તેની માતાએ પિતાની માફી માગી. ત્યારે પિતાએ પ્રેમસભર શબ્દોમાં કહ્યું "મારી વ્હાલી, મને તો થોડી બળેલી રોટલી ખાવાની બહુ મઝા પડી. કેવો સરસ બિસ્કીટ જેવો ટેસ્ટ હતો એનો!!!"

રાત્રે સૂતાં પહેલાં પિતાને ગુડ નાઈટ કહેતી વખતે પુત્રએ પિતાને પૂછ્યું, "પપ્પા, તમને ખરેખર બળેલી રોટલી ગમે છે?" ત્યારે પિતાએ પુત્રને વહાલથી પોતાના ખોળામાં બેસાડીને કહ્યું, "મારા વ્હાલા દીકરા, તારી મમ્મી આખો દિવસ નોકરીએ જાય છે. સાંજે થાકીને આવ્યા પછી પણ પ્રેમથી આપણા માટે રસોઈ કરે છે. તો એકાદ દિવસ રોટલી થોડી બળી ગઈ તો શું થઈ ગયું? બેટા બળેલી રોટલીથી કશું ખાટુંમોળુ નથી થતું પરંતુ અપમાન અને ગુસ્સાથી બોલેલા કડવા વેણથી મોટું નુકસાન થાય છે.

વ્હાલા કિશોરમિત્રો, જીવન અનેક ખામીઓથી અને નબળાઈઓથી ભરેલું હોય છે. કોઈ વ્યક્તિ સંપૂર્ણ રીતે યોગ્ય નથી હોતી. દરેકમાં કોઈને કોઈ ઉણપ હોય જ છે. પરંતુ સામેની વ્યક્તિની ખામી શોધવા કરતાં તેની સારી બાજુની કદર કરતાં શીખવું જોઈએ. તો જ આપણે એક ઉલ્લાસસભર, પ્રેમાળ અને આનંદિત કુટુંબનું નિર્માણ કરી શકીશું. અને તો જ સ્વસ્થ સમાજ રચાશે.

**સંત જોન્સ બર્કમેન્સ**



સંત જોન બર્કમેન્સનો જન્મ ૧૩ માર્ચ ૧૫૯૯ના રોજ ડાયેસ્ટ (હાલ બેલ્જિયમ દેશ) ખાતે થયો હતો. તેઓ એક મોચીના દીકરા હતા. તેમના પિતાનું નામ જોન ચાર્લ્સ અને માતાનું નામ એલિઝાબેથ હતું. ગરીબ પરિવારમાં જન્મ થવાથી આર્થિક તંગી તો નડે જ! અભ્યાસ ચાલુ રાખવા નાનપણમાં જોન બર્કમેન્સ, કેનન જોન ફ્રોયમોન્ટ નામના એક ઉમરાવ કુટુંબમાં નોકરનું કામ કરતા.

૧૬૧૫માં ઈસુસંઘે મેલિન્સ ખાતે એક કોલેજ શરૂ કરી. અને બર્કમેન્સ આ કોલેજમાં એડમિશન લેનાર પ્રથમ બેચના વિદ્યાર્થી હતા. જ્યારે જોને તેમના માતા પિતાને પત્ર લખી ઈસુસંઘમાં જોડાવાની ઈચ્છા પ્રગટ કરી તો તેમના પિતા જોનની કોલેજે દોડી આવ્યા અને જોનને સંસ્થામાંથી ઉઠાવી લઈ મેકેલેન ખાતેના ફ્રાન્સિસ્કન મઠમાં દાખલ કર્યા. અહીં તેમના એક સંબંધીએ પણ જોનની ઈસુસંઘમાં જોડાવાની ઈચ્છા બદલવા તેમને ખૂબ સમજાવ્યા. છેલ્લા ઉપાય તરીકે જોનના પિતાએ ધમકી આપી કે જો તું ઈસુસંઘમાં જોડાશે તો તેઓ અભ્યાસ માટે કોઈ નાણાકીય મદદ નહી આપે. પરંતું ઈરાદાના પાક્કા એવા જોન બર્કમેન્સ ૨૪ સપ્ટેમ્બર ૧૬૧૬ના રોજ ઈસુસંઘમાં ઉમેદવાર તરીકે જોડાયા. ૨૫ સપ્ટેમ્બર ૧૬૧૮ના દિવસે તેમણે ઈસુ સંઘમાં પ્રથમ વ્રત લીધાં અને તત્વજ્ઞાનની તાલીમ માટે એન્ટવર્પ ગયાં. લગભગ ૩૦૦ માઈલ દૂરનું તેમણે પગપાળા પોતાનો સામાન પીઠ પર લાદીને કાપ્યો. અને રોમન કોલેજમાં બે વર્ષની તાલીમ માટે જોડાયા.

૧૬૨૧માં ગ્રીક કોલેજમાં યોજાયેલ તત્વજ્ઞાનની વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લેવા તેમની કોલેજના ઉપરીએ જોનની પસંદગી કરી. ગ્રીક કોલેજનું સંચાલન એ સમયે ડોમનિકન્સ સંઘ પાસે હતું. જોન બર્કમેન્સે સ્પર્ધામાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. તેમના સ્પષ્ટ વિચારો અને ભાષણથી તેમણે હાજર બધાને અભિભૂત કર્યા. પરંતુ સ્પર્ધા પછી તેમને તાવ ચડ્યો. તેમને ફેફસાંમાં ચેપ લાગ્યો હતો. અને જોનની તબિયત બગડવા લાગી. તાવ અને મરડાને લીધે આખરે ૧૩ ઓગસ્ટ ૧૬૨૧ના દિવસે તેમણે આખરી શ્વાસ લીધા અને ૨૧ વર્ષ ૫ મહિનાની યુવા વયે તેમનું નિધન થયું.

તેમના મૃત્યુ પછી અંતિમ સંસ્કાર પહેલાં ઘણા દિવસો સુધી હજારો લોકો તેમના પાર્થિવ દેહના દર્શને આવતાં રહ્યાં. એ જ વર્ષે આર્શકોટના ઉમરાવ ફિલિપ ચાર્લ્સે સંત પદ માટેની અરજી વડાધર્મગુરુ પોપ ગ્રેગરી ૧૫માને મોકલી. મૃત્યુ પછી જોન બર્કમેન્સને મધ્યસ્થી દ્વારા અસંખ્ય ચમત્કારો નોંધાયા અને આખરે ૧૮૮૮માં તેમને સંત તરીકે જાહેર કરવામાં આવ્યા. જોન બર્કમેન્સ વેદી સેવકોના તથા ઈસુસંઘના સ્કોલાસ્ટીકના રક્ષક સંત ગણાય છે. આપણી ધર્મસભા નવેમ્બરની ૨૬ તારીખે જોન બર્કમેન્સ નું પર્વ ઉજવે છે.

**પરમેશ્વર પિતાનો પત્ર**

**મારા વ્હાલા બાળક,**

તું મને કદાચ ન ઓળખતો હોય, પરંતુ હું તને બરાબર ઓળખું છું. તારી એકે એક પ્રવૃત્તિ પર મારી નજર હોય છે. તું ક્યારે ઉઠે છે, ક્યારે ઉંઘે છે. તું શું શું કરે છે. આ બધું મારી જાણમાં હોય છે. અરે તારાં માથે રહેલા વાળની સંખ્યાની પણ મને ખબર છે. કારણ મેં તને મારી પ્રતિકૃતિરૂપે ઘડ્યો છે. મારામાં તારો વાસ છે. કારણ તું મારામાંથી જ પેદા થયો છે. ગર્ભમાં તેં જન્મ લીધો તેં પહેલાંથી જ હું તને ઓળખું છું. વિશ્વના નિર્માણ પહેલાંથી જ તું મારી યોજનામાં સામેલ હતો. તારું આખું આયખું મારી કિતાબમાં આલેખાયેલું છે. તારાં જન્મનું

સ્થળ, તારી કર્મભૂમિ, બધું જ મેં નિર્માણ કરેલું છે. ખાસ કાળજી લઈને મેં તને પેદા કર્યો છે. તારી માતાના ગર્ભમાં મારા થકી જ તારું અસ્તિત્વ આવ્યું છે અને મારા થકી જ તારો જન્મ થયો છે. હું પ્રેમ સ્વરૂપ છું અને તારી ઉપર મારા પ્રેમનો અઢળક વરસાદ વરસાવું છું. તારા દુન્યવી પિતા જેટલી તારી જરૂરિયાતો પૂરી કરી શકે એનાથી અનેકગણી વિશેષ ભેટો હું તારા પર ન્યોછાવર કરું છું. કારણ હું પ્રેમાળ પિતા છું. ...તને મળતી બધી જ ભેટો હું તેને પૂરી પાડું છું. હું જ તારો સર્જનહાર અને પાલનહાર છું.

તારું ઉજ્જવળ ભાવિ મારી યોજના પ્રમાણે મોટી આશા પર ટકેલું છે. કારણ હું અનંતકાળ સુધી તને ચાહતો રહીશ. સમુદ્રતટ પરની અગણિત રેત જેટલો મારો પ્રેમ અને તારાં ઉજ્જવળ ભાવિ માટે મારી યોજના છે. તારી સંભાળ રાખતાં મારું મન પ્રસન્ન થઈ ઉઠે છે. મારાં રુદિયામાં અનેરો આનંદ વ્યાપી જાય છે અને હું મારાં વચનથી કદી પાછી પાની કરીશ નહિ કારણ તું તો મારુ અનેરું અને શ્રેષ્ઠ સર્જન છે. મારાં મન અને દિલ સાથે તારો નાતો છે.

મારે તને અલૌકિક દૈવી દર્શન કરાવવાં છે. જો તું તારી સંપૂર્ણ ઈચ્છાથી મને પામવાની કોશિશ કરીશ તો જરૂર તારો મારી સાથે ભેટો થશે. હૃદયમાં મને મેળવવાની શ્રદ્ધા રાખીશ તો હું જરૂર તારી એ ઈચ્છા પૂર્ણ કરીશ.

તું ધારી શકે એથી અનેકગણી વધારે રીતે હું તને મદદ પુરી પાડી શકું. કારણ હું જ તારો પાલનહાર છું. તારી બધી મુશ્કેલીઓમાંથી તને બહાર આણી લાવનાર તારો સ્વર્ગીય પિતા હું જ છું. જ્યારે તું નિષ્ફળતાથી હતાશ થઈ ઉઠે છે ત્યારે તારામાં આશાનું સિંચન હું જ કરું છું. જેમ એક ભલો ગોવાળ તેના ઘેટાંને ખભે ઉંચકી લે છે તે રીતે જ તું મારાં દિલમાં જ વસે છે.

એક દિવસે હું તારી બધી અડચણો દૂર કરીશ. તારાં બધાં આંસુ લૂછી નાખીશ. આ પૃથ્વી પર ભોગવેલ બધી પીડા એક દિવસ હું મિટાવી નાખીશ. હું તારો પિતા છું અને તને અનંતકાળ સુધી ચાહતો રહીશ. તું મારી પાસે આવ અને સ્વર્ગમાં હું અનેરા ઉત્સવનું વાતાવરણ ખડું કરીશ. આદિ-અનાદિ કાળથી હું તારો સર્જનહાર છું અને અનંતકાળ સુધી રહીશ પણ.

હું તને સીધો સવાલ પૂછું છું - શું તું મારું સંતાન બનવા ચાહીશ ? હું સદા તારી રાહ જોતો રહીશ...

**પ્રેમ સહ**
**તારા સ્વર્ગીય પિતા પરમેશ્વર**



## નાનકડો બાળક અને સફરજનનું ઝાડ

ઘણા વર્ષો પહેલાંની વાત છે. સફરજનનું એક વિશાળ વૃક્ષ હતું. એક નાનકડા બાળકને આ ઝાડ ખૂબ પસંદ હતું. તે અવાર નવાર આ વૃક્ષ પાસે આવતો. તેની ટોચે ચઢી જતો. મીઠા મીઠાં સફરજન તોડીને ખાતો અને થાક લાગે ત્યારે આ વૃક્ષની શીતળ છાયામાં આરામ ફરમાવતો.

આમ એ બાળક અને પેલા વૃક્ષ વચ્ચે ગાઢ મિત્રતા બંધાઈ. બાળકને વૃક્ષ સાથે રમવું ગમતું અને સફરજનના ઝાડને પણ પેલા નાના બાળકનો સાથ ગમતો. થોડાં વર્ષો વીતી ગયાં. બાળક હવે થોડો મોટો થઈ ગયો હતો. હવે તે રોજ પેલા વૃક્ષ પાસે રમવા આવતો નહિં.

એક દિવસ અચાનક તે પેલા વૃક્ષ પાસે આવી પહોંચ્યો. તેનો ચહેરો ઉદાસ હતો.

"ચાલ, આવ... મારી સાથે રમ..." સફરજનના વૃક્ષે કહ્યું. "હવે હું નાનો બાળક રહ્યો નથી. હવે હું ઝાડની આજુબાજુ રમતો નથી..." પેલા કિશોરે જવાબ આપ્યો. "મારે રમકડાં જોઈએ છે. રમકડાં ખરીદવા મારે પૈસાની જરૂર છે."

"મારી પાસે પૈસા તો નથી... પરંતુ મારાં બધાં સફરજન તોડી લઈ તેને વેચીને તું પૈસા કમાઈ શકે છે." વૃક્ષે ઉકેલ ચીંધ્યો. પેલો કિશોર તો ખુશ થઈ ઉઠ્યો. ઝાડ પરના બધાં જ સફરજન તેણે તોડી લીધાં અને ત્યાંથી વિદાય થયો અને ફરીને પાછો આવ્યો જ નહિં. પેલું વૃક્ષ ઉદાસ થઈ ગયું.

ઉનાળાની બળબળતી બપોરનો સમય હતો. વર્ષો પછી પેલો કિશોર કે જે હવે પુખ્ત માણસ બની ગયો હતો તે પેલા સફરજનના વૃક્ષ પાસે આવી પહોંચ્યો. તેને આવેલો જોઈ સફરજનનું ઝાડ ખુશીથી ઝૂમવા લાગ્યું. "તું મારી સાથે રમીશ?" સફરજનના વૃક્ષે પૂછ્યું, ત્યારે પેલા માણસે કહ્યું." હવે મારી રમવાની ઉંમર જતી રહી છે. હું મોટો માણસ બની ગયો છું. મારે દેશાવર જવા એક હોડીની જરૂર છે. તું મને નાવ અપાવીશ ?

"મારું જાડું થડ કાપી લે. તેમાંથી તું મજબૂત હોડી બનાવી શકીશ. અને દૂર દૂર દેશોમાં ફરી શકીશ." સફરજનના વૃક્ષે ઉપાય સૂચવ્યો અને પેલા માણસે કુહાડીથી વૃક્ષનું જાડું મજબૂત થડ કાપ્યું ને તેના લાકડામાંથી હોડી બનાવી અને વિદેશની સફરે ઉપડી ગયો અને વર્ષો સુધી પાછો ફર્યો નહીં.

ઘણા વર્ષોનાં વ્હાણાં વીતી ગયાં. આખરે એક દિવસ પેલો માણસ પાછો તે જગ્યાએ આવી પહોંચ્યો. તેને પાછો આવેલો જોઈ વૃક્ષ ખુશ થયું અને બોલ્યું. "મારા વ્હાલા, તને પાછો આવેલો જોઈ મને ઘણો આનંદ થયો. પણ હવે મારી પાસે તને આપવા માટે કશું જ બચ્યું નથી. હવે મારી ઉપર ફળ પણ લાગતાં નથી." "અને મારે પણ દાંત રહ્યાં નથી." પેલા વૃદ્ધ માણસે જવાબ આપ્યો.

"અને ઉપર ચઢવા મારું થડ પણ બચ્યું નથી". વૃક્ષે લાચારી બતાવી.

"અને વૃદ્ધાવસ્થાને લીધે હવે હું પણ ઝાડ પર ચઢવા અસમર્થ છું." પેલો માણસ બોલ્યો.

આંખમાં આંસુ સાથે સફરજનનું વૃક્ષ બોલ્યું. "હવે તો જમીનમાં મારાં મૂળ જ બચ્યાં છે."

"હવે મારે કશાની જરૂર નથી. હવે હું ખૂબ થાકી ગયો છું. મારે ફક્ત તારી સોડમાં આરામ કરવો છે." પેલા વૃદ્ધે પોતાની ઈચ્છા રજૂ કરી.

"બહું જ સરસ. જુના મોટા વૃક્ષના મૂળિયાં આરામ ફરમાવવા ખૂબ સરસ જગ્યા બની શકે !! આવ... અને મારી આગોશમાં નિરાંતે આરામ ફરમાવ..." સફરજનનું ઝાડ બોલી ઉઠ્યું. પેલો વૃદ્ધ માણસ ત્યાં લાંબો થઈ આરામ કરવા લાગ્યો. અને પેલા નાશ પામી રહેલા વૃક્ષમાંથી આનંદની અશ્રુધારા વહેવા લાગી.

વ્હાલા કિશોરમિત્રો, વૃદ્ધ માતા-પિતાની સેવા કરજો. તેમને તમારા પ્રેમનો અનુભવ કરાવજો...

## ચિંતન પુષ્પ :

**૧૬ નવેમ્બર :**

**રાષ્ટ્રીય પત્રકારદિન**

"હું પત્રકાર એટલા માટે બન્યો જેથી મને દુનિયાના હાર્દની અત્યંત નજીક જવાની તક સાંપડે." હેનરી રોબિન્સન લૂક (અમેરિકન પત્રકાર જેમણે વીસમી સદીમાં પત્રકારત્વની વ્યાખ્યા જ બદલી નાંખી અને Time, Life અને Fortune જેવા વિશ્વ પ્રસિદ્ધ સામયિકોની સ્થાપના કરી.)


રાજેશ ક્રિશ્ચિયન

Mobile

94265 84028

Email:


rajesh.christian@yahoo.co.in




## કોયડો ઉકેલો



**૧. ટપકાં જોડો:** વ્હાલા કિશોરમિત્રો, ચોરસમાં ગોઠવાયેલ બધાં ટપકાં ચાર લીટીથી જોડો. અને જો જો... લીટી દોરતી વખતે તમારે કાગળ પરથી પેન્સિલ ઉપાડવાની નથી.





**૨. આનો જવાબ શું આવશે?**

4 + 4 = 20

5 + 5 = 30


6 + 6 = 42

7 + 7 = 56

9 + 9 + ???

**૩. ષટ્કોણમાં લખેલ અક્ષરોની મદદ લઈ નવા શબ્દો બનાવો. દરેક શબ્દમાં ષટ્કોણની મધ્યે લખેલ અક્ષર આવવો જ જોઈએ.**







# ચાલો બાળક બાળક રમીએ....

✍ નમ્રતા રાકેશ પરમાર (કરમસદ)

અચાનક યાદ આવ્યું કે આપણે નાનાં હતાં ત્યારે સાથે રમનારાંઓને કહેતાં : “ચાલો, ઘર ઘર રમીએ... ” ત્યારે આપણે નાનાં હતાં અને મોટાંની રમત રમતાં હતાં. ઘર સજાવતાં, વડીલોની  નકલ કરતા, રસોઈ કરતાંને ખોટું ખોટું જમતાં... કેવી મઝા આવતી!?

એ વખતે બાળપણ ધીમે ધીમે પસાર થતું હતું. બાળકનો નિર્દોષ આનંદ માણવાના દિવસો વર્ષો વધુ હતા. હવે, વર્તમાનમાં થાય છે એવું કે બાળપણ બહુ જલદી વીતી જાય છે. બહુ ઝડપથી ખોવાઈ જાય છે. બાળક બહુ જલદી અનાયાસ મોટું થઈ ગયેલું ભાસે છે. બાળક જેમજેમ મોટું થતું જાય તેમતેમ મોટાનાં દોષ, માન્યતાઓ અને વિચારો બાળકની નિર્દોષતાને ઘેરી વળે છે.

જન્મથી લઈને પાંચ વર્ષ સુધીમાં બાળક પોતાની બુદ્ધિ, ભાવનાઓ, ઈચ્છાશક્તિ અને પોતાના ચારિત્ર્ય માટે ચારે તરફથી દુનિયામાંથી જેટલું ગ્રહણ કરે છે એટલું પછી પાંચ વર્ષથી જિંદગીના અંત સુધીમાં પણ કરતું નથી. બાળકની વકીલાત કરતાં રુડયાર્ડ કિપ્લિંગ પણ કહે છે, “મારા જીવનનાં પ્રથમ પાંચ વર્ષ મને આપો અને બાકીના બધાં તમે લઈ શકો છો.” આપણને અકાળે વૃદ્ધત્વ આવે તો ગમે ? તો બાળકનું અકાળે બાળપણ સરી જાય તો ગમે ?

ગુજરાતના વિખ્યાત કવિ શ્રી રાજેશ વ્યાસ ‘મિસ્કિન’ પણ એમની આગવી શૈલીમાં કહે છે -

“કાચો છું તો સમજણ આપ, કાં તો પાછું બચપણ આપ.”

જગતના શિક્ષણચિંતકો અને મનોવિજ્ઞાનીઓ એક સૂરમાં કહે છે, બાળકનો ૯૦ % વિકાસ પ્રથમ પાંચ વર્ષમાં જ થઈ જાય છે.  વાત સાચી પણ છે. એની ગ્રાહણશીલ વૃત્તિ પરાકાષ્ઠાએ હોય છે, એની સંસ્કાર ગ્રહણ કરવાની ક્ષમતા પણ ઉત્કૃષ્ટ હોય છે. તેથી ખરેખર તો જેટલું મહત્ત્વ આપી સંસ્કારોનો સુદૃઢ પાયો રચવો જોઈએ તેવો રચવાને બદલે અક્ષરજ્ઞાન અને માહિતીથી એને લાદી દઈએ છીએ. આ નાહકની ઉતાવળ છે.

મારું એવું માનવું છે કે જગતમાં બાળક વિશે લખાયું છે તો ઘણું પણ સમજાયું છે ઓછું. લેખો અને પુસ્તકોનો વિષય ભલે એ બન્યો હશે પણ પરિવારે એને ઓછો સ્પર્શ્યો છે.  બાળકના વિકાસનું પ્રવેશદ્વાર ગ્રહણશક્તિ છે. ગ્રહણશક્તિ નું તાળું ખોલવાની ચાવી માતૃભાષા છે. જો બાળકોનાં શિક્ષણ પર વિદેશી અસર અને વિદેશી આદર્શોની પકડ જેમની તેમ રહેશે તો એ રાષ્ટ્રીય જીવનને નિષ્પ્રાણ કરનારી અને રાષ્ટ્રીય ચારિત્ર્યને દુર્બળ બનાવનારી સૌથી ગંભીર બાબત હશે. બાળક સાથે સંવાદ થતો રહે તો સંવાદિતા નિર્માણ થશે.

તાજેતરમાં જ ‘દૂત’ પરિસંવાદમાં ભાગ લેવાનો મોકો મળ્યો. વિષય હતો ‘પારિવારિક પ્રેમનું મહિમાગાન’. દરેક મહાનુભાવોએ ખૂબ સુંદર વિચારો રજૂ કર્યા હતા. જેમાં શ્રી ચંન્દ્રવદનભાઈ મેકવાને બાળક સાથેના સંબંધમાં પોતાનો અનુભવ ટાંક્યો હતો તે રજૂ કરવો અર્થપૂર્ણ છે. ટૂંકાણમાં કહું તો સાચા નિદાન વગર ઉપચાર યોગ્ય નથી. બાળક Reaction નહીં પરંતુ Response ઝંખે છે. Reaction થી feelingsનાં accountમાં ઉધાર થાય છે. જે Response થી જમા થાય છે. Trustનું સ્તર નીચું હોવાથી બાળક અવિચારી નિર્ણય લેશે. Short term steps ભરશે. બાળકમાં કુતૂહલવૃત્તિ, ક્રિયાશીલતા રમતવૃત્તિ જેવી જે પ્રકૃત્તિદત્ત બાબતો છે તેનો આદર કરવો જોઈએ. બાળકના બાળપણનો આદર કરો. એની બાલચેષ્ટાઓની ઉપેક્ષા કે તેનો તિરસ્કાર ન કરો. એવું કરવાથી એનું બાળપણ અકાળે મૂરઝાઈ જશે. બાળકને ‘સ્વ’ માટે નહીં ‘સર્વ’ માટે જીવવાની કેળવણી મળવી જોઈએ. બાળકને આદર્શની જરૂર છે. ટોકનારાઓની નહીં.

અંતમાં એટલું જ કહીશ કે આપણા બધામાં આત્મા છે. આત્માની સૌથી નિકટ આનંદમય કોશ છે માટે સર્વ પ્રથમ આનંદ ને જ માધ્યમ બનાવીને બાળકના વિકાસનો પ્રારંભ કરવો જોઈએ. બાળકને ચોકલેટ ખવડાવીને આનંદ આપવો કે સુખડી ખવડાવીને, થિયેટરમાં લઈ જઈને આનંદ આપવો કે દેવળમાં લઈ જઈને, કવેળાએ એબીસીડી શિખવાડીને કે માતૃભાષા સાથે જોડીને....

આ બધું સમજણ અને વિવેકનાં આધારે નક્કી થાય છે. વિવેકમાં આનંદ ભળે તો વિવેકાનંદ થવાય. !●


**મકાન વેચવાનું છે**

*બી-૩, જીવન જ્યોત સોસાયટી, સુણાવ રોડ, પેટલાદ*

**મો. ૯૯૨૫૨ ૧૭૯૫૦**
**૯૮૭૯૪ ૨૪૫૬૪**



**શેરોન** વેડિંગ ડ્રેસ ડિઝાઈનર

ક્રિશ્ચિયન લગ્ન માટે બાર વસ્તુઓનું પેકેજ ફક્ત રૂા. ૩,૫૦૦/-માં.
ફર્સ્ટ કમ્યુનિયન માટે મેક્ષી, નેટ, ક્રાઉન, ગ્લોઝ ફક્ત રૂા.૧૨૦૦/-માં.
ફક્ત મેક્ષી ૨૫૦૦માં. ડાયમંડ સેટ, ક્રાઉન અને બૂકે મળશે.

શ્રીકૃષ્ણ ચોક, જૂનો સરપંચનો વાડો, બાકરોલ, તા.જિ. આણંદ

**પરવીન એસ.:** ‘ઈવાઝ’ના સ્પેશ્યલ કારીગર
**મો. ૯૬૨૪૩ ૬૦૬૮૯ / ૯૯૯૮૧ ૧૩૫૦૩**

*બહારથી આવનારે એપોઈન્ટમેન્ટ લેવી. મેક્ષી હોલસેલ ભાવે બનાવી આપવામાં આવશે.*
*તદ્દન નવા સ્ટોકમાં, ઈમરજન્સી ઓર્ડર લેવામાં આવશે.*

# બાળ-ક્ષણનું સેલિબ્રેશન

✍ ડો. અલકા મેકવાન

*આસિ. પ્રો. એમ. બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન,*
*વલ્લભ વિદ્યાનગર*

કાર પૂરઝડપે રોડ પર ચાલી રહી હતી... નાનકડી વિન્સી બારીની બહાર પથરાયેલા લીલાછમ ખેતરોને વિસ્મયથી નિહાળી રહી હતી. પવનની લહેરો સાથે હિલ્લોળા લેતો મબલક પાક અને વિરુદ્ધ દિશામાં દોડતાં વૃક્ષો તેને રોમાંચિત કરતાં હતાં. કારમાં બેઠેલા સૌ મોટેરાંઓની નજર તો ચારે બાજુ ફરતી હતી. પણ 'મન' વ્યસ્ત હતાં અન્ય ઘટનાઓના સ્મરણ કે વિચારોમાં. વિન્સીના રોમાંચને કળી શકવાની સમર્થતા કદાચ મંજિલે પહોંચવાની ઉતાવળ કે અન્ય વ્યવહારિક અને ઔપચારિક જવાબદારીઓની સભાનતામાં ખૂપાઈ જવાને કારણે ચૂકી જવાઈ હશે. પણ, આ નાની છોકરી તો મસ્ત હતી નિજાનંદમાં. અચાનક બારી બહાર એક મોટી બિલ્ડિંગની પાસે આવેલા ભૂંગળામાંથી ધૂમાડાના ગોટેગોટા બહાર નીકળતા જોઈને એનો રોમાંચ તો જાણે ઉછળી ઉઠ્યો, "જુઓ... જુઓ.. પેલું વાદળ બનવાનું મશીન...." કૈંક અજૂગતું સાંભળીને પોતાનામાં ખોવાયેલાં સૌ વિન્સીએ બતાવેલી દિશા તરફ જોવા લાગ્યાં પણ કારની ગતિએ એ બાળ-સર્જિત અજાયબી જોવાનો લ્હાવો કોઈને ના આપ્યો. કાર આગળ નીકળી ચૂકી હતી.... એટલું જ નહિ, વિન્સી પણ ક્યારનીય નવા દૃશ્યોને પોતાની નવીનકોર દૃષ્ટિથી નિહાળી પોતાની રીતે તેનું હટકે લેબલિંગ કરવામાં આગળ નીકળી ગઈ હતી.

આ છે બાળકનું વિશ્વ, તેનું કલ્પના જગત. પોતાની આસપાસના જગતને ઉછીની દૃષ્ટિએ જોવાની ટેવ-વશ થયા વિના કે ઉછીના લેબલિંગને ટાળીને સ્વ સન્મુખ સઘળું માણી લેવાનું વલણ બાળકમાં જ હોય. તેથી જ બાળકને જે દેખાય તે મોટેરાંઓને ન દેખાય. મોટેરાંઓ વ્યસ્ત હોય દુનિયાદારીમાં, વ્યવહારોને વ્યવસ્થિત અને ગોઠવીને નિભાવવામાં. જ્યારે બાળક તો વિસ્મય અને જીજ્ઞાસાની પાંખો પર એવું તો 'ફ્રેશ ' ઉડ્ડયન કરે કે જે પ્રી-પ્લાન્ડ સીમા ચિહ્નો પરથી પસાર થવાને બદલે સંપૂર્ણતઃ ઝીગ-ઝેગ હોય છે. મોટેરાંઓની સમજ આ ઝીગ-ઝેગ મુક્ત વિહારને ભલે અસ્ત-વ્યસ્ત, અર્થહીન, અણસમજુ અને નકામી ક્રિયા ઘટાવે પરંતુ આ જ છે સહજ, નિર્દોષ, નિર્લેપ જગત-સન્મુખતા !

એક ચિંતકે કહ્યું છે કે, વ્યક્તિ ગમે તેટલો પ્રખ્યાત કે મોટો થઈ કેમ ના જાય, તેની અંદર હંમેશા એક બાળક હોય છે જ. વ્યક્તિના માંહ્યલામાં રહેલું આ બાળક સહજ ક્ષણોમાં જ કિલ્લોલ કરે છે. જેવી આ સહજતા નષ્ટ થાય કે વ્યક્તિમાનું બાળક લપાઈ જાય, છૂપાઈ જાય અને પછી શરૂ થાય 'મોટા' હોવાનું પ્રદર્શન.

સામાજિકકરણની પ્રક્રિયાના ભાગરૂપે બાળક પર અન્ય દ્વારા યોગ્ય-અયોગ્યના ખ્યાલો, સારા-ખરાબનું જજમેન્ટ આરોપિત થયા કરે છે. જેટલું આરોપણ વધુ તેટલું બાળકપણું ઘસાતું જાય. આથી જ તો એષા દાદાવાળા નામનાં એક કવયિત્રીએ લખવું પડ્યું કે - "સાવ નાના બાળકની આંખોમાં રહેલા વિસ્મયમાંથી, મને એક ટીપું વિસ્મય લેવા દો.... દુનિયાદારી પી પી ને મીઢી થઈ ગયેલી આંખોમાં, મારે એને ટ્રાન્સપ્લાન્ટ કરવું છે."

અહીં પ્રશ્ન એ થાય કે પોતાનામાં રહેલા બાળક-પણાને અકબંધ રાખીને શું માણસ મોટો ન થઈ શકે ? જીવનની સંકુલ આંટી ઘૂંટીઓમાં દીવેલિયું મોઢું બનાવીને ફરતો માણસ, ખડખડાટ હસી શકવાનું ભૂલ્યો છે. આવા સમયે આપણા માહ્યાલામાં રહેલા બાળકને ઉદ્‌ઘાટવું આવશ્યક છે. આપણી અંદર રહેલું બાળકપણું અકબંધ છે કે નહિ તે તપાસવું જરૂરી છે. સોસાયટીમાં રમતમાં ગલુડિયાને ઉંચકાય કે ના ઉંચકાય તેવા વિચાર કર્યા વિના તમે જો એને ઊંચકી લો અને પલભર એના સુંવાળા સ્પર્શમાં ખોવાઈ જાઓ તો માનજો કે, તમારામાં રહેલું બાળક હજુ અકબંધ છે. જમીન પર તૈયાર કુંડાળુ તમે ભાળો કે તરત જ જો તમને લંગડી કરી, બે ઠેકડા મારી લેવાની ઈચ્છા થાય તો માની લેજો કે તમારા માહ્યાલામાનું બાળક કિલ્લોલ કરવાનું ભૂલ્યું નથી. વિખરાયેલી ઠીકરીઓને સંતોડિયું રમવા, ગોઠવી દેવા તમે જો થનગની ઊઠો તો માનજો કે તમારામાં બાળસહજ વર્તન કરવાનું સાહસ છે. પરસ્પર ન જોડાયેલી બે બાબતો (જેમ કે વાદળ અને મશીન) ને નવીન સંદર્ભમાં મૂકી તમે જો તારોતાજા વાસ્તવિકતા કલ્પી શકો તો માની લેવું કે તમે હૃદયના એક ખૂણામાં તમારા બાળપણને સંઘરી રાખ્યું છે.

આમ, બાળક હોવું અને બાળક બનીને રહેવું એ બંને વચ્ચે ઘણો ફેર છે. બાળક બની રહેવાની ઉંમર સાથે નહિ પણ અકારણ નિર્દોષ અને નિખાલસ સ્મિત વેરી શકવાની આપની સહજતા સાથે સંબંધ છે. ચિંતા, જવાબદારી, અપેક્ષાઓ, આક્ષેપો, સિદ્ધિની ઝંખના, ટીકા-ટીપ્પણી, ગોઠવણો, ઔપચારિક પ્રદર્શનો અને સારા લાગવાના પ્રયત્નો આ સહજતાને સંકેલી દે તે પહેલાં બાળ-ક્ષણો માણવી જરૂરી છે. અન્યના અર્થઘટનોની સાપેક્ષે પોતાના જીવનને ગૂંગળાવી નાખે તેટલી હદ સુધીના ઢસરડા કરવા પડે તેવી પરિસ્થિતિમાં આવી બાળ-ક્ષણ ખુદને પંપાળી લેવાનો એક સભર અવસર આપી શકાશે. જગતને જોવા-સમજવાના ચશ્માં ખુદ સર્જીને સાવ તાજી, નવીનકોર સહજ ક્ષણોને રોજિંદી વ્યસ્તતા અને સંકુલતામાંથી ચોરી લેવી આપના હાથ બહારની વાત નથી.

બાળદિન માત્ર ૧૨ વર્ષની ઉંમર સુધીના બાળકો માટેનો જ નહીં, બલકે આપણા પ્રત્યેકમાં રહેલ બાળકને પ્રગટાવવાનો દિવસ છે. આવો, કિંમતની દૃષ્ટિએ મૂલ્યવાન એવા રમકડામાંથી નહિ પણ નકામા ડબ્બાના ઢાંકણ સાથે રમી લેવાની તક સ્વયંને આપી બાળ-ક્ષણ ઉજવીએ. આવો, કોઈ નાના અમથા પ્રશ્નો ઉત્તર શોધવા ગૂગલની વહારે ન જતાં બાળ સહજ પૃચ્છામાં પરોવાઈને બાળ-ક્ષણ ઉજવીએ. આવો, ઘટનાઓ કે કોમ્યુનિકેશનમાં પ્રતિભાવ સ્વરૂપે રેડીમેડ સ્માયલીસ માત્ર ઔપચારિકતા ખાતર જ ન મોકલતા અમસ્તુ અમસ્તુ મલકાઈ જઈ બાળ-ક્ષણ ઉજવીએ.

*અનુસંધાન જુઓ પાન નં. ૨૪ પર...*



# ‘હળવાં કર્મ...’

✍ સંપાદનઃ સ્મિતા સોલંકી (મરિયમપુરા, પેટલાદ)

એક નાનું શહેર હતું. શાકભાજી અને ફળફળાદિની લારીઓની લાઇનમાં મારી એક નાની દુકાન. નાના ટોપલામાં અને લારીમાં શાકભાજી અને ફળો વેચવા ઘણા લોકો બેસતાં. સુરેશ નામનો એક જુવાનિયો રોજ ત્યાં બેસતાં એક ડોશીમા પાસેથી મોસંબી હોય તો મોસંબી કાં તો નારંગી રોજ ખરીદતો. એનો રોજનો આ ઘટનાક્રમ મારી નજરે પડે, કારણ કે બે લારીની આગળ જ મારી દુકાન હતી. રોજ મોસંબી ખરીદવા આવે અને ડોશી પાસેથી એક કિલો મોસંબી ખરીદે અને તેની પૂરી કિંમત પણ ચૂકવે. પણ રોજ તે એક મોસંબી તોડે અને તેની એક ચીપ્સ ચાખે અને કહે, ‘આ મોસંબી તો ખાટી છે’ એમ બોલીને એ મોસંબી ડોશીમાને પાછી આપે. આ બધી વાતો થોડા મોટા અવાજથી થાય એટલે મારી નજર એની પર અવશ્ય જાય. ડોશીમાને આપે એટલે ડોશીમા પણ તે ખાય અને બોલે કે, ‘ભાઈ મીઠી છે’ પણ તે કહે અને ચાલ્યો જાય. આવું રોજનું રોજ થતું. કોઈ વાર એની પત્ની પણ તેની સાથે આવે અને રોજનો ઝઘડો ડોશીમા જોડે કરે અને મોસંબી તોડે ને તે પાછી આપીને ચાલ્યો જાય.

એક દિવસ એની પત્ની થોડી આગળ આવી એટલે કે મારી દુકાનની આગળ અને કહે, “મેં જોયું છે કે તમે રોજ મોસંબી લાવો છો તે બધી ઘણી જ મીઠી હોય છે પણ મેં તમને ઘણી વાર આ ડોશીમા સાથે ઝઘડતા જોયા છે અને કહો છો કે મોસંબી ખાટી છે એમ કહીને એમને પાછી આપો છો. બિચારા ડોશીમાને કેમ હેરાન કરો છો ?” ત્યારે સુરેશે તેની પત્નીને કહ્યું, “તારી વાત સાચી છે. મોસંબી બહુ જ મીઠી હોય છે પણ તે ડોશીમા ફળો વેચે છે પણ કદી ખાતાં નથી. એટલે આવી તોડેલી મોસંબી તેમને આપું તો તે ખાય એટલા માટે જ હું આવું કરું છું.” સુરેશનો જવાબ સાંભળી તેની પત્નીના મનમાં પોતાના પતિ માટે વિશેષ માનની લાગણી થઈ.

રોજ એ સુરેશ નામનો યુવાન આવે અને ડોશીમા જોડે આવો ઝઘડો કરે એટલે તેની બાજુમાં બેસતી એક લખીબાઈ જેમની ઉંમર ૪૫ થી ૫૦ની આસપાસ હશે. તે ત્યાં શાકભાજી વેચતી હતી તે રોજ જુએ... એક દિવસ તેણે પેલા ડોશીમાને કહ્યું, “માજી હું રોજ જોઉં છું પેલો યુવાને જે સાંજના સમયે તમારી પાસે મોસંબી ખરીદવા આવે છે, તે તમારી મોસંબી મીઠી નથી એમ કહી ઝઘડો કરે છે પણ તમે મોસંબીનું વજન કરો છો ત્યારે ઘણી વાર મેં જોયું છે કે તમે તેને વજનમાં હંમેશા વધારે મોસંબી આપો છો.” ત્યારે ડોશીમા કહે છે કે, “લખી એ જુવાનિયો રોજ ઝઘડો કરીને એ તોડેલી મોસંબી મને આપીને જતો રહે છે ને હું મોસંબી ચાખું છું. ત્યારે એના મોં પર મારી સાથે ઝઘડો કરવાનો ભાવ નથી જોતી પણ હું મોસંબી ખાઉં એનો એ આનંદ જોઉં છું. એટલે એ યુવાનને હું ક્યારેય કદી ઓછું આપીશ નહીં.” ●

(કથાબીજ : તા. ૯-૪-૨૦૧૬ ના રોજ ૯૨.૭ એફ એમ રેડિયો પરથી સાંભળેલ જેને વાર્તામાં રૂપાંતરીત કરેલ)


**લક્ઝુરીયસ બંગલો વેચવાનો છે**

*ફિક્સ ફર્નિચર સાથે*

૨, *આલેખ ટ્વીન્સ,* 3 BHK, ૧૭૫૦ બાંધકામ, ૧૩૦૦ sq. ft. પ્લોટ.

સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, ચાવડાપુરા રોડ, આણંદ

**મો. ૯૭૧૪૮ ૬૮૩૬૦ / ૯૧૦૪૬ ૮૭૪૩૨**

**કૉર્નરનો બંગલો વેચવાનો છે.**

યશોદા બંગલોઝ, નડીઆદ પાસ્ટરલ સેન્ટર નજીક, નેશનલ હાઈવે ૮ને અડીને. આશરે ૧૧૪ વારનું બાંધકામ. ગ્રા.ફ્લોર (ડ્રોઈંગ હોલ, બેડરૂમ, કીચન, બાથરૂમ). ફર્સ્ટ ફ્લોર (બે બેડરૂમ, બાથરૂમ, બાલ્કની). સાઈડમાં ખુલ્લી જગ્યા. પાણી, ગટર અને પાઈપલાઈન ગેસની સુવિધા.

**સંપર્કઃ ૯૮૭૯૧ ૦૬૨૨૧**

**મકાન વેચવાનું છે**

૩ રૂમ, રસોડું, ત્રણ બાજુ ખુલ્લી જગ્યા સાથે મકાન વેચવાનું છે.

*૨૩, નીલગીરી સોસાયટી, સેંટ ઝેવિયર્સ રોડ, પાધરિયા, આણંદ*

**સંપર્કઃ દત્તુભાઈ**

**મો. ૯૦૯૯૩ ૮૪૭૮૫ / ૭૩૮૩૪ ૪૪૩૮૬**

**પ્લોટ વેચવાનો છે**

આકાશ ટાઉનશીપ-૨માં ૧૨૨૫ ચો.મી.ની જગ્યા ધરાવતો, સ્વતંત્ર બાંધકામની પરવાનગી સાથેનો N.A. થયેલ પ્લોટ વેચવાનો છે.

**સંપર્કઃ જીવણભાઈ પી. ચૌહાણ (૯૪૨૯૧ ૬૦૮૨૩)**

**સચીનકુમાર ટી. દાવલા (૭૫૬૭૨ ૬૮૩૮૦)**



# ઈતિહાસને પાને

✍ શૈલેષ ક્રિસ્ટી

*સહતંત્રી 'દૂત'*

વિશ્વનાં બધાં જ ધર્મોમાં સત્ય શબ્દનો ઉલ્લેખ થયેલો છે. વર્ષોથી માનવી સત્યની શોધ કરતો જોવા મળે છે. માનવીનાં જીવનમાં અનેક કાર્યો મહત્વાકાંક્ષાઓ અને ધ્યેય હોય છે, પણ માનવીના જીવનનું સર્વોત્તમ અને મહાન કાર્ય સત્ય શોધવાનું છે.

ખલીલ જીબ્રાનની એક સુંદર કથા છે. સત્ય અને અસત્ય એ બે બહેનો નદીમાં નહાવા ઉતરી, નાહી લીધા બાદ અસત્યને કિનારે આવીને સત્યનાં કપડાં પહેરીને ચાલવા માંડ્યું, નદીની બહાર આવીને સત્યએ જોયું તો પોતાના કપડાં ન હતાં. કપડાં વગર કેવી રીતે ચાલી શકાય એટલે ન છુટકે સત્યએ અસત્યનાં કપડાં પહેરી લીધાં ત્યારથી સત્ય અસત્યને ઓળખવા આખી માણસ જાત થાપ ખાઈ જાય છે. પણ ખરેખર તો અસત્યમાં રહેલ સત્ય અને સત્યમાં રહેલ અસત્યને ઓળખવું એ જ સત્યની શોધ છે. પણ સત્ય આખરે શું છે ? સત્યની પરિભાષા કઈ ? આપણે રોજ બરોજનાં જીવનમાં સત્યની પરિભાષા કેવી કરીએ છીએ ? મારું સત્ય જુંદું અને તમારું સત્ય જુંદુ એમ સત્ય પોતપોતાની ઘડિયાળનાં સમય જેવું હોય શકે ? સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ અતિ સુક્ષ્મ હોય છે, ક્યારેક ડાહ્યા માણસો પણ સત્યને ઓળખી શકતા નથી, પામી શકતા નથી. પણ સત્ય તો સર્વસામાન્ય છે. સત્ય એ કોઈ જૂની પુરાણી બાબત નથી, સત્ય એ કોઈ અતાર્કિક કે નિરર્થક બાબત નથી, સત્ય તો ઈશ્વર સાથેનો સંબંધ છે. સત્ય એ ઈશ્વરની અભિવ્યક્તિ છે. સત્ય તો સરળ છે કારણ સત્ય એ સત્ય છે.

આ સત્ય બોલવાથી ભૂતકાળમાં આપણે શું બોલ્યા હતા તે યાદ રાખવાની લગીરેય જરૂર પડતી નથી. વળી સત્ય બોલવાથી પ્રમાણિક વ્યક્તિ તરીકેની એક છાપ, પ્રતિભા ઊભી થાય છે. સત્યનિષ્ઠ વ્યક્તિ તરીકેની છાપથી લોકોમાં વિશ્વનીયતા વધે છે. લોકો તમને સાંભળે છે, અનુસરે છે, તમને સાથ સહકાર આપે છે. તમારા થકી પ્રેરણા મેળવે છે. આથી તમારા આત્મવિશ્વાસમાં પ્રચંડ વધારો થાય છે. તમારું આત્મસન્માન વધે છે. સત્યને પક્ષે રહેવાના કારણે તમે તનાવમુક્ત હળવા રહી શકો છો જે સરવાળે તમારી તંદુરસ્તી અને સુખી જીવનમાં વધારો જ કરે છે. આમ સત્ય બોલવાથી ઘણા બધા ફાયદા થાય છે, છતાંય મોટાભાગના લોકો સત્યથી કે સત્ય બોલવાથી દૂર ભાગતા હોય છે. અસત્ય બોલવાનાં ઘણાં બધાં કારણો હોય છે, એમાં પ્રમુખ કારણ પોતાને કોઈ પણ જાતની મુશ્કેલી ન પડે એ જ હોય છે. કેટલાંક લોકો બીજાને દુઃખી કરવા, તો કેટલાંક લોકો બીજાને નુકસાન પહોંચાડવા અસત્યનો સહારો લેતાં હોય છે. કેટલાંક લોકોને અસત્ય બોલવાની એક કુટેવ પડી ગઈ હોય છે. રોજિંદા જીવનમાં વાતે વાતે જુઠું બોલતાં હોય છે, તેમનો કોઈ ઈરાદો નથી હોતો, અન્યને નુકસાન પહોંચાડવાનો કોઈ મલિન ઈરાદો નથી હોતો, પણ તેઓ એમ જ જુઠું બોલ્યે જાય છે. અને ક્યારેક તો તેઓ અસત્ય બોલે છે તેનાથી પણ તેઓ વાકેફ નથી હોતાં. પણ આ આદતનાં કારણે તેઓ વિશ્વનીયતા ગુમાવે છે. કેટલાંક લોકો જાણી જોઈને ઈરાદાપૂર્વક અસત્ય ઉચ્ચારે છે. અસત્ય બોલવા પાછળ તેમનાં ગર્ભીત ઈરાદાઓ હોય છે. તેઓ એક તૈયારી સાથે અસત્ય બોલતા હોય છે. કેટલાક લોકો યુધિષ્ઠર જેવા હોય છે જેમ યુધિષ્ઠર હંમેશા સત્ય જ બોલતા હતા. છતાંય પ્રાણના રક્ષણ માટે યુધિષ્ઠર અસત્ય કે અર્ધસત્ય બોલે છે કે, "આશ્વત્થામા હણાયો." સ્વયંશ્રી કૃષ્ણ, યુધિષ્ઠરને સમજાવતાં કહે છે કે પોતાનાં પ્રાણનાં રક્ષણ માટે અસત્ય બોલવું પડે તો તે પાપ નથી પણ અર્ધસત્ય કે અસત્ય બોલ્યા બાદ યુધિષ્ઠિરનો રથ જે પૃથ્વીથી ચાર તસું ઊંચો રહેતો હતો તે ભૂમિ ઉપર આવી ગયો હતો!

કેટલાક લોકો પોતાનું જીવન બચાવવા માટે અસત્ય બોલે છે પણ તેને અસત્ય ગણતા નથી, પણ દુનિયા આવા વ્યવહારું માણસની ખાસ નોંધ લેતી નથી. વ્યવહાર માટે અંગ્રેજી શબ્દ પ્રેક્ટીકલ ઘણો જ જાણીતો છે. કેટલાક લોકો પોતે કેટલાં વ્યવહારું અને હોંશિયાર છે એવું સાબિત કરવા માટે ગર્વ લે છે પણ દુનિયા આવા માણસથી ગર્વ અનુભવતી નથી કે નથી આવા માનવોની નોંધ લેતી . બલ્કે એવાં માણસોની જ નોંધ લે છે જેમનાં જીવનમાં વ્યવહારું કે પ્રેક્ટીકલ બનવાની તક આવી હતી. છતાંય માનવજીવનનાં ઉત્કર્ષ અને ઉમદા હેતુઓ માટે વ્યવહારું કે પ્રેક્ટીકલ બનવાને બદલે પોતાના ભોગે પણ સત્યને વળગી રહ્યાં. ઈતિહાસ આવ મહામાનવોની નોંધ લે છે. ઈતિહાસ ગૌરવ અનુભવે છે.

ઈતિહાસના પાને સોક્રેટિસની કથા જોવા મળે છે.

એથેન્સની લોકસભાએ સોક્રેટિસને મૃત્યુદંડની સજા ફરમાવી હતી. સોક્રેટિસની સામે મૃત્યુ સાક્ષાત હતું, પણ બચવાની એક શક્યતા હતી. મત્યુને હાથતાળી આપી શકાય તેમ હતું અને તે માટે શરત માત્ર એટલી જ હતી કે, સોક્રેટિસે એથેન્સ છોડીને ચાલ્યા જવાનું અને જો સોક્રેટિસ એથેન્સ છોડવા તૈયાર થઈ જાય તો તેમનું જીવન બચી જાય તેમ હતું, પણ સોક્રેટિસે ના પાડી દે છે. ભલેને મારું મૃત્યુ આવતું હું એથેન્સ છોડને નહીં જાઉં. સત્તાધીશો સોક્રેટિસ માટે થોડા વધારે ઉદાર હતા, તેમણે સોક્રેટિસને કહ્યું કે, જો તેઓ એથેન્સ છોડવા તૈયાર ન હોય તો કંઈ વાંધો નહી તેઓ એથેન્સમાં રહી શકશે, પણ તેણે સત્ય બોલવાનું છોડી દેવું પડશે. સોક્રેટિસ પ્રશ્નોત્તરી કરીને લોકોજાગૃતિનુ શિક્ષણ બચી જાય એવી શક્યતા હતી હતું, એથેન્સમાં રહેવાની તક પણ હતી, ફક્ત સત્ય બોલવાનું છોડી દેવાનું હતું, સહેજ વ્યવહારું બનવાની જરૂર હતી, થોડીક બાંધછોડ કરવાની જરૂર હતી સામે જીવન બચી જાય એમ હતું પણ સોક્રેટિસે જવાબ આપ્યો, હે એથેન્સવાસીઓ હું તમારો ખૂબ આદર કરું છું, પણ તમારા કરતાં હું ઈશ્વરની આજ્ઞા વધું માનું છું, મારામાં શ્વાસ છે ત્યાં સુધી જેને પણ મળવાનું થશે તેને મારી વાતો સંભળાવીશ હું મારો રાહ બદલીશ નહીં ભલે મારે હજાર વાર મરવું પડે. સત્ય તો બોલાય જશે આવતી કાલે હું સત્ય નહીં બોલું એવો

વાયદો આજે હું કેવી રીતે કરી શકું? પરિણામે તેમને એક ઝેરનો પ્યાલો પીવો પડ્યો હતો. પ્યાલો ટાળી શકાય એમ હતો...! થોડા વ્યવહારું થવાની જરૂર હતી. જો સોક્રેટિસ સહેજ વ્યવહારું થઈ શક્યા હોત તો જીવી ગયા હોત, પણ જો સોક્રેટિસ જીવી ગયા હોત તો કદાચ સત્ય મરી ગયું હોત.

તેમના ઉપદેશ સાંભળતા અને ચમત્કારો જોવા માટે લોકોનાં ટોળેટોળાં ઉમટી પડતા હતાં. રાત દિવસ ટાઢ તડકો જોયા વિના એમનાં અનુયાયીઓ તેમને પગલે પગલે ચાલતા હતા પણ એક નાદાન શિષ્ય ત્રીસ ચાંદીનાં સિક્કાનાં બદલામાં તેમની સાથે વિશ્વાસઘાત કરે છે. તેમને પકડાવી દે છે. રાજા હેરોદ તેમને છોડી મૂકવાની શરતે એક ચમત્કાર બતાવવાનું કહે છે. ઈસુએ તેમના જીવનમાં અનેક ચમત્કાર કર્યા હતાં, પણ છૂટી જવા માટે ઈસુ કોઈ ચમત્કાર કરવા તૈયાર ન થયા. આથી હેરોદે ઈસુને પાછો પિલાત રાજા પાસે મોકલી આપે છે.

રાજા પિલાત ઈસુને છોડી મૂકવાની સત્તા ધરાવતા હતા. તે ઈસુને પૂછે છે કે, “તું યહુદીઓનો રાજા છે ? “જવાબમાં ઈસુ કંઈ બોલ્યા નહીં. ઈસુએ બોલવું જોઈતું હતું, એમને ખબર હતી કે પિલાત પોતાને છોડી મૂકવાની ક્ષમતા ધરાવે છે. રાજા પિલાત ફરી તક આપે છે તું યહુદીઓનો રાજા છે ને?” ઈસુએ એમ કહેવું જોઈતું હતું કે, “હું યહુદીઓનો રાજા નથી. ઈસુએ એટલું જ કહ્યું હોત તો ઈસુને છોડી દેત પણ ઈસુ મૌન રહ્યા. આ મૌનથી પિલાત અસ્વસ્થ બને છે અને ફરીથી ગર્વ સાથે પૂછે છે, તને ખબર છે કે તને છોડી મૂકવાની અને ક્રૂસે ચડાવવાની મને સત્તા છે? ઈસુ પોતાનો પક્ષ સમજાવી શક્યા હોત, પણ ઈસુ મૌન રહે છે. ઈસુના મૌનનાં અવાંતરે સત્ય હતું, પણ ઈસુ પિલાતને સત્ય સમજાવી શકતાં નથી ને અંતે ઈસુને અસહ્ય કોરડાનો માર મારવામાં આવે છે. તેમને ઘાતકી ટોળાને હવાલે કરી દેવામાં આવે છે, તે લોકો ઈસુને વધસ્તંભે જડી દે છે. સત્યની કિંમત તેમને જીવનના ભોગે ચૂકવવી પડે છે. ઈસુએ થોડું વ્યવહારું થવાની જરૂર હતી પણ જો એ થોડા વ્યવહારું થયા હોત તો ઈસુ જીવી જાત પણ કદાચ ખ્રિસ્તી ધર્મ જન્મ્યો ન હોત!

દેશના સમગ્ર નાગરિકો માટે તે ભગવાન હતાં. તેમના આંદોલન અને નેતૃત્વમાં દેશ અહિંસક શસ્ત્રના સહારે આઝાદ બન્યો હતો. પ્રત્યક તેમનો બોલ ઝીલવા આતુર હતા અને એમણે કહ્યું કે સમજૂતી પ્રમાણે પાકિસ્તાનને પંચવાન કરોડ રૂપિયા આપવા જોઈએ. (અર્ધી રાતે આઝાદી ગુજરાતી પાન નં. ૩૫૬) જવાબમાં ગાંધીજીને એમ સમજાવવામાં આવ્યા કે જો આપણે આ પૈસા પાકિસ્તાનને આપીશું તો આ પૈસાના ઉપયોગથી તેઓ શાસ્ત્રો ખરીદશે. એટલે જ્યાં સુધી કાશ્મીરનો પ્રશ્ન ઉકેલાય નહી, ત્યાં સુધી એ પૈસા પાકિસ્તાનને આપવા નહીં. જ્યારે ગાંધીજી એમ માનતાં હતાં કે જ્યારે એક માણસ યા સરકાર જાહેરમાં એક કબૂલાત કરે, ત્યારે આ કબૂલાતથી કેવી રીતે ફરી જવાય ? ગાંધીજી એમ માનતા હતા કે ભારતે આંતરરાષ્ટ્રીય નૈતિક તાકતનો દાખલો બેસાડવો જોઈએ તેને બદલે હજુ જન્મતાની (એટલે દેશ આઝાદ થતાંની) સાથે જ તે કેવી રીતે અનૈતિક કાર્ય કરી શકે !

દિલ્હીમાં શાંતિ સ્થાપાય તે હેતુથી ગાંધીજી ઉપવાસ ઉપર બેસવાના હતા, આ ઉપવાસમાં હવે આંતરરાષ્ટ્રીય કબૂલાત પાળવા માટેની શરત ઉમેરાવાની હતી, શરત મુજબ પાકિસ્તાનને આપવાના પૈસા અપાય પછી જ ગાંધીજી ઉપવાસ છોડવાનાં હતા. આ નિર્ણય બહાદુરીભર્યો હતો અને આ નિર્ણય તેમનાં માટે પ્રાણઘાતક નીવડ્યો (અર્ધી રાતે આઝાદી પાન નં. ૩૫૯) ગાંધીજીને ચેતવવામાં આવ્યા હતા કે દુશ્મન દેશને મદદ ન કરવી જોઈએ, ગાંધીજીએ થોડા વ્યવહારું બનવાની જરૂર હતી. જિદ પકડવાની જરૂર ન હતી, એમણે એ માટે ઉપવાસ કરવા જોઈતા ન હતા પણ ગાંધીજી સત્યનાં પક્ષે રહ્યા પરિણામે મૃત્યુ જીતી ગયું.

જીવનમાં મુશ્કેલીઓ આવે, તકલીફ પડે, મૂંઝવણમાં મૂકાઈ જઈએ, કોઈ રસ્તો દેખાતો ન હોય ત્યારે સરળતાથી થોડું એડજસ્ટ કરી લેવું જોઈએ થોડું પ્રેક્ટીકલ થઈ જવું જોઈએ, એવો મોટાભાગના લોકોનો અભિગમ હોય છે. સોક્રેટિસ કે ગાંધી કે ઈસુને જો આપણે સલાહ આપવાની હોય તો આપણે એ જ સલાહ આપીએ કે એમણે જિદ છોડી દેવાની જરૂર હતી. જિદ એટલે સત્ય છોડી દેવાની જરૂર હતી અને આપણે સહેલાઈથી સત્ય છોડી દઈએ છીએ. કારણ કે સત્ય શું છે એ જ આપણને ખબર હોતી નથી.

આપણા માટે સત્ય સાવ સરળ છે સત્યની પરિભાષા આપણે આપણાં હિત અને સગવડ મુજબ ગોઠવીએ છીએ અને જરૂર પડે ત્યારે બદલી પણ નાંખીએ છીએ ત્યારે સત્યની વિભાવના રજૂ કરતા જે. કૃષ્ણમૂર્તિ કહે છે કે, “સત્યનો કોઈ માર્ગ નથી, સત્ય પામવાની કોઈ પદ્ધતિ કે કોઈ રીતરીવાજ નથી, કે જેના થકી આપણે સત્ય પામી શકીએ. સત્યના કોઈ રસ્તાઓ નથી હોતા સત્યનો કોઈ માર્ગ હોવો એ જ એક વિરોધાભાસી વાત છે. સત્ય હમેંશા નવું હોય છે. નૂતન હોય છે. પણ આપણે જૂના મનથી જૂના વિચારથી સમજવા પ્રયત્નો કરીએ છીએ, આથી આપણે સત્યને પામી શકતાં નથી. આપણે જે માનીએ છીએ જે વિચારીએ છીએ તેનેજ સત્ય માનીએ છીએ, આપણે દરેક ઘટના અને પ્રસંગને ભૂતકાળનાં કોઈ પણ વિચારથી ભૂતકાળનાં કોઈ પ્રભાવથી જ જોઈએ છીએ આથી સત્યને ચૂકી જઈએ છીએ ખરેખર તો ભૂતકાળના કોઈપણ વિચાર કે પ્રભાવ વિના પ્રત્યેક ક્ષણે જે હોય છે તેની સમજણ એ જ સત્ય છે. ભૂતકાળની કોઈપણ વાત કે અનુભવ સાથે તેની સરખામણી કરવાથી સમજણ નથી આવતી.

સત્ય ક્યારેક ભૂતકાળનુ કે ભવિષ્યકાળનું નથી હોતું. સત્ય હમેંશા વર્તમાનકાળમાં જ હોય છે. આથી સત્ય હમેંશા જીવંત હોય છે સતત નિર્માણ પામતું હોય છે આથી સત્યની કોઈ શરૂઆત નથી હોતી કે નથી તેનો કોઈ અંત હોતો, આમ સત્યતો અસીમ છે. સામાન્યત્વે કેટલાક લોકો પોતાના પ્રિય પાત્ર આગળ હમેંશા જુઠું બોલે છે પોતે જે છે તે નહીં પણ જે નથી તે બતાવવા પ્રયત્ન કરે છે અને આ જુઠ પણ સભાનતાથી બોલે છે, જુઠ બોલવા પાછળ તેમનો એક જ હેતું હોય છે કે પોતે પોતાના પ્રિય પાત્રને ગુમાવી ન દે, પોતાના સ્નેહીજનને ન ગુમાવવાની બીકે તેઓ સત્યનો ભોગ આપી દે છે,...

*અનુસંધાન જુઓ પાન નં. ૨૪ પર...*

# માબાપ અને યુવાવર્ગ

✍ સંકલન: તંત્રીશ્રી

ગયા વર્ષે એક સંસ્થાએ 'માબાપ અને યુવાવર્ગ' અંગે એક ચર્ચાસ્પર્ધાઓનું આયોજન કર્યું હતું. આયોજકોએ આ પ્રસંગને મહત્તમ ગેરસમજનો ગોટાળો ઉભો કરનારો, અનિયંત્રિત અને અનિર્ણયાત્મક ગણાવ્યો હતો. કેટલાંક માબાપે યુવાવર્ગના ઘડતરમાં જોવા મળતી મર્યાદાઓ-ઉણપો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. સામાજિક જવાબદારીઓ અને નોકરી ધંધા રોજગારીની વચ્ચે સંતાનો માટે નહિવત્ સમય હોવાનો ઘણાં માબાપે એકરાર પણ કર્યો હતો. યુવાનોનો અભિપ્રાય આથી અલગ પણ હોઈ શકે! તેમ છતાંયે સ્પર્ધામાં બન્ને પક્ષે આક્રમક રજૂઆત કરી હતી. અન્ય પક્ષને સાંભળવાની ધીરજ તેઓ ગુમાવી બેઠા હતા. આ પણ એક પ્રકારની અસહિષ્ણુતા કહેવાય. પ્રશ્ન અકબંધ છે. યુવાવર્ગ સહિષ્ણુ છે કે અસહિષ્ણુ ! શું માબાપ અને યુવાવર્ગ બન્ને માટે આ વિધાન સાચું છે ? એવું સ્વીકારવા પૂરતા સહિષ્ણુ બની શકે ખરા ? જો કે પ્રશ્ન જટિલ છે. અહીં કેવળ એક જ પ્રકારની સહિષ્ણુતાની વાત નથી. સામાજિક દબાણ, જાતિભેદ, આર્થિક અસમાનતા, ઈન્ટરનેટનું વળગણ, રાજકારણ, વાહનવ્યવહારની સગવડ, વાદવિવાદ વગેરે પ્રકારની અસહિષ્ણુતા સમાજમાં પ્રવર્તે છે.

હવે પ્રશ્ન છે, આપણે યુવાનોને વધારે સહિષ્ણુ કેવી રીતે બનાવી શકીએ છીએ? સહિષ્ણુતાનું મનોવિજ્ઞાન જાણવું વધારે મહત્ત્વનું છે અને શક્ય હોય તે તપાસ દીશામાં કાચી બુદ્ધિના યુવાવર્ગને ઠરેલ બની, વિશ્વાસુ માર્ગદર્શક બનવા સઘન પ્રયત્ન કરવા જોઈએ. અંગ્રેજી જોડણીકોશમાં સહિષ્ણુતા(ટોલરેન્સ)નો અર્થ અસંમતિ, નાપસંદ વર્તણૂંક, કે અભિપ્રાયને સ્વેચ્છાએ સ્વીકારવાની શક્તિ એટલે સહિષ્ણુ, સમાજમાં શાણપણયુક્ત સહિષ્ણુતા કે અસહિષ્ણુતાનું ત્રિસ્તરીય સ્તર જોવા મળે છે. પ્રથમ કેટલીક બાબતો જે આપણા માટે ઉપાધિરૂપ હોય છે. તે ઉપાધિકરણની બાબતોનો વિશેષ કામગીરી દ્વારા પ્રતિશોધ કરવાનું આપણે પસંદ કરીએ છીએ, તે બીજા છે. ત્રીજા ક્રમે તે કામગીરી, સમાજમાં ડર અને સમજણ પેદા કરી શકે છે. એક વિશાળ ધાર્મિક સમુદાય તરીકે યુવાવર્ગના ઘડતરમાં અપૂર્ણતાને કેવળ આગળ કરવા કરતાં સમગ્રતયા યુવાવર્ગના પ્રશ્નો અંગે વિચારવું જરૂરી છે. એક સંશોધન પ્રમાણે યુવાવર્ગ હમેશાં આધારભૂતતાનો આગ્રહ રાખે છે, જો કે આ બાબત મોટાભાગના તત્વજ્ઞાનીઓ અને સમાજશાસ્ત્રીઓની નજર બહાર રહી ગઈ છે. સાંપ્રત યુવા જીવનમાં આ એક ગુણ નીતિમત્તા તરીકે જોવા મળે છે. બીજા શબ્દોમાં કહીએ તો યુવાવર્ગ અને પ્રૌઢ યુવાવર્ગ હમેશાં સતત પ્રમાણભૂત વ્યવહારની અપેક્ષા રાખતો હોય છે.

વર્તમાન યુવાવર્ગ, પોતાની વ્યક્તિગત સમસ્યાઓ સાથે, પારિવારિક સંદર્ભે માન્યતાઓ સાથે, જટિલ વિશ્વમાં પગ માંડે છે. ત્યારે અનેક રીતે તેને અનુકૂલન સાધવાનું હોય છે. ક્યારેક નિષ્ફળ જતાં... ! પ્રત્યેક સમાજ કે રાષ્ટ્ર યુવાવર્ગને પોતાની આશા કે ભાવિ તરીકે જોતા હોય છે અને તે યથાર્થ પણ છે પરંતુ યુવાવર્ગ નિરાશા તરફ અધોગતિ કરતા હોય તો... ! આપણા દેશમાં યુવાવર્ગમાં આત્મહત્યા તરફનો ઝોક ચિંતાજનક રીતે વધી રહ્યો છે. આઝાદી પહેલાંના વર્ષોમાં જે જોમ-જુસ્સો હતો તે સ્વાતંત્ર્યોતર કાળમાં ક્રમશઃ ઓસરતાં ગયાં છે અને હવે તો... યુવાની શોધવા ફાંફા પડી જાય એવી દયનીય સ્થિતિ છે.

યૌવનત્વનો સંહાર કરવામાં આગળની પેઢીએ પાછું વળીને જોયું નથી ! યુવાવર્ગનો વિશ્વાસ અને પ્રેમ તેમણે ગુમાવ્યાં છે સંખ્યાબંધ ઘટનાઓમાં યુવાવર્ગને થાપ આપનાર વડીલ વર્ગ હવે યુવાવર્ગનો પ્રેમ અને વિશ્વાસ સંપાદન કરવામાં નાકામયાબ બન્યો છે. પરંપરાગત બીબાઢાળ ગોઠવાયેલી લગ્નપ્રથાને ઓળંગવા કે મનપસંદ જીવનસાથીની પસંદગીમાં યુવાવર્ગે, હમેશાં કે મોટાપાયે વડીલવર્ગનો ખોફ વહોર્યો છે. વારસાગત વ્યવસાયથી પર, કારકિર્દી ઘડવામાં પણ યુવાવર્ગને સંઘર્ષ કરવો પડ્યો છે. પરિણામે યુવાવર્ગ અને વડીલવર્ગ વચ્ચે ધિક્કાર પાંગરતો ગયો છે ! જ્ઞાન અને માહિતી વિસ્ફોટના આ વિશ્વમાં વડીલવર્ગ ક્યારેક યુવાવર્ગ આગળ વામણો પૂરવાર થયો છે ! સમાજના આગેવાનો કે ધર્મગુરુઓની અપરિપક્વતા કે રાજકીય નેતાઓની સ્વાર્થ લોલૂપતાએ યુવાવર્ગને તેમનાથી અળગા કર્યા છે.

ક્યાંક માબાપનાં અધૂરાં સ્વપ્ન કે અપેક્ષાઓ પૂર્ણ કરવાનું માધ્યમ યુવાવર્ગ બને છે ત્યારે તેની અંગત રુચિ વગેરેનો સદંત્તર ધ્વંશ થાય છે. માબાપનું દબાણ, સામાજિક પ્રતિષ્ઠા વગેરે તેનું બાળપણ, યુવાની વગેરેને હરી લે છે. માબાપની અપેક્ષા અને બાળક-યુવાવર્ગની રસરુચિ-ક્ષમતા વચ્ચેનો ગજગ્રાહ ક્યારેક બાજી ઉંધી વાળી દે છે. જો કે માબાપ કે વડીલવર્ગ બાળક-યુવાવર્ગને હાનિ પોહંચાડવાના હેતુથી, સભાન અવસ્થામાં આ બધું કરતો હોય એ સાચું નથી. ડો. ચંદ્રકાન્ત મહેતાએ એક લેખમાં માબાપની આ પ્રકારની મનોવૃત્તિને શબ્દદેહ આપ્યો છે. 'સંતાનોના હિતનો પ્રશ્ન આવે ત્યારે માબાપ ગાંધારી અને ધૃતરાષ્ટ્ર બની જાય છે.' (ગુજરાત સમાચાર, રવિપૂર્તિ ૨૯-૫-૨૦૧૬) પણ હવે એમ બનવું વાજબી નથી. યુવાવર્ગ, આત્મનિર્ભર બને એવું વાતાવરણ -ઘડતર આપવાનું કરવાનું માબાપ ઘણીવાર અજાણતાં ભૂલી થાય છે !

હવે આ સ્થિતિમાં કાદવઉછાળ કરવાથી કંઈ વળવાનું છે ખરું? કુટુંબથી માંડી કેન્દ્ર સરકાર સુધી જીવનમૂલ્ય અકબંધ રહ્યુ છે ખરું? ઘર-સમાજ, શિક્ષણ, બાળકને આવતીકાલ માટે તૈયાર કરે છે ખરાં? ભૌતિકવાદ વકરે છે, આર્થિક સમતૂલન ખોરવાય છે અને ઘરમાં ભંગાણ પડે છે! અવિશ્વાસના વાતાવરણમાં ઉછરેલાં બાળકો કેવાં હોય ? એ જ બાળકો જ્યારે માબાપની ભૂમિકામાં આવે ત્યારે...? બીજી બાજુ યુવાવર્ગ વધારે પડતો મહત્ત્વકાંક્ષી બન્યો છે. ફિલ્મ કે ટી.વી., સીરિયલને કારણે વાસ્તવિકતાથી દૂર, હવામાં રાચે છે અને તેમ ન થતાં ઉંડી હતાશામાં ગરકાવ થઈ જાય છે એટલે માબાપ-સંતાન વચ્ચેના વણસી રહેલા સંબંધમાં બંને પક્ષ ઓછાવત્તા

અંશે જવાબદાર હોઈ શકે ત્યારે બંને એ 'કોણ સાચું?' ની મનોવૃત્તિ છોડીને 'શું સાચું ?' 'હવે શું ?' અંગે વિચારવાથી બન્ને પક્ષને ફાયદો થશે.

'ઘેર ઘેર માટીના ચૂલા' કહેવત પ્રમાણે ભાગ્યે જ કોઈ ઘર બાકી હશે, જ્યાં માબાપ - સંતાનો વચ્ચે સંઘર્ષ માટે કારણ ન હોય, વિસંવાદ થાય જ નહીં એમ માનવું ભૂલ ભરેલું છે, સબંધમાં સમસ્યા સર્જાશે નહી એવું શક્ય જ નથી ! માબાપ અને બાળકોના જન્મ -ઉછેર, શિક્ષણ-ઘડતર, રસરુચિ, સંસ્કાર, અનુભવ વગેરેને કારણે સંમતિ-અસંમતિની શક્યતાઓ છે જ ત્યારે વાસ્તવિકતા સ્વીકારીને અનુકૂલન સાધવામાં જ ઘર સ્વર્ગ બની શકે નહીંતર નર્ક! ચુનીલાલ મડિયા રચિત, 'ભવોભવ' એકાંકીમાં, જુવાન આંગળિયાત પુત્રનો ગુનો, બાપ વ્હોરી લે છે અને જનમટીપની સજા સ્વીકારે છે, છોકરાનું મોં જોવા જેલ તોડી ઘેર આવેલ બાપ હવે દીકરાની સરકારી નોકરીને બચાવવા, સરકારને શરણે જાય છે અને તે પણ સમજદારી કેવી! 'પેટનાં જણ્યાં ભૂલ કરી બેસે તો માબાપે ભોગવવી જ પડે!' માબાપ અને ગુરુજન સહન કરવાની તૈયારી રાખે તો જ સંતાન-વિદ્યાર્થીના હિતેચ્છું બની શકે ! 'મારા કહ્યામાં નથી' એવી જાહેરખબર આપવાથી કંઈ વળવાનું નથી. બીજી બાજું સંતાન-વિદ્યાર્થીએ પણ ઉદાર વલણની આવશ્યકતા છે. મારાં માબાપ ભાઈ-બહેન, જાણ્યે અજાણ્યે ભૂલ કરી બેસે તો તેને માફ કરવા કોઈની મધ્યસ્થીની જરૂર પડે ખરી ? તેમણે ભૂલ કરી છે, માટે માફી માગે તો... જ જેવી પૂર્વશરત વાજબી છે ?

બાઈબલ (મહાપ્રસ્થાન ૨૦:૧૨ અને અનુસંહિતા ૫:૧૬) પ્રમાણે સંતાનોએ માબાપને માન આપવું એ ઈશ્વરની આજ્ઞા છે. (ઉપદેશમાળા ૩:૧-૧૬) માં માતાપિતા પ્રત્યેના ધર્મની વિસ્તારથી સમજ આપી છે અને આજ્ઞાપાલનનું ગૌરવ કર્યુ છે. અવજ્ઞાને શાપિત દર્શાવી છે. 'જીવદયા'ની સંસ્કૃતિને પ્રોત્સાહન આપનાર આપણે માબાપની કે ગુરુજનોની ઉપેક્ષા કરીને હિંસા તો નથી કરતાંને ?

મારા એક મિત્રનો પૌત્ર બધિર વિદ્યાલયમાં ભણે છે. સત્રના આરંભે માબાપ-દાદાદાદીને પણ આ બાળકો સાથે કેવી રીતે વ્યવહાર કરવોની ફરજિયાત તાલીમ આપવામાં આવે છે. સંયુક્ત કુટુંબની વિભાવનામાં માબાપને બાળઉછેરની તાલીમ ઘરમાંથી જ મળી રહેતી પણ હવે વિભક્ત કુટુંબના જમાનામાં આ બાબતે શૂન્યવકાશ સર્જાયો છે ત્યારે હવે માબાપને પણ તાલીમ આપવી પડે એવા દિવસ દૂર નથી. બાળક સ્વતંત્ર અને જવાબદાર બને એ માટે માબાપે સતત કોશિશ કરવી જોઈએ. બાળક પ્રશ્ન પૂછે તેવું વાતાવરણ સર્જાય તે માટે, તેણે રજૂ કરેલ પ્રશ્નનું નિરાકરણ કરો, કેટલાક પ્રશ્નોમાં બળ કરતાં કળથી કામ પાર પાડો. આ બધામાં ધીરજવાન બનવું અનિવાર્ય છે. ઝાઝું નુકસાન ન થાય ત્યાં સુધી સહન કરો, સહાનુભૂતિપૂર્વક તેની ભૂલ પ્રત્યે સભાન કરો. પરિવર્તનનો સહજ સ્વીકાર કરે તે માટે નિખાલસ બનો. આ રીતે ઘરશાળામાં તૈયાર થયેલ બાળક જીવનસંઘર્ષને પડકારશે. વયમર્યાદા પ્રમાણે વ્યવહાર પણ બદલીએ, 'અમારા જમાનામાં તો...' રેકર્ડ સાંભળવી યુવાન સંતાનોને ઓછી ગમશે એટલે જમાના પ્રમાણે વિષય, વિચાર, વ્યવહારમાં પરિવર્તન લાવીએ. કલોસ્સાના ધર્મસંઘ પર પાઉલનો પત્ર (૩:૧૮-૨૧) માં સંત પાઉલ કૌટુંબિક ધર્મની વાત કરે છે તેનું પાલન કરવામાં જ આશીર્વાદ છે. આપણી ભૂલોમાંથી શીખીએ, આગળ વધીએ, જેથી ભૂલોનું પુનરાવર્તન ટાળી શકીએ. ભૂલો જ આપણને સ્વ અને અન્ય સાથેના સબંધ સુધારવાનું કારણ બની શકે છે. જગતમાં કોઈ પરિપૂર્ણ નથી સિવાય એક ઈશ્વર એટલે 'માનવ માત્ર ભૂલને પાત્ર' હકીકતને સ્વીકારીને જ આગળ જવામાં શાણપણ છે. કોઈ માની લે કે 'હું ભૂલ કરું જ નહીં' અથવા 'મારાથી ભૂલ થાય જ નહીં' માન્યતા નુકસાન કર્તા છે. 'હું માનવ છું' એવો પદાર્થપાઠ ભૂલ શીખવે છે. વધારે પડતો આત્મવિશ્વાસ આપણને ગર્વિષ્ઠ બનાવી શકે છે જે પરિવાર-સમાજથી આપણને અલિપ્ત કરી શકે. ભૂલ માનવને વાસ્તવિક અને નમ્ર બનતા શીખવે છે.

જ્યાં રુકાવટ આવે ત્યાં તેના નવા વિકલ્પ વિચારીએ. સામાન્ય પરિભાષામાં ભૂલ એટલે 'કંઈ ખોટું કર્યુ' પણ ભૂલ કરનારા જ કેટલા મહાન બન્યા છે, જેનાં અસંખ્ય ઉદાહરણ આપણી પાસે છે, એટલે ભૂલને વિકાસની તક તરીકે સ્વીકારીએ. ભૂલમાંથી બહાર આવતા ધૈર્યનો ગુણ વિકસે છે. ફરી પ્રયત્ન કરવાનો નિર્ણય મજબૂત બને છે એટલે જાગ્યા ત્યાંથી સવાર. એકબીજાના પર દોષારોપણ કરવાને બદલે 'હું' મારા સંતાન- માબાપને સુખી કરવા, મને પ્રાપ્ય પરિસ્થિતિમાં સર્વોત્તમ શું કરી શકું એ જ મારું કર્તવ્ય બાકીનું ઈશ્વર સંભાળી લેશે. દરેક માબાપનો આદર થાય, પ્રત્યેક સંતાન સુખી થાય એ જ પ્રાર્થના. ●

## 'પાવન હૃદય દૂત'ને મળેલ દાન

| | | |
|---|---|---|
| ઉષાબેન ડેવિડ | મણીનગર(પૂર્વ) | ૫૦૦ |
| સ્વ. આલ્ફોન્સ ડી. મેકવાન | આણંદ | ૫૦૦ |
| સવિતાબેન સાયમનભાઈ પરમાર | વડોદરા | ૨૦૦ |
| સ્વ. રમેશભાઈ દલાભાઈ ખ્રિસ્તી | વણસર | ૨૦૦ |
| અંતોન સ્તાનીસ વાઘેલા | નરોડા-અ'વાદ | ૨૦૦ |
| સ્વ. રમણભાઈ માર્કભાઈ પરમાર | આમોદ | ૧૫૦ |
| સ્વ. જેઠાલાલ બી. પરમાર | આણંદ | ૧૦૧ |
| સ્વ. માણેકબેન પાઉલ મેકવાન | કરમસદ | ૧૦૧ |
| સ્વ. જોનભાઈ મૂળજીભાઈ વાઘેલા | ઝીંટોડિયા રોડ | ૧૦૧ |
| જયંતીભાઈ એમ. પરમાર | દરેડ | ૧૦૧ |
| સ્વ. ડાહીબેન રણછોડભાઈ પટેલિયા | વટાવ | ૧૦૧ |
| સ્વ. ધીરજ ભાટિયા | આણંદ | ૧૦૦ |
| સ્વ. સોનાબેન પરમાર | પીપલગ | ૧૦૦ |
| કમલેશ બાવાજી સોલંકી | — | ૧૦૦ |
| સ્વ. અમૃત કે. મહિડા | મણીનગર(પૂર્વ) | ૧૦૦ |
| સ્વ. એલિસાબેન ધનજીભાઈ | આણંદ | ૧૦૦ |
| સ્વ. શારદાબેન એમ. મેકવાન | રાજુપર(ગોમતીપુર) | ૧૦૦ |
| સ્વ. ફિલીપભાઈ અંતોન મેકવાન | મહોળેલ | ૧૦૦ |
| સ્વ. મણીબેન દલાભાઈ ખ્રિસ્તી | વણસર | ૧૦૦ |
| કનુભાઈ પી. મેકવાન | નડિયાદ | ૧૦૦ |
| સ્વ. પીટરભાઈ આલ્ફ્રેડનાં સ્મરણાર્થે | નડિયાદ | ૧૦૦ |
| નવીનભાઈ નાનજીભાઈ ચૌહાણ | ભવાનીપુરા | ૧૦૦ |
| સ્વ. સેજલ વિલ્યમ રાઠોડના સ્મરણાર્થે | આણંદ | ૧૦૦ |

# સરોગસી માટેનો માપદંડ

✍ ઈન્દુ રાવ

*'દૂત' તંત્રી મંડળ સભ્ય*

વિવાહિત સ્ત્રી માટે માતૃત્વ ધારણ કરવું એ પ્રભુ તરફથી પ્રાપ્ત થયેલું અમૂલ્ય વરદાન - સ્ત્રી ઉપર પ્રભુએ વરસાવેલી મોટી કૃપા ગણાય છે. સ્ત્રીના ઉદરમાં ગર્ભમાં આકાર લેતું પોતાના લોહીથી પાંગરતા પિંડનું સ્ત્રી નવમહિના પોતાને અનેક પ્રકારની તકલીફો પડવાં છતાં અતિ આનંદપૂર્વક જતન કરે છે. તે અસહ્ય પ્રસવ પીડા સહીને પોતાના બાળકને જન્મ આપીને ધન્યતા અનુભવે છે. એનો પતિ, એનાં સાંસરિયાં તથા પિયરપક્ષનાં કુટુંબીજનો નવાગંતુક બાળકને પ્રભુની ભેટ તરીકે સ્વીકારીને સ્ત્રીની પૂરી સંભાળ લેતાં તેને સહાયરૂપ બને છે. સામે છેડે જ સ્ત્રીઓને લગ્ન પછી માતા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતું નથી તેવી સ્ત્રીઓ અંતરથી અત્યંત દુઃખી હોય છે. એના આંતરિક દુઃખમાં સ્વજનો અને સમાજમેણાં-ટોણાં મારીને બળતામાં ઘી હોમતાં હોય છે. આથી સ્ત્રી ઘણીવાર માનસિક તણાવ અનુભવે છે. સ્ત્રી માતૃત્વ ધારણ ન કરી શકે એ માટે માત્ર સ્ત્રી જ જવાબદાર નથી હોતી, ક્યારેક એ માટે એનો પતિ પણ જવાબદાર હોય છે તેમ છતાં કુટુંબ-સમાજમાં સ્ત્રીની જ અવહેલના થતી રહે એ કેમ ચાલે ? કેટલાક દંપતી વાસ્તવિકતાને સ્વીકારી લઈને પોતાના નિકટના સગાંવ્હાલાઓ પાસેથી કે અનાથાશ્રમમાંથી પોતાની પસંદગીનું સંતાન દત્તક તરીકે લાવીને ખરાં માતાપિતા બનીને ખૂબ જ પ્રેમથી જતનપૂર્વક તેનો ઉછેર કરી, સુસંસ્કારોનું સિંચન કરતાં ખૂબ ભણાવી-ગણાવીને તેનું જીવન ધન્ય બનાવે છે. ખરેખર અનાથ બાળકને દત્તક લેવું એ મોટા પુણ્યનું કામ છે. દત્તક બાળકો લેનારાં સર્વે માતાપિતાને હાર્દિક અભિનંદન !

અદ્યતન ટેક્નોલોજી ક્ષેત્રે અત્યંત વેગપૂર્વક આગળ વધી રહેલી દુનિયાએ નિઃસંતાન દંપતીઓ માટે નવી શોધ કરી. જે-તે યુગલના (પતિ-પત્ની)એમના પોતાના અંશમાંથી ટેકનોલોજીની મદદથી સંતાન પ્રાપ્ત કરવાની પ્રક્રિયા. આ ટેકનોલોજીની શરૂઆત કરનાર આણંદના ડો. નયના પટેલનું નામ વિશ્વભરમાં પ્રખ્યાત થઈ ગયું છે. વર્ષ ૨૦૦૦ થી આજ સુધી અમુક સ્ત્રીઓ પોતાની કૂખ ભાડે આપીને નિઃસંતાન દંપતીને તેમનું બાળક આપીને તથા પોતાના પરિવારને આર્થિક મદદ કરતી રહી છે. આ બાબતે સરોગસી માટેના નૈતિકતાને લગતા અનેકાનેક પ્રશ્નો દરેક સમાજે ઊભા કર્યા પરંતુ એની સામે સરોગેટ બનાવનાર અને બનનાર ઊભય પક્ષો પોતે પુણ્યનું કામ કરી રહ્યાનો ભાવ દર્શાવતા રહ્યાં છે. હકીકત તેનાથી તદ્દન વિપરીત છે. જે-તે સ્ત્રી પોતાની કૂખ ભાડે આપીને એના થકી જે કમાણી થાય તેનાથી પોતાના કુટુંબની આર્થિક સ્થિતિ સુધારવા તે હાથારૂપ બની રહી છે. જેમાં સ્ત્રીની લાચારી-મજબૂરી ડોકાઈ રહી છે એની સહમતિનું કારણ શું ? કહેવાની જરૂર નથી. કુટુંબને એની આવકથી મહત્તમ ફાયદો થતો હોવાથી પતિ અને સાસરિયાં સરોગેટ સ્ત્રીથી તેનાં ખુદનાં સંતાનોનાં ભોગેય નવ મહિના સુધી સ્ત્રીને મદદ કરતાં રહે છે. જે સ્ત્રી પોતાની કૂખ ભાડે આપીને પોતાના ગર્ભમાં જે બાળકને નવ મહિના પોષણ આપતી રહે છે. એમાંય એનાં નાભિ-નાળ સાથેનું અભિન્ન જોડાણ તો ખરું જ ને ! એ બાળકને જન્મ આપીને ખરીદદાર યુગલને માતાપિતાનો દરજ્જો-મોભો આપીને સોંપી દે છે, એક વસ્તુની જેમ ! ભલે આ કાર્ય આસાન-સામાન્ય લાગતું હોય પરંતુ એ વિશેનો અંગત અનુભવ તો સરોગેટ માતા જ કહી શકે. સંત પાઉલ કરિંથના ધર્મસંઘ પરના પહેલા પત્રમાં લખે છે : "તમને એટલી ખબર નથી કે, તમારો દેહ તો તમારામાં વસતા અને ઈશ્વર તરફથી મળેલા પવિત્ર આત્માનું મંદિર છે ? તમે તમારા માલિક નથી, કારણ, તમને કિંમત ચૂકવીને ઈશ્વરે ખરીદેલા છે. માટે તમારા દેહ દ્વારા તમે ઈશ્વરનો મહિમા કરો."(૬ : ૧૯-૨૦) આપણો દેહ પવિત્ર આત્માનું મંદિર છે. હંમેશા તે આપણે યાદ રાખવું રહ્યું. વળી સ્તોત્રસંહિતા ૧૨૭ પ્રમાણેઃ 'પ્રભુના આશીર્વાદ વિના માનવ-મહેનત મિથ્યા' માં ત્રીજી કડીનું સ્તોત્ર છે

'સાચું કહો તો સંતાનો છે પ્રભુજીએ દીધેલી ભેટ,
ખોળાનો ખૂંદનારો મળવો પ્રભુજીની છે મોટી મ્હેર.'

૯મી સપ્ટેમ્બર ૨૦૧૬ના 'દિવ્ય ભાસ્કર'માં લેખિકા નેહા શાહ જેઓ અર્થશાસ્ત્રનાં અધ્યાપિકા છે. એમના 'માતૃત્વનું બજારીકરણ : નિયંત્રણ જરૂરી' લેખમાં કહે છે. "બજારના પ્રવાહો સ્ત્રીની માત્ર ગર્ભ વહન કરવાની શારીરિક શક્તિ જ ઓળખે છે. બજારની ઘુસણખોરીથી બાળક એક ઉત્પાદિત વસ્તુ અને ગર્ભાવસ્થા બાળક ઉત્પાદન કરનારી સેવા બની ગઈ છે. સરોગસીના વ્યવસાયીકરણે સ્ત્રીના પ્રજનનતંત્રને બાળકને જન્મ આપનારું મશીન બનાવી દીધું છે. એમ કહીએ તો ઝાઝી અતિશયોક્તિ નહીં ગણાય."

તાજેતરમાં સરોગસીને અપરાધ ગણીને એની માટે સરોગસી કાયદો ૨૦૧૬ નો ખરડો આપણાં વિદેશ મંત્રી સુષમા સ્વરાજનાં નેજા હેઠળ ચુનંદા નિષ્ણાંતોની ટીમે નૈતિકતાના ધોરણે તૈયાર કર્યો. જેને કેન્દ્રિય મંત્રી મંડળે મંજૂરી આપી છે. સુષમા સ્વરાજનું કહેવું છે કે, "આ ખરડો અમે બ્રિટનના પ્રતિબંધક કાયદામાંથી લીધો છે. એમાં કોઈપણ મહિલાને કોઈપણ સંજોગોમાં કૂખ આપવા કે મેળવવાનો અધિકાર નથી. પરંતુ અમે આપણા સમાજની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને લોહીની સગાઈ ધરાવતી અથવા પરિવારના ભાગરૂપ મહિલાની કૂખ મેળવવાની છૂટ આપી છે. અમે સરોગસીની પ્રક્રિયા સૌથી અઘરી બનાવવા માગીએ છીએ. ('સરોગસી પર પ્રતિબંધ જરૂરી કે નિયંત્રણ' લે. એન.એ.ખાન સંદેશ ૧૧ મી સપ્ટેમ્બર ૨૦૧૬) આ ખરડામાં નિઃસંતાન દંપત્તીને નૈતિક સરોગસી માટેનો અધિકાર આપવામાં આવ્યો છે. પરંતુ એની સાથે વ્યાપારીકરણની પ્રવૃત્તિ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. એનો હેતુ એ થયો કે સરોગેટ બનનાર ગરીબ સ્ત્રીઓનું શારીરિક શોષણ અટકે, એમનું સ્વાસ્થ્ય સચવાય, નવા ઘડાયેલ કાયદા મુજબ : ૧. જે સ્ત્રી-પુરુષે વિધિવત લગ્ન કર્યા હોય અને લગ્ન પછી પાંચ વર્ષ થઈ ગયાં હોવા છતાં અને ડોક્ટરી સારવાર લીધા પછી પણ જો પત્ની ગર્ભધારણ ન કરી શકતી હોય તો... ૨. તેઓએ અન્ય બાળક દત્તક લીધેલું ન હોવું જોઈએ.

૩. પતિપત્ની બંને ભારતના નાગરિક હોવા જોઈએ તથા ભારતમાં જ રહેતા હોવાં જોઈએ. ૪. સરોગસી માટે પોતાના પરિવારની અથવા લોહીની સગાઈ ધરાવતી સ્ત્રીની જ કૂખ વાપરી શકાશે.”

સરોગસી માટે સંસદમાં પસાર થયેલો આ ખરડો સ્ત્રીઓના હક્ક કરતાં નૈતિકતા થકી આધ્યાત્મિકતા પર વધુ ભાર આપી રહ્યો છે. બીજું કે જે સ્ત્રી પોતાની કૂખમાં અન્યનો ગર્ભ ઉછેરે છે તે માટે તેની ગરીબી-કુટુંબની નબળી આર્થિક પરિસ્થિતિને જવાબદાર છે. જો કે ત્યાંય એનું શોષણ થતું દેખાય છે. ઓછું ભણતર અને ગરીબીમાં જીવનારી સ્ત્રી વધુ વિચાર્યા વિના જે રકમ મળે તે સ્વીકારે છે એનો લાભ બીજાઓ લઈ જાય છે. હવે સ્ત્રીઓએ જાગૃતિ, સાવધાની રાખવી પડશે નવા કાયદાના  અમલીકરણ ન કરતાં કાયદાકીય કાર્યવાહીના ભોગ ન બનવું પડે. આપણે યાદ રાખવું જોઈએ કે, ધર્મસભા સરોગસી પ્રક્રિયાનો નિષેધ કરે છે. કારણ લગ્ન એ પવિત્ર સંસ્કાર છે, જેમાં પતિપત્ની એકમન-એકદેહ થાય છે. ‘સૌ કોઈ લગ્ન નું ગૌરવ સાચવો, અને દામ્પત્યશૈયાનું પાવિત્ર્ય અખંડ રહો.’ (હિબ્રૂઓ ૧૩:૪) તેમાં સંતાન પ્રાપ્તિ થવી એ પ્રભુની અણમોલ ભેટ-વરદાન છે. વળી અંગ દાનનો મહિમા થાય છે કારણ તેમાં ઊદારતા સમાયેલી છે, જ્યારે કૂંખ ભાડે આપવી એટલે કમાણીની ઉપજ છે. પ્રભુએ બક્ષેલ જીવનનું આપણા શરીરનું વેચાણ કેવી રીતે થાય?

સામાજિક-ધાર્મિક-નૈતિક દૃષ્ટિએ અસરકર્તા આ ખરડા અંગે સમાજ, આપણા ધાર્મિક વડાઓ, વિચારશીલ-ચિંતનશીલ વ્યક્તિઓએ (સ્ત્રી-પુરુષ) સાથે મળીને જાહેરમાં આ અંગે વિચારવું રહ્યું. આમ તો આપણે જોઈએ છીએ કે સંસદમાં અનેક ખરડા પસાર થાય છે, તેમ છતાં છડેચોક કાયદાઓનો ભંગ, પ્રજા અને સરકાર સમેત થતો જોઈ શકાય છે. જેમકે દારૂબંધી, સ્ત્રીભૃણહત્યા વગેરે.... આથી સરોગસી પ્રતિબંધ કાયદાની પણ ઐસી-તૈસી નહીં થાય એવું આપણાથી કહી શકાશે ખરું ? સમાજમાં આ બાબતે સ્ત્રીઓની પરિસ્થિતિ સમજવા માટે સૌ ભેળાં મળી વિચારી શકીએ ખરાં ? ●


**ફ્લેટ ભાડે આપવાનો છે**

**૧લો માળ**

*“અર્થ”, ફ્લેટ નં. ૧૦૩, રોઝરી સ્કૂલ સામે, પ્રતાપગંજ, વડોદરા*

**ડેવીડ પી. મેકવાન : મો. ૭૫૬૭૩ ૯૦૭૪૭**

**તિમોથી મેકવાન : મો. ૦૯૪૨૭૩ ૪૩૦૫૦**

**વેચવાનું છે**

2 BHK, મકાન + પ્લોટ

*મધર મેરી સોસાયટી - ૨, ગ્રીનલેન્ડ સોસાયટી પાછળ,*

*મિશન રોડ, નડીઆદ*

**સંપર્કઃ ૯૫૭૪૮ ૨૭૦૬૬, ૯૮૨૪૯ ૩૫૭૯૯**


**સફળ લગ્નજીવનનાં ૫૦ (૬-૧૧-૧૯૬૬ - ૬-૧૧-૨૦૧૬)**

**વર્ષ પૂર્ણ કરવા બદલ કોટિ કોટિ વંદન...**



આપના જીવનને આનંદમયી બનાવી, અમારા જીવનને સફળ બનાવવા પ્રેરણારૂપી જીવન પસાર કર્યું, એ માટે આપનો ખૂબ ખૂબ આભાર.

પુત્ર-પુત્રીઓ, પૌત્ર, દોહિત્ર-દોહિત્રીઓના વડની ઘટાઘોર શીતળ છાયા એવા અમારા વહાલા દાદા-દાદી છો. આપની પ્રાર્થના અને પ્રેમ, એ અમારા જીવનનો માર્ગ છે. આપનું ઋણ અમારા માટે શિરોમાન્ય છે, જેને કદી વિસરી શકાય નહીં. આપના જીવનની છાયા અમારા માટે પડછાયો બની રહે. આપનો ભરપૂર આશીર્વાદ મળતો રહે એજ પ્રાર્થના ને પ્રેમ.

**પાઉલભાઈ વિલિયમભાઈ પરમાર**

**શારદાબેન પાઉલભાઈ પરમાર**

૬ નવેમ્બર, ૨૦૧૬

**સોનલ - સ્નેહલ**

**સાર્થ, સનય**

**પારૂલ - સતીષ**

**શાઈની, ઝાયન**

**સેજલ - નેલ્શન**

**શેનન**

# પુસ્તક પરિચય

✍ સાયમન એફ. પરમાર (પૂર્વ તંત્રી 'દૂત')

*'દૂત' ના પૂર્વ તંત્રી તેમજ જાણીતા લેખક*
*ઈસુસંઘી ફાધર વર્ગીશ પોલનાં કેટલાંક પુસ્તકોનો પરિચય.*


'સફળ જીવનનો માર્ગ' પ્રસ્તાવનામાં ડો. મધુસૂદન પારેખ જણાવે છે : "ગુજરાતી ભાષા પર ફાધર વર્ગીસ પોલની હથોટી બરાબર જામી છે, તેની પ્રતીતિ તેમનાં સંખ્યાબંધ પુસ્તકો કરાવી રહે છે. પિસ્તાળીસ જેટલાં પ્રકાશિત પુસ્તકોમાં, એમનાં બહુ લલિત નિબંધોએ ગુજરાતી વાચકોને મુગ્ધ કરી દીધા છે. એમનાં તમામ લખાણોમાં સાત્વિક ભાવ, માનવમાત્ર પ્રત્યે કરુણા અને માનવજાતને પ્રેમના રસાયણથી સફળ જીવનના માર્ગે દોરવાનો તેમનો જીવનક્રમ રહ્યો છે. લલિત નિબંધો ઉપરાંત પણ તેમણે જીવનને માર્ગદર્શક બને તેવા વિવિધ વિષયો પર પુસ્તકો લખ્યાં છે. એમનાં પુસ્તકોનો વાચકવર્ગ વિશાળ છે."

'મૃત્યુદંડને જાકારો આપો'માં પ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી યશવંત મહેતા મૃત્યુદંડનો ભારે વિરોધ કરે છે. પોતાની માન્યતાના સમર્થનમાં તેઓશ્રી કહે છે : "રાજ્ય જીવ આપતું નથી. રાજ્ય જીવન હરી ન શકે.. ઘોર અપરાધ કરનાર ગુનેગારને મૃત્યુદંડ દેવાને બદલે વર્ષોનાં વર્ષો સુધી(આજીવન) કારાવાસની ભીંતો સાથે માથાં પછાડીને પસ્તાવો કરવા દેવો, એ અમારે મન વધારે આકરી સજા છે."

'કોણ ચોકીદારની ચોકી કરશે ?' માં લેખક જણાવે છે કે, "દર મહિને મસમોટી રકમનો પગાર ખાતા જજ સાહેબ લાંચ લે અને લાંચની રકમ અગાઉથી જણાવે અને એનાથી બમણી રકમ રુશ્વત માટે ફરી જાય એવું બધું માનવામાં મને તકલીફ પડે છે. એકથી વધારે જાણકાર માણસો પાસેથી મેં સાંભળ્યું છે કે ન્યાયાલયનો ભ્રષ્ટાચાર રાજ્યના નીચલી કોર્ટથી માંડી છેક સર્વોચ્ચ અદાલત (સુપ્રિમ કોર્ટ) સુધી પહોંચ્યો છે... હું જાણું છું કે સમગ્ર ગુજરાતમાં ભ્રષ્ટાચાર જ શિષ્ટાચાર બન્યો છે." એટલે પ્રશ્ન છે કે: 'ચોકીદારની કોણ કરશે ચોકીદારી ?'

## લેખકના અન્ય પુસ્તકો

**'બીજાનાં ગુલામ ના બનો.'**
**'સૌ સાથે સૌનો વિકાસ.'**
**'સિત્તેરનો ઉંબરો ઓળંગતાં.'**
**'અપરાધની તીવ્ર લાગણી.'**
**'સૌને માટે અનુકરણીય દાખલો.'**
**'એક પ્રેમાળ મિત્ર : ભાનુપ્રસાદ પુરાણી.'**
**'ફાધર જેરી ફર્નાન્ડિઝ મારા મોટા ભાઈ.'**




'પ્રગતિ અને વસતિવધારા વચ્ચેના સંબંધો'માં ગાંધીજીના શબ્દો યાદ કરીએ : "અસીમ વસ્તીવધારાને કારણે રાષ્ટ્ર માટે જન્મ પર નિયંત્રણ રાખવાની જરૂર છે એવી માન્યતાને હું પડકારું છું. એ વાત કદી પુરવાર થઈ નથી. ધરતી બધાને માટે જરૂરિયાત પૂરતું આપે છે. પણ લોભીઓ માટે પૂરતી નથી."

'કયા પ્રકારના માણસ થવાની તમારી પસંદગી છે ?' માં લેખક બધા લોકોને બે પ્રકારના લોકોમાં જુદા પાડી શકાય એમ કહે છે : પરગજુ માણસો અને સ્વાર્થી માણસો. પરગજુ માણસો જરૂરિયાતમંદોને પોતાની ધનદોલતનો લાભ આપે છે અને પોતાનું જીવન બીજાને માટે જીવીને ધન્યતા અનુભવે છે. સ્વાર્થી માણસોનું જીવન સ્વકેન્દ્રિત હોય છે. સ્વાર્થ માટે હોય છે, તેમની બીજાઓની કોઈ પરવા હોતી નથી. સ્વાર્થી માણસો સંગ્રહખોર હોય છે, ખૂબ કંજૂસ હોય છે એમને કદી સંતૃપ્તિ નથી થતી.

'તહેવારો' વિશે લેખક કહે છે કે, દિવાળી એટલે પ્રકાશનું પર્વ અને એ પ્રકાશ શ્રદ્ધાનો પ્રકાશ. આંતરિક ઉજાસનો પ્રકાશ, આધ્યાત્મિક જાગૃતિનો પ્રકાશ. નાતાલ કે ખ્રિસ્તજયંતી. નાતાલ એ ઈશ્વરનો માનવ સાથેનો પ્રેમસંબંધ અને જ્યાં પ્રેમ હોય ત્યાં માફી હોય અને તે પણ બિનશરતી માફી. ગુડ ફ્રાયડેને શુભ શુક્રવાર કહે છે. એ દિવસે માનવ ઈસુ ક્રૂસ પર ભારે વેદના વેઠીને મૃત્યુ પામ્યા. ઈસુ પૂરેપૂરા માનવ અને પૂરેપૂરા ઈશ્વર હતા. ત્રીજે દિવસે માનવ ઈસુ શરીર સાથે પુનઃ જીવતા થયા. ઈસુનું પુનરુત્થાન જ માનવીના જીવનને અર્થપૂર્ણ બનાવે છે.

પાસ્ખા (ઈસ્ટર) એ સ્ત્રી સ્વતંત્રતાનું પર્વ છે એવું લેખક માને છે. ઈસુએ પોતાના સંપર્કમાં આવેલી તમામ સ્ત્રીઓને સ્વતંત્રતા બક્ષી છે. પોતાના પુનરુત્થાન પછી ઈસુએ સૌ પ્રથમ સ્ત્રીઓને જ દર્શન આપીને તેમને પોતાના (ઈસુના) નવજીવનની સંદેશવાહક બનાવીને જાણે ઈસુએ સ્ત્રીસ્વતંત્રતાની ઘોષણા કરી છે. પોતાના પુનરુત્થાન બાદ ઈસુ પોતાના શિષ્યોને (અને દરેક માણસને પણ ) વચન આપે છે કે, "હું તમારે સારું શાંતિ મૂકતો જાઉં છું, મારી પોતાની શાંતિ તમને આપતો જાઉં છું." (યોહાન ૧૦:૨૭)

‘પોપ ફ્રાન્સિસ-માનવતાની મહેંક’માં લેખક જણાવે છે કે પોપ ફ્રાન્સિસ ૧૩ માર્ચ ૨૦૧૩ માં ચૂંટાઇ આવ્યા ત્યારથી કેવળ ખ્રિસ્તીઓમાં જ નહિ પણ દુનિયાભરના સૌ લોકોના લોકપ્રિય આગેવાન બન્યા છે. ગુજરાતી દૈનિક ‘દિવ્ય ભાસ્કરે’ પોપ ફ્રાન્સિસને ‘આમ આદમીના પોપ’ કહ્યા છે. આર્જેન્ટિનાના કાર્ડિનલ મહાધર્માધ્યક્ષ જોર્જ વેરેગોલિયોની વડાધર્મગુરુ તરીકેની ચૂંટણી થઇ ત્યારે તેમણે પસંદ કરેલું નામ ‘ફ્રાન્સિસ’ આપણને ઘણું બધું કહી જાય છે. સંત ફ્રાન્સિસ આસ્સિસી નાના મોટા સૌ માણસો, પ્રાણી-પંખીઓ, તેમજ સમગ્ર પર્યાવરણ પર ઊંડો પ્રેમ રાખનાર ગરીબોના બેલી સમા સંત હતા. આ સંતનું નામ પસંદ કરીને પોપ ફ્રાન્સિસે જણાવ્યું છે કે, તેઓ સાદું જીવન અને ઉચ્ચ વિચારમાં માનનારા અનોખા વ્યક્તિત્વવાળા આગેવાન છે.

કેથલિક ધર્મસભામાં વરિષ્ઠ સભાસદોથી માંડી બધા હોદ્દેદારોને સાદાં કપડાં પહેરવા અને સાદું જીવન ગાળીને નકામા ખર્ચથી દૂર રહેવા પોપ ફ્રાન્સિસે અનુરોધ કર્યો છે. ગુડ ફ્રાઇડે પહેલાંનાં ગુરુવારની એક પવિત્ર ધર્મવિધિ કોઇ દેવળમાં કરવાને બદલે વડાધર્મગુરુ ફ્રાન્સિસે કિશોર-કિશોરીઓ માટેના કેદખાનામાં કરી હતી. એ વિધિ દરમ્યાન તેમણે ૧૨ કેદીઓના પગ ધોઇને ચુંબન કર્યું હતું. એ કેદીઓમાં એક મુસ્લિમ છોકરી પણ હતી. આ રીતે પગ ધોઇને પોપ ફ્રાન્સિસે નમ્રતા અને સેવાના પોતે પાઠવેલા પાઠને પોપ ફ્રાન્સિસ પણ પોતાના જીવનમાં અનુસર્યા. ●

## તૃતીય પુણ્યતિથિ



**સ્વ. મણીબેન દલાભાઈ ખ્રિસ્તી**
અવસાનઃ ૨૫-૧૧-૨૦૧૩

પ્રભુ તમારા આત્માને શાંતિ આપો.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશુ.

**લિ. દલાભાઈ મોહનભાઈ ખ્રિસ્તી (વણસર)**
**તથા કાન્તી-મનીષા, મિતેષ, મોહિત**
*૧૧, સૌજન્ય પાર્ક, નડીઆદ*

## ૧૦મી પુણ્યતિથિ



**સ્વ. કાન્તીભાઈ લલ્લુભાઈ મેકવાન**
જન્મઃ ૨૮-૨-૧૯૪૫ ★ અવસાનઃ ૧૫-૧૧-૨૦૦૬

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. રેગીનાબેન કે. મેકવાન**
**તથા સમગ્ર પરિવાર**

## શ્રદ્ધાંજલિ



**સ્વ. પીટરભાઈ આલેક્ષભાઈ પરમાર**
જન્મઃ ૫-૭-૧૯૪૧ ★ અવસાનઃ ૧૪-૧૧-૨૦૧૧

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.પરમપવિત્ર પરમાત્મા આપના આત્માને શાશ્વત શાંતિ અર્પે.

**પરમાર પરિવાર, આણંદ**

## શ્રદ્ધાંજલિ



**સ્વ. પીટરભાઈ આલ્ફ્રેડભાઈ પરમાર**
જન્મઃ ૧૭-૦૪-૧૯૩૭
અવસાનઃ ૧૫-૧૦-૨૦૧૬
(ગામઃ રાજનગર)

**“જેઓ પ્રભુ ઉપર વિશ્વાસ કરીને મૃત્યુ પામ્યા છે, તેઓ પ્રથમ સજીવન થશે.”**
**“પનુરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.”**

પરમેશ્વરપિતા એમના સાનિધ્યમાં સમાવીને તેમને શીતલ છાયામાં વિસામો આપે.

“હું જ પુનરુત્થાન છું અને હું જ જીવન છું, જેને મારામાં શ્રદ્ધા છે તેનું મૃત્યુ થાય તો પણ તે જીવતો થશે બલ્કે મારામાં શ્રદ્ધા રાખનાર કોઈપણ જીવતો માણસ કદી મૃત્યું નહીં પામે. (યોહાન ૧૧:૨૫-૨૬)

**“ઈશ્વર ઈચ્છા મહાન”**

**લલીતાબેન પીટરભાઈ પરમાર**
**સંજય પીટર (પે.કા. ઉપપ્રમુખ, ક્રાઈસ્ટ ધ કિંગ ચર્ચ, નડીઆદ)**
**અનીલ પીટર, બ્રધર વિપુલ એસ.જે. તથા દુઃખી પરિવાર**
*૪, પરાગ સોસાયટી, પવનચક્કી રોડ, નડીઆદ (મો. ૯૪૨૭૩ ૮૫૦૦૯)*

## દ્વિતીય પુણ્યતિથિએ શ્રદઘાજંલિ



**સ્વ.કાશીબેન છીતુભાઈ પરમાર**
**પરલોકે ગમન : ૧૮.૧૧.૨૦૧૪**

આપની અણધારી વિદાયને બે વર્ષ વીતી ગયાં, છતાં આપની હાજરીની અનુભૂતિ અમોને સતત રહે છે, જીવનભર સખત પરિશ્રમ કર્યો તમે, ખૂબજ તકલીફો સહન કરી તમે, પિતાની ખોટ કદી પડવા ન દીધી તમે, અમોને સુખી સમૃધ્ધ બનાવ્યા તમે, સૌને સુખ શાંતિ આપી તમે. કરુણાસાગર પરમપિતા આપના આત્માને શાંતિ અર્પે એજ અમારા સૌના અંતરની પ્રાર્થના.

**લિ. આપના બાળકો**

૧૧૭, પાવનપાર્ક સોસાયટી, રોઝીઝ ગાર્ડનની સામે, છાણીરોડ, વડોદરા.



# કાયદા દિવસ

✍ જોન્સી પી. મેકવાન

*એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ (અમદાવાદ) એન્ડ લીગલ કન્સલ્ટન્ટ.*

૨૬મી નવેમ્બર - કાયદા દિવસ અર્થાત્ બંધારણીય દિવસ. સને ૧૯૭૯ પૂર્વે આપણે કાયદા દિવસની ઉજવણી કરતા ન હતા. કાયદા દિવસની ઉજવણીની શરૂઆત સૌ પ્રથમ સુપ્રિમ કોર્ટે બાર એસોસિએશનમાં ડો. એલ. એમ. સિંઘવીના ગતિશીલ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવી. અને ત્યારબાદ ૨૬મી નવેમ્બરના દિવસને 'કાયદા દિવસ' તરીકે ઓળખી તેની ઉજવણી કરવાનું ઠેરવવામાં આવ્યું. ૨૬મી નવેમ્બર, ૧૯૪૯ના દિવસે દેશની જનતાએ તેમના પોતાના સુવ્યવસ્થિત અનુશાસન માટે એક આગવો અધિકૃ ત દસ્તાવેજ અર્પણ કર્યો અને તે છે દેશનું બંધારણ, જેમાં દેશની લોકશાહી અને સાર્વભૌમત્વનું સુંદર નિરૂપણ થયેલ છે. તેમાં કુલ ત્રણ ભાગ આવેલા છે અને તેમાં મૂળભૂત અધિકારો અને સરકારની આદેશાત્મક નીતિના સિદ્ધાંતોનો સમાવેશ થાય છે.

કાયદા દિવસની ઉજવણીનો મુખ્ય આશય ન્યાય પ્રક્રિયાના સુવ્યવસ્થિત, સુદૃઢ અને પારદર્શક સંચાલનનો છે. ન્યાય- વ્યવસ્થામાં લોકવિશ્વાસ જળવાઈ રહે, તે માટેના વિચાર-સૂચન અને તે અંગેના યોગ્ય પગલાં લઈ ન્યાયતંત્રમાં જરૂરી એવા સુધારા-વધારા કરી શકાય તે આ ઉજવણી પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય છે. કાનૂની સહાયના અભિગમને પ્રવર્તમાન સમયમાં દેશનાં ખૂબ જ બહોળી માત્રામાં વેગ મળી રહ્યો છે. અને તેનો અલગ અલગ માધ્યમોથી પ્રચાર-પ્રસાર થઈ રહ્યો છે. કાનૂની સહાયને લોકશાહી રાજ્યમાં રાજ્યની બંધનકર્તા ફરજ તરીકે ઓળખવામાં આવે છે. સમયસર, સંપૂર્ણ અને ઝડપી ન્યાય મળે તે આશયથી વિવિધ વ્યાખ્યાનો, કાર્યક્રમો અને સભાઓ યોજી જાગૃતતા લાવવાના અથાગ પ્રયત્નો થઈ રહ્યા છે.

1924 (1) king's Bench 256 - "It is not merely of some importance but of fundamental importance that justice should not only be done but should manifestiy seen to be done."

અર્થાત્ ન્યાય મળ્યો છે તેમ નહીં કે માત્ર દેખાવું જોઈએ, પરંતુ બેશક અને સ્પષ્ટપણે લાગવું જોઈએ અને તે નહીં કે માત્ર અગત્યનું છે પરંતુ મૂળભૂત અને પાયાની દૃષ્ટિથી મહત્ત્વનું છે.

ખ્રિસ્તી સમુદાયનો કાયદો - એક વ્યક્તિગત કાયદાની શાખા - (Christian Law - as a branch of Personal Law)

ખ્રિસ્તી કાયદો (Christian Law) એક વ્યક્તિગત કાયદા (Personal Law) તરીકે મુખ્યત્વે તમામ ખ્રિસ્તી સમુદાય (Community) ને લાગુ પડે છે. ખ્રિસ્તી શબ્દની વ્યાખ્યા વિસ્તૃતપણે કોઈપણ કાયદામાં નથી. કેનન લો પ્રમાણે બાપ્તિસ્મા દ્વારા ખ્રિસ્તી ધર્મનો અંગીકાર કરવામાં આવે છે, જે પ્રથમ સંસ્કાર છે. ભારત દેશમાં દેશની ઘણી અદાલતો એ ખ્રિસ્તી શબ્દની વ્યાખ્યા માર્મિક રીતે આપેલ છે. મહારાજા વિરુદ્ધ એમ્પેરરના કેસમાં એક રાજ્યની હાઈકોર્ટે ખ્રિસ્તી શબ્દની વ્યાખ્યા આપતાં નોંધેલ કે, નહીં કે માત્ર બાપ્તિસ્મા ગ્રહણ કરવાથી બલ્કે ખ્રિસ્તી વિશ્વાસ, શ્રદ્ધા દ્વારા જ ખ્રિસ્તી બની શકાય છે.

લગ્ન (Marriage) અને ખ્રિસ્તી કાયદો

Hulsbury Law of England, 4th edition, volume 13 પ્રેરેગ્રાફ ૫૦૧ અને ૫૦૨ અન્વયે લગ્ન સંબંધી કાયદાઓમાં સાંપ્રદાયિક કાયદાઓ (Eeclesiastical Canon) અને સાંપ્રદાયિક અદાલતો (Ecclesiastical Courts) નો ઊંડો પ્રભાવ હતો, જેની અસર ધીમે ધીમે સમયની સાથે ઘટવા લાગી અને વર્તમાન કાયદાઓએ તેનું સ્થાન લીધું. ૨૦ મી સદીના મધ્ય ભાગમાં એમ માનવામાં આવતું કે, લગ્ન સંબંધી કાયદાઓમાં સાંપ્રદાયિક કોર્ટ્સને વિશિષ્ટ સત્તા (Exelusive domain) છે. અને ચર્ચ ઓફ રોમ ને સુપ્રિમ એક્લેસિએસ્ટિકલ ઓથોરીટી માનવામાં આવતું.

તાજેતરમાં એક અહેવાલ મુજબ, ક્લેરેન્સ, પેઇસ ભૂતપૂર્વ પ્રમુખ, કેથોલિક એસોસિએશન, કર્ણાટક દ્વારા સુપ્રિમ કોર્ટમાં કરવામાં આવેલી એક પીટિશનમાં કે જેમાં ચર્ચ અને સાંપ્રદાયિક કોર્ટ્સ (Ecclesiastical Courts) દ્વારા કરવામાં આવતા હુકમોને કાયદેસર અને બંધનકર્તા ગણવા તેવી દાદ માંગવામાં આવી હતી. જેને નામદાર સુપ્રિમકોર્ટની નામદાર ન્યાયમૂર્તિઓશ્રી જસ્ટીસ એ. આર. દવે અને એ.કે. ગોએલની ખંડપીઠે દાખલ કરી છે. જેમાં સીનિયર એડવોકેટ શ્રી સોલી સોરાબજી દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે, કેનન લો ને ભારતીય ખ્રિસ્તીઓ માટે Personal Law તરીકે ઠેરવવામાં આવે.

ખ્રિસ્તી કાયદા અને પ્રણાલી મુજબ લગ્ન એ નહીં કે માત્ર દીવાની કરાર છે બલ્કે ધાર્મિક કરાર છે અને રોમન કેથોલિક ચર્ચ તેને એક સંસ્કાર ગણે છે. ભારતમાં ખ્રિસ્તી લગ્ન Indian Christian Marriage Act, 1872 ની જોગવાઈઓ મુજબ નિયંત્રિત છે.

લગ્નની નોંધણી : ક્રિશ્ચિયન મેરેજ એક્ટ અન્વયે મિનિસ્ટર, પાદરી જે તે ચર્ચમાં લગ્નનું વિધિપૂર્વક સંપાદન કરી લગ્ન બાદ લગ્નની નોંધણી કરી તે અંગેનું પ્રમાણપત્ર આપી શકે. હાલમાં નામદાર સુપ્રિમકોર્ટના એક આદેશ મુજબ દરેક ધર્મમાં લગ્નની નોંધણી ફરજિયાત બનાવવામાં આવેલી છે.

અંતે, ભારત એક મહત્ત્વાકાંક્ષી લોકશાહી ધરાવતું બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર કે જેમાં ભિન્ન ભિન્ન વિચારશૈલી, સંસ્કૃતિ અને ધાર્મિક સંપ્રદાયોનો એક અદ્દભૂત અને ભવ્ય વારસો છે. આ ભવ્યતાની વચ્ચે આપણે સૌએ એક રાષ્ટ્રની એક જ પ્રજા તરીકેની સર્વ સામાન્ય એવી એક દોર અપનાવવી જ રહી જે આપણને સૌને એક સમાન રીતે બંધનકર્તા હોય. જેના થકી એક આધુનિક અને સશક્ત રાષ્ટ્રનું નિર્માણ થાય. જય ભારત !●

Email : johnsey_83422003@yahoo.com

"અન્યાયથી મળેલી ઘણી આવક કરતાં,
નીતિથી મળેલી થોડી આવક સારી છે." (નીતિવચનો ૧૬:૮)

## ક્રાઈસ્ટ ટૂર્સ (ગોવા સ્પેશ્યાલિસ્ટ)

ગોવા(૩ દિવસ), ૩૧ ડિસેમ્બર અને નવુ વર્ષ ૨૦૧૭
વેલકમની ઉજવણી ગોવામાં કરો.

ગોવા, મહાબળેશ્વર, પંચગીની, લોનાવાલા, ખંડાલા અને સાપુતારા

| બસ ઉપડવાની તારીખ | પરત આવવાની તારીખ |
|---|---|
| ૨૮-૧૨-૨૦૧૬ | ૦૫-૦૧-૨૦૧૭ |
| **આખી ટિકિટ: ૯,૫૦૦/-** (રહેવા-જમવા સાથે) | **અડધી ટિકિટ : ૧૦% લેસ** |

**ટૂરની વિશેષતા:** (૧) ફેમિલી દીઠ પર્સનલ રૂમ આપવામાં આવશે. (૨) સવારે ચા-નાસ્તો, બપોરે તથા રાત્રે જમવાનું આપવામાં આવશે. (વેજ તથા નોનવેજ). (૩) રહેવા માટેની ઉત્તમ સગવડ આપવામાં આવશે. (૪) નડીઆદ, આણંદ, બરોડા તથા સુરતના પ્રવાસીઓને પીક-અપ તથા ડ્રોપની સુવિધા આપવામાં આવશે. (૫) રમત-ગમતનું આયોજન રાખવામાં આવેલ છે તથા વિજેતાઓને યોગ્ય ઈનામ આપવામાં આવશે.

**નોંધ:** *એક જ બસ કરવાની હોવાથી વહેલી તકે આપની સીટ બૂક કરાવો.*

**બસ ઉપડવાનું સ્થળ:**
સિંધવાઈનગર બસ સ્ટેન્ડ, રામોલ રોડ, અમદાવાદ

:: આયોજક ::

**જેક્સન: ૯૯૨૫૨ ૨૧૬૬૩ જીમ્મી: ૯૯૯૮૪ ૫૪૩૨૪**
**સંજીવ: ૭૫૬૭૮ ૭૮૪૯૯ રાકેશ: ૯૬૬૨૦ ૩૬૪૭૭**



**Walk Where Jesus Walked**

## પ્રભુ ઈસુની પવિત્ર ભૂમિ ઈઝરાયેલની પાવન યાત્રા

### મે – ૨૦૧૭

| દિવસો | સ્થળ | ટીકીટ દર |
|---|---|---|
| ૧૦ | ઈઝરાયેલ - ઈજીપ્ત - જોર્ડન | રૂા.૯૦,૦૦૦/- |
| ૧૪ | ઈઝરાયેલ - ઈજીપ્ત - જોર્ડન - દુબઈ (દુબઈ - ૪ દિવસ) | રૂા.૧,૧૨,૦૦૦/- |

**:: યાત્રાની સંપૂર્ણ માહિતી માટે મળો ::**

**રેવ. ફાધર વિક્રમ મહીડા**
સહાયગ ચાવડાપુરા પૅરિશ,
જિંટોડિયા-આણંદ
મો. ૯૪૦૯૧ ૭૩૮૭૦

**રેવ. ફાધર પ્રકાશ મેકવાન**
પ્રિન્સિપાલ, સેંટ ઝેવિયર્સ સ્કૂલ,
નરોડા, અમદાવાદ
મો. ૮૭૩૨૯ ૦૧૫૯૪

**જોર્ડન મેકવાન**
**Keeya Tours and Travels**
ચાવડાપુરા - આણંદ
મો. ૯૯૦૯૬ ૮૪૫૦૦



## મહેશ ટુર્સ

૧. **ગોવા - મહાબળેશ્વર - પંચગિની - ખંડાલા - લોનાવાલા, - મુંબઈ**
 - પ્રવાસ તા. ૨૯-૧૨-૨૦૧૬ થી તા.૦૫-૦૧-૨૦૧૭ સુધી
 - ટિકિટ દર રૂા. ૫,૮૦૦/-

૨. **માઉન્ટ આબુ**
 - પ્રવાસ તા. ૨૫-૧૧-૨૦૧૬ થી તા. ૨૮-૧૧-૨૦૧૬
 - ટિકિટ દર રૂા. ૨,૦૦૦/-

૩. **મુંબઈ**
 - પ્રવાસ તા. ૧૬-૧૨-૨૦૧૬ થી તા. ૧૯-૧૨-૨૦૧૬
 - ટિકિટ દર રૂા. ૨,૦૦૦/-
 - દરેક પ્રવાસ બે ટાઈમ જમવા, ચ્હા-નાસ્તો તથા રહેવા (હોટલ બુકિંગ) સાથે.
 - રૂા.૧,૦૦૦/- આપી ટિકિટ બુક કરાવો.

**બસ ઉપડવાનું સ્થળ:**
*ટી.પી. ૧૩, પાણીની ટાંકી પાસે, જકાતનાકા, વડોદરા*

**આયોજક: મહેશ એચ. વાઘેલા (ક્રિશ્ચિયન)**
**મો. ૯૮૨૫૫ ૬૮૨૮૧, ૮૭૩૩૦ ૨૦૫૯૪**



## પુષ્પક ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**ક્રિસમસ વેકેશન પ્રવાસ**

**૩૧ ડિસેમ્બર ગોવામાં મનાવવાનો આનંદ માણો**

**ગોવા-વેલાંગની-ચેન્નાઈ-રેલ્વે પ્રવાસ** (લકઝરી બસ દ્વારા સાઈડ સીન સાથે)

| દિવસ | આખી ટીકીટ | ઉપડવાની તારીખ | રહેઠાણ વ્યવસ્થા |
|---|---|---|---|
| ૧૦ | રૂા. ૧૦૦૦૦/- | ૨૯-૧૨-૨૦૧૬ | રહેઠાણ વ્યવસ્થા - ગોવા કોમન રહેશે વેલાંગની તેમજ ચેન્નાઈ હોટલ રહેશે. |

(રેલ્વે પ્રવાસ દરમ્યાન જમવાનું આપવામાં આવશે (રેલ્વે કેન્ટીનનું રહેશે.)

| દિવસ | આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ ઉપડવાની તારીખ | રહેઠાણ વ્યવસ્થા |
|---|---|---|---|---|
| ૯ | રૂા. ૮૫૦૦/- | રૂા. ૫૦૦૦/- | ૨૬-૧૨-૨૦૧૬ સમય : રાત્રે ૮-૦૦ કલાકે | કોમન રહેશે. |

**ગોવા, મહાબળેશ્વર, મુંબઈ, લકઝરી બસ દ્વારા સાઈડ સીન સાથે**

**ગોવા રેલ્વે પ્રવાસ** (લકઝરી બસ દ્વારા સાઈડ સીન સાથે)

| દિવસ | આખી ટીકીટ | ઉપડવાની તારીખ | રહેઠાણ વ્યવસ્થા |
|---|---|---|---|
| ૫ | રૂા. ૬૫૦૦/- | ૨૯-૧૨-૨૦૧૬ | કોમન રહેશે. |

**-: નિયમો :-**

★ રેલ્વે રીઝર્વેશન સમય મર્યાદામાં કરાવવાનું હોવાથી પૂરૂનામ સરનામુ - ઉંમરનો દાખલો, ફોન નંબર - વહેલામાં વહેલી તકે આપવાનું રહેશે. ★ બસ અથવા રેલ્વે પ્રવાસ કરનારે રૂા. ૪૦૦૦/- ડીપોઝીટ આપવાની રહેશે.

**પ્રવાસમાં આવનાર પ્રવાસીએ અમારા નિયમોનું ફોર્મ અવશ્ય ભરવાનું રહેશે.**

-: બુકીંગ અને વધુ વિગત માટે મળો :-

**(બ્લેસી) ફ્રાન્સીસ સાયમન**
**M. 9825303840, 9426615840**

**પુષ્પા ડીકોસ્ટા** 9879581840


**પ્રિમુસ મેકવાન** ઈન્કમટેક્ષ પ્રેક્ટીશનર 98244 29883

**અંબાલાલ મેકવાન** લોચલા-થલતેજ પેરીસ 9925168904

**કાન્તિભાઈ ચૌહાણ** 98790 59036

**૭, મારૂતીનંદન કોમ્પ્લેક્ષ, ખોખરા, મણીનગર (પૂર્વ), અમદાવાદ-૮.**

# ચોથી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. જોસેફ ગ્રેગોર ડાભી**

જન્મ: ૦૭-૦૫-૧૯૪૦

અવસાન: ૦૬-૧૧-૨૦૧૨

આપની અણધારી વિદાયને ચાર વર્ષ પૂરાં થયાં છે,
પણ અમારું મન માનવા તૈયાર નથી. એવી એક પણ પળ કે
એક પણ પ્રસંગ વીત્યો નથી કે તમને અમે યાદ ન કર્યાં હોય.
આપે પરિશ્રમ અને સંઘર્ષ વેઠીને અમને સુખી કર્યાં.
આપનો લાગણીશીલ સ્વભાવ, કૌટુંબિક ભાવના તથા
સહનશીલતા સદા અમારા હૈયામાં જીવંત રહેશે.
આપની ચોથી પુણ્યતિથિએ આપને અશ્રુભીના હૈયે યાદ કરીએ છીએ.
આપ હંમેશાં ઈશ્વરના રાજ્યમાં આનંદિત રહો
એવી જ અર્ચના કરીએ છીએ.
આવો જ આપનો સાથ અમને જીવનમાં મળશે,
તેવી જ આશા સહ ઈશ્વરપિતાને પ્રાર્થીએ છીએ.

**લિ. રૂથબેન જે. ડાભી તથા સમસ્ત પરિવાર**
*ક્રિશ્ચિયન સ્ટ્રીટ, વડતાલ*

# પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**"જે કોઈ મારામાં શ્રદ્ધા રાખશે તે અનંત જીવન પામશે."**



**સ્વ. આપીઆન ડી. મેકવાન**

જન્મ: ૨૨-૦૯-૧૯૪૦


અવસાન: ૨૬-૧૧-૨૦૧૧

આપની વિદાયને જોતજોતામાં પાંચ વર્ષ વીતી ગયાં.
અંજલિ આપતા આંખમાંથી આંસુ નહિ પણ ચોમાસું વરસે છે.
શ્રદ્ધાંજલિ આપતાં અમારા મુખેથી શબ્દો ખૂટે છે.
માન્યામાં નથી આવતું કે તમે નથી.
તમારી હયાતીનો અહેસાસ હજી પણ થયા કરે છે.
તમારી તસ્વીર જોતાં લાગે છે કે હમણાં કંઈક બોલશો.
પણ બસ તમે અમોને જોયા કરો છો.
વહેવાર કદી ચૂકવાનો નહીં, ધર્મ કદી ભૂલવાનો નહીં, વાણીમાં મીઠાશ
રાખવી, ઉડાઉ નહીં પણ ઉદાર બનવાનું એ જ તમારું જીવન.
સુખ અને દુ:ખમાં પ્રાર્થના જ તમારું સાધન.
તમારાં કર્મો સદાય સૌના હૃદયમાં ગુંજ્યા કરે છે.
અમારા જીવનમાં સમયચક્ર ફરી ચલાવવા આપની
પ્રેરણા અને પ્રાર્થના થકી હિંમત વરસાવજો.
જેથી જીવીએ જીવન એક જ અમર આશાથી કે મળીશું આપણે
પુનરુત્થાનની પ્રભાતે પ્રભુ સંગ.

**શ્રીમતી સવિતા આપીઆન મેકવાન તથા સમગ્ર પરિવાર**

# ત્રીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

*"ભગવાન ઈસુ ભૂતકાળની કોઈ વિભૂતિ નથી, પરંતુ પુનરુત્થાન પામેલા પ્રભુ ઈસુ આપણો જીવનપંથ અજવાળવા આજે પણ આપણી સાથે છે."*



**સ્વ. સોમાભાઈ દેસાઈભાઈ પરમાર**

જન્મ: ૦૧-૦૩-૧૯૪૪ ● અવસાન: ૨૧-૧૧-૨૦૧૩

વાત હતી પ્રેમની ગોષ્ઠિ માંડવાની
ત્યાં તો તમે છલાંગ મારી
મૃત્યુની પછેડી ઓઢી લીધી
કોને કરીએ ફરિયાદ અમારા દિલની
અમે રડતાં રહ્યાં ને તમે ચાલ્યા ગયા.
વ્યાપ્યો છે સૂનકાર હૈયે
સંસ્મરણો વાગોળવાં રહ્યાં
નથી શબ્દો કે વાચા રહ્યાં હવે
રહી છે અશ્રુભીની મૂકભાષા હૈયે હવે
વટવૃક્ષ સમી છાયા હતી આપની
કદી ના વિસરાય એવી માયા હતી આપની
રહી યાદ દિલમાં તમે તસવીરમાં વસી ગયા
ઘર બધું વેરાનને આંગણિયાં સૂનાં થઈ ગયાં
ના તમે રહ્યા, ના શબ્દો રહ્યા,
ના રહ્યા સ્વર તમારા,
મળ્યો તમારો પ્રેમ એ પુણ્ય હશે કો' અમારાં
મળશું પુનરુત્થાનની પ્રભાતે
એજ છે દિલની કામના.

**લિ. આપની દુઃખી પત્ની વ્હાલીબેન**

**ધર્મિષ્ઠા-પાઉલ દેવેન્દ્ર-અરૂણા લલિતા-પિયુષ**
**રમીલા-વિઠ્ઠલ પુષ્પા-સુદિપ**

*ખ્રિસ્તી ફળીયુ, મુ.પો. જલાલપુરા, તા. પાદરા, જિ. વડોદરા*

# તૃતીય શ્રદ્ધાંજલિ

*"પ્રભુમાં શ્રદ્ધા રાખનાર પરમસુખી છે."*



**સ્વ. પેટ્રીક દિનેશભાઈ ક્રિશ્ચિયન**

જન્મ: ૦૭-૧૦-૧૯૮૩ ● અવસાન: ૨૧-૧૧-૨૦૧૩

'વંશ' જ હતો એ 'પૂર્વજ' બની ગયો,
વસંતનો મીઠો ટહૂકો 'પાનખર' બની ગયો,
'મધ્યાહને' તપતો સૂર્ય અચાનક જ અસ્ત થઈ ગયો...'

અ'મારા' માટે એ 'આકરો પ્રહાર' હતો છતાં ઈશ્વરના એ 'આકરા પ્રહાર'ને સ્વીકારી લીધો... હતો તો એ કડવો ઘૂંટડો... છતાં યે કંઠમાં ઊતારી લીધો... શીતળ હવાની લહેરખી જ્યારે જ્યારે આવી, બસ અમે એને તારો 'સ્પર્શ' માની લીધો...

સમય વિતતો જાય છે, ને અ'મારા' અંતરની ભેખડોને કોતરતો જાય છે. તારી વિદાય પછી આપણા ઘરની દીવાલોમાંથી સંભળાતો તારા મીઠા અવાજનો રણકો અ'મને' આશ્વાસન આપતો જાય છે કે... "પુનરુત્થાનની પ્રભાતે આપણે જરૂર મળીશું!"... ઈશ્વરપિતા અમારી શ્રદ્ધા દૃઢ અને મજબૂત કરે એવી અભ્યર્થના... આમીન!

**"રાજદીપ ફેમિલી"**
**તારા પપ્પા દિનેશ, મમ્મી-લતા, બહેન-સોનિયા**
*૧૧, જયશ્રી એપાર્ટમેન્ટ, કેથોલિક ચર્ચની બાજુમાં, ઈડલી ચાર રસ્તા, મણિનગર(પૂર્વ) અમદાવાદ-૮ (મો. ૯૫૭૪૩ ૫૮૪૯૦)*

## અશ્રુભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. મેરીબેન વિન્સેન્ટભાઈ ડાભી**

જન્મ: ૦૭-૦૫-૧૯૪૦

અવસાન: ૨૮-૦૯-૨૦૧૬

રજ સરખુય દુઃખ દીધું ના કદી તમે, જીવનભર હસતા રહ્યા
અને સદા હસાવતા રહ્યા તમે, અણધારી વિદાય લઈને
અનંત ધામે ચાલી નીકળ્યા તમે,
અશ્રુભીની આંખે વંદન કરીએ તમને!
પ્રભુ ઈચ્છાને વશ થયા "તમે" અને "અમે" સર્વ ત્યારે
અંતરની અભ્યર્થના એટલી જ કે,
પ્રભુજીના દૂતો સંગ ચાલીને તમારી
પરમધામ ભણી દોરી જાય તમને!
પરમેશ્વર તમારા દિવ્ય આત્માને પરમશાંતિ બક્ષે.

**ઋણ સ્વીકાર:** *અમારા સ્વજનની અણધારી વિદાય વેળાએ અમોને પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે સાથ-સહકાર, હૂંફ અને દિલાસો આપનાર સર્વેનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.*

**લિ. વિન્સેન્ટ જી. ડાભી તથા દુઃખી પરિવાર**

*આઈ.૧, માનસરોવર ડુપ્લેક્ષ, રેલ્વેસ્ટેશનની પાછળ, મણીનગર(પૂર્વ), અમદાવાદ - ૮*

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. લક્ષ્મીબેન દોમિનિકભાઈ જાદવ**

જન્મ: ૦૬-૦૧-૧૯૪૦

અવસાન: ૦૯-૧૦-૨૦૧૫

સુખને છલકાવ્યું નહિ, દુઃખને દેખાડ્યું નહિ.
હસતું મુખડું રાખી, લીધી વિદાય ઓંચિતી તમે.
જીવનભર ધૂપસળીની માફક સુગંધ ફેલાવી તમે.
જીવન એવું જીવી ગયાં કે, જોનારા જોયા કરે.
કર્મ એવાં કર્યાં કે હૃદયમાં સૌના ગુંજ્યા કરે.
ધર્મ કદી ભૂલ્યાં નથી. સુખદુઃખમાં સદાય હસતાં રહ્યાં
પુનરુત્થાનની પ્રભાતે ફરીથી મળીશું
પ્રભુ આપના આત્માને ચિર શાંતિ બક્ષે એજ પ્રાર્થના.

**લિ. દોમિનિકભાઈ બી. જાદવ તથા**
**આપનાં દુઃખી બાળકો અને પરિવાર**

*ઠે. મેરીકુંજ, ખ્રિસ્તી મહોલ્લો, કલમસર, તા. ખંભાત, જિ. આણંદ*

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. મરિયમબેન હિરાલાલ ક્રિશ્ચિયન**

જન્મ: ૦૪-૦૨-૧૯૩૫

અવસાન: ૧૮-૧૧-૨૦૧૫

સમયનાં વહેણમાં વર્ષ એક વહી ગયું,
હતા સાથે તોયે ના કશી વાત કહી ગયાં.
પળવારમાં ગઈ ચાલી, ના રહી અલવિદા કહેવા,
શી હતી ઉતાવળ એટલી બધી સ્વર્ગધામે જવા.
કરતી સેવા તું અમારી, ના લીધી સેવા અમારી.
ચાહતી હતી અમ બધાંને હૃદયના પૂરા પ્રેમથી.
પ્રાર્થનામય જીવન, દિલની ઉદાર અને દયાળુ,
પ્રેમભર્યો વ્યવહાર તારો હજી અમે ભૂલ્યાં નથી.
થાય છે અહેસાસ એવો કે છે ઘરમાં ક્યાંક તું,
શોધતાં મળે છે જોવા, ભીંતે લટકતી તસ્વીરમાં તું.
તારી યાદમાં અમે છીએ, સ્વજનો દુઃખી બધાં,
પ્રાર્થના અમારી કે પ્રભુ, આપે શાંતિ તુજ આત્માને.

**ઉષા - જોકીન** **રીટા - હેમંત (China)**
**આકાશ - અમન** **ચેરીલ - સ્ટેફી**

*૧૮/૫૪૮, વિકાસનગર, જનતાનગર, અમરાઈવાડી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૨૬*

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. મોંઘીબેન(મધુબેન)**
**નરસિંહભાઈ સોલંકી**

અવસાન: ૨૨-૧૧-૨૦૧૫

'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ.'

પૂજ્ય મા,

તમારાથી અળગા થયે એક વર્ષ પૂરું થયું. પરંતુ તમારા મમતાભર્યા હાથનો અહેસાસ હંમેશાં શિરે અનુભવાય છે. તમે હતાં તો ઘર ખરેખર ઘર હતું મા. તમે દુઃખ વેઠીને જીવનભર મહેનત કરી, શૂન્યમાંથી સર્જન કર્યું. દુઃખને દેખાડ્યું નહિ, સુખને છલકાવ્યું નહિ. વ્યવહાર કદી ચૂક્યા નહિ. ધર્મ ભક્તિ કદી ભૂલ્યા નહિ. સ્વર્ગમાંથી તમારો આશીર્વાદ અમારા ઉપર હંમેશાં વરસાવતા રહેજો.

પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એજ પ્રાર્થના.

**લિ. આપનાં સ્વજનો**
**હંસા, વિલ્યમ, રિનલ, સ્મિત તથા નરસિંહભાઈ**

*ખંભાત*

## વીસમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. સવિતાબેન પીટર ક્રિસ્ટી**

જન્મ: ૧૭-૦૩-૧૯૪૮

અવસાન: ૨૪-૧૧-૧૯૯૬

તારી વિદાયને જોતજોતામાં ૨૦ વર્ષ વીતી ગયાં
તોયે તું હરહંમેશ અમારા હૃદયમાં બિરાજમાન છે.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું
એ જ અંતરની પ્રાર્થના.

**લિ. પીટર એસ. ક્રિસ્ટી**

| | | |
|---|---|---|
| **દિવ્યકાન્ત** | **પરેશ** | **જીગ્નેશ** |
| **કંચન** | **રિતિકા** | **સંગીતા** |
| **રોહન** | **ઈવાન્સી** | **આર્યન** |
| | **જોલીન** | **જોયલ** |

*૧૬, આર.કે. પાર્ક, નવી આશાપુરી, વડોદરા*

## છઠ્ઠી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



જન્મ
૦૪-૦૬-૧૯૨૯

અવસાન
૨૭-૧૧-૨૦૧૦

**સ્વ. ઈગ્નાસ એમ. મેકવાન**

"પ્રભુ પર શ્રદ્ધા રાખનાર પરમસુખી છે."

તમારી સાથે વિતેલાં વર્ષો અને તમારો પ્રેમ કદી ભૂલાશે નહિ. જીવનભર સતત પરિશ્રમ કરી પરિવારને સમૃદ્ધ બનાવી સૌને સુખ અને શાંતિ આપતા ગયા.

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ પ્રદાન કરે.

**લિ. આપની દીકરી**
**અરૂણા કે. મેકવાન (ચાયુ)**

## લાગણીસભર શ્રદ્ધાંજલિ



**સ્વ. ફાધર જોસેફ વિલ્સન**

જન્મ: ૧૫-૦૨-૧૯૬૧

અવસાન: ૨૩-૧૧-૨૦૧૫

"MY HOME IS IN HEAVEN, I WAS JUST TRAVELLING THROUGH THIS WORLD."

**નિષ્ઠાવાન ભલા હે ચાકર**
**તમે તમારા દીપ જલાવી સજ્જ બનીને બેઠેલા પાછા ફરતાં એણે તમને જાગી રહેલા જોયેલા.**

તમારા વિના પ્રભુને પણ ન ગમ્યું.
સતત હસતા હસાવતા અમને રડાવીને ચાલ્યા ગયા.
પ્રભુના પસંદ કરેલા અમારા પણ સ્વજન બની ગયા.
હવે તો ફક્ત આકાશના સિતારા બની ગયા.
જેમ જેમ સમય વહેતો જાય છે તેમ તેમ તમારી યાદો
તીવ્ર બની આંખો છલકાવી જાય છે.
પ્રભુ આપના આત્માને શાશ્વત શાંતિ અર્પે.

**અમારી હરેક પળે વ્હાલા ફાધર વિલ્સન આપનો સાથ ઝંખતા**

**ઈન્દુબેન ઈશ્વરભાઈ** — બાલાસિનોર — **ડૉ. સંદીપ મિતુલકુમાર**

## ૩૦મી પુણ્યતિથિએ આદરણાંજલિ



**સ્વ. સ્તાનિશભાઈ પાઉલભાઈ વાઘેલા**

જન્મ: ૧૩-૧૨-૧૯૩૭

અવસાન: ૨૦-૧૧-૧૯૮૬

વતન: ગામ આમોદ (પેટલાદ)

"પરમપિતા અમારા પપ્પાને પરમશાંતિ અર્પે એજ પ્રાર્થના."

પિતા પ્રેમની કદી ના વિસરાય એવી
હેલી તમારી હજુ પણ આપે છે,
અમારા જીવનને સાંત્વન.
આત્મા અમર છે એ સનાતન આશાએ
વર્ષો વહી જવા છતાં હજુ તમારી
સ્મૃતિ અમ હૈયે ઊભરાય છે.

**લિ. અંતોન એસ. વાઘેલા પરિવાર**

*નવા નરોડા, અમદાવાદ*

# ધર્મવસુધા

## ઈસુસંઘની સામાન્ય પરિષદ

**વેટિકનઃ** તા.૩/૧૦/૨૦૧૬ થી રોમ ખાતે ઈસુસંઘની ૩૬મી સામાન્ય પરિષદ યોજાય ગઈ. લાયોલાના સંત ઈગ્નાસ દ્વારા સને ૧૬૪૦માં ઈસુસંઘની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારથી અત્યાર સુધીમાં કુલ ૩૫ વખત સામાન્યસભા અને અધિવેશન યોજવામાં આવેલ છે. ઈસુસંઘને સુચારૂરૂપે કાર્યરત રાખવા માટે સામાન્ય પરિષદ મુખ્ય વ્યવસ્થા છે. સામાન્ય પરિષદમાં ૨૧૨ જેટલા ઈસુસંઘના પ્રતિનિધિઓએ ભાગ લીધેલ છે. ફાધર અડોલ્ફ નિકોલાસ જે, સુપીરિયર જનરલના પદ ઉપર છે. તેમણે પોતાના પદ ઉપરથી રાજીનામું આપેલ છે. આથી નવા જનરલની ચૂંટણી કરવામાં આવનાર છે.

ફાધર મુલેમીએ જણાવ્યું હતું કે વડાધર્મગુરુએ આપણને નૌકા હંકારવા આમંત્રણ આપેલ છે તથા મુશ્કેલીઓ અને પડ્કારના સમયમાં પણ નૌકા સહીસલામત હંકારવા તેમને સાથ આપવાનો અનુરોધ કર્યો છે. ૩૬મી સામાન્ય સભાનું પ્રતીક ચિહ્ન દુનિયાની વર્તમાન સંકુલતા તથા જટિલતા દર્શાવે છે. ઈસુસંઘ આવા અનેક પડકારોનો સામનો કરી રહ્યા છે. હાલમાં ૧૬,૭૪૦ ઈસુસંઘીઓ છે જે ૧૧૨ દેશમાં પોતાની સેવાઓ આપી રહ્યા છે.

## સંત માટે નવા નિયમો

**વેટિકન :** માતા ધર્મસભા દ્વારા સંત જાહેર કરવા માટેની પ્રક્રિયા માટે નવા નિયમો જાહેર કરવામાં આવેલ છે. જેમાં સાજાપણું એ ચમત્કાર ગણાય કે નહિ તેમજ સંભવિત નાંણાકીય દુર ઉપયોગ સામે રક્ષણ મળી રહે તેવા નિયમો બનાવવામાં આવ્યા છે. વડાધર્મગુરુએ જણાવ્યુ છે કે સંતની પ્રક્રિયામાં ખાતરીપૂર્વક નિર્ણય કરી શકાય તે હેતુથી વૈદકીય નિષ્ણાતોની ટીમ સંભવીત ચમત્કારની ચકાસણી કરશે. તેમજ સંતના સમર્થકો દ્વારા દાન દ્વારા આ પ્રક્રિયાને અસર ન પહોચે કે કોઈ ગેરરીતી ન સર્જાય તે જોવા માટે તે પ્રતિબધ્ધ છે. નવા નિયમો મુજબ એક સમર્થ ચમત્કારને લાંબા સમય સુધી રજૂ કરી શકાય છે.

આ નવા નિયમો મુજબ જે લોકો ચમત્કાર સાથે સંકળાયેલા છે તે લોકો તજજ્ઞો તથા જે લોકો સંતના સમર્થકો છે તેમણે ગુપ્તતા જાળવવાની રહશે. વધુમાં વૈદકીય નિષ્ણાતોનું જૂથ સંતની અરજી કરનાર વ્યક્તિનો સંપર્ક કરી શકશે નહિ.ચમત્કારની ચકાસણી શરૂઆત થાય ત્યારે વૈદકીય તજજ્ઞો એ એક શપથ પણ લેવાનો રહેશે કે તેઓ આ કેસની ચકાસણી વિજ્ઞાન મુજબ તેમજ પોતાના અંતર આત્માના અવાજ મુજબ કરશે અને દરેક તબક્કે ગુપ્તતા જાળવશે.

*— સૌજન્યઃ એક્ઝામિનર*

## મધર થેરેસાની પુસ્તિકા

**વેટિકનઃ** 'વી લવ દી અનલવ્ડ' નામની એક પુસ્તિકા વેટિકન દ્વારા પ્રકાશીત કરવામાં આવેલ છે. જે પુસ્તિકા ની પ્રસ્તવાના વડાધર્મગુરુશ્રી દ્વારા લખવામાં આવેલ છે. પ્રસ્તાવાનામાં તેમણે મધર થેરેસાના પુસ્તિકાના ૨૫માં પ્રકરણનો સંદર્ભ ટાંકતા લખ્યું છે કે "પરમાત્માની નજીક જવાનો રસ્તો એટલે ગરીબોની મદદ કરવી." તેમણે ઉમેર્યુ કે ગરીબ એ છે જે પ્રેમથી વંચિત છે. આપણો પ્રેમ દ્વારા ન્યાય કરવામાં આવશે. મધર થેરેસાના શબ્દો ટાંકતા તેમણે લખ્યું છે કે સૌથી ખતરનાક બિમીરી કોઠ કે ટી.બી. નથી. પરંતુ એકલાપણુ છે. જેનાં કારણે દુનિયામાં અશાંતિ,વેરવિખેર અને યુધ્ધ જેવી મહામારી ફેલાઈ રહી છે. તેમણે ઉમેર્યુ કે આપણે કોઈ એન. જી. ઓ. નથી. એન. જી. ઓ એ બંધારણ મુજબ કાર્ય કરે છે. જયારે આપણે બધા લોકો માટે કાર્ય કરીએ છીએ. આથી ધર્મસભા એ કોઈ એન.જી.ઓ. નથી. કારણ ધર્મસભા ઈશ્વર માટે, ગરીબો માટે કાર્ય કરે છે. વડાધર્મગુરૂએ પ્રાર્થના, પ્રેમ, કરૂણા, પરિવાર અને યુવાઓ એમ પાંચ મુદાઓ પર પોતાનો અભિપ્રાય આપ્યો હતો.

પ્રાર્થના એ જીવનનું કેન્દ્ર છે. મધર થેરેસા તેમના દિવસની શરૂઆત ખ્રિસ્તયજ્ઞથી કરતાં અને અંત ખ્રિસ્તની આરાધનાથી કરતાં હતાં. પ્રેમ વિશે તેમણે કહયું હતું કે જે લોકો શારીરિક તેમજ ભાવનાત્મક રીતે નબળા છે, તેમના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવી જોઈએ.

દયાનું ચિંતન કરતાં તેમણે જણાવ્યું કે ગરીબી અને ગરીબોના હકક પ્રત્યે આપણે જાગ્રૃત નથી આપણે તેમના પ્રત્યે જવાબદાર બનવું રહયું, જેથી ગરીબો પણ દિવ્યદયાના ભાગીદાર બની શકે, મધર થેરસાએ પણ એમ જ કર્યુ હતું. પરિવાર માં એકબીજાને માફી આપવાનું તથી એકબીજાને બલિદાન આપવાનું તથી કંઈક પામવાની આશા વગર મદદ કરવાનું શીખવાનું છે. મધર ટેરેસા આમ જ આપણને પ્રેરણા આપે છે. યુવાનો વિશે લખ્યું કે વિભાજન, ઉપેક્ષા અને એકબીજા પ્રત્યે ભય દૂર કરવો તથા ગરીબો મધ્યે જવા માટે યુવાનોને આહ્વાન આપ્યું. આ પુસ્તિકામાં મધર થેરેસાના અપ્રકાશિત વ્યાખ્યાનોનો સમાવેશ કરવામાં આવેલ છે.

*— વેટિકન ન્યુઝ*

**પ્રથમ પુણ્યતિથિ**



**સ્વ. સ્ટીવન જોસેફ ચૌહાણ**

જન્મઃ ૧૮-૯-૨૦૦૦ ★ અવસાનઃ ૧૬-૧૧-૨૦૧૫

"તમે મારા સાક્ષી છો." (યશાયા ૪૩:૧૨)
વ્હાલા સ્ટીવન પુનરુત્થાનની પ્રભાતે અચૂક મળીશું.

**લિ. ચૌહાણ જોસેફાઈન એસ., ચૌહાણ સ્મિતાબેન જોસેફ, ચૌહાણ જોસફ એસ. ચૌહાણ સુજલ જોસેફ**

**શ્રદ્ધાંજલિ**



**સ્વ. સુમિત(B2) અનિલભાઈ મેકવાન**

જન્મઃ ૬-૯-૧૯૯૪ ★ અવસાનઃ ૧૫-૧૧-૨૦૧૧

"કોઈ માણસને એવી સત્તા નથી કે તે પ્રાણને રોકી શકે,
તેમ તેને મૃત્યુના દિવસ ઉપર પણ સત્તા હોતી નથી."
(તત્ત્વદર્શી ૮:૮)

**લિ. તારાં મમ્મી-પપ્પા સોનિયા-અનિલ મેકવાન, નડીઆદ**

# ધર્મભારતી

## વડાપ્રધાન સાથેની મુલાકાત

**કેરલઃ**તા.૨૪/૯/૨૦૧૬ના રોજ જ્યારે વડાપ્રધાન ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય કારોબારી સભામાં ભાગ લેવા માટે કેરલ આવ્યા હતા ત્યારે કેથલિક સમુદાયનાં પ્રતિનિધિમંડળે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની મુલાકાત લીધી હતી. કેરલના પહાડી વિસ્તારમાં સરકાર દ્વારા એક સંરક્ષણ યોજના બનાવવામાં આવી રહી છે તે બાબતે પ્રતિનિધિમંડળે વડાપ્રધાને અરજ કરેલ. પ્રતિનિધિમંડળના નેતા તરીકે કલીકટ ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષશ્રી વર્ગીસ તથા અન્ય ચાર પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

તેમની મુખ્ય માંગણી કેરલનાં પશ્ચિમ પહાડી વિસ્તારમાં કેન્દ્ર સરકાર જે યોજના બનાવી રહી છે તેના કારણે ત્યાંના ખેડૂતોની ખેતી થઈ શકતી નથી તથા તે વિસ્તારમાં તેઓ રહેઠાણનાં મકાનો પણ બનાવી શકતા નથી. પ્રતિનિધિ મંડળનું કહેવુ છે કે આ યોજનાને કારણે અઢીલાખ ખેડૂતના જીવન ઉપર અસર પડે એમ છે. આ ખેડૂતોમાં મોટાભાગના કેથલિક ખેડૂતો છે. જેમના જીવન ઉપર ગાઢ અસર પડે એમ છે. મંડળે વડાપ્રધાનને જણાવ્યું હતું કે સુરક્ષાનું જે આયોજન કરવમાં આવેલ છે તેની વિરુધ્ધ અમે નથી પણ જે લોકો અનેક વર્ષો અને પેઢીઓથી ત્યાં રહે છે તેમના જીવન ઉપર અસર પડે છે. કેરલ રાજ્યમાં ઘણાં કેથલિક વસે છે. જેમાંથી મોટા ભાગનાં લોકો આ વિસ્તારમાં વસે છે. આ લોકોના ભલા માટે આ યોજના અંગે પુનઃ વિચારવા માટે તેમણે અરજ કરી. આ મુલાકાતમાં રાજ્યના ખેડૂતોની ઘણી બધી સમસ્યાઓની રજૂઆત કરી હતી. તેમજ દલિત ખ્રિસ્તીઓ પ્રત્યે જે ભેદભાવ તથા અન્ય વિસ્તારમાં ખ્રિસ્તીઓ પર તથા અત્યાચારની વાતથી વડાપ્રધાનશ્રીને વાકેફ કર્યા હતા.

*— વેટિકન ન્યુઝ*

## વિશ્વશાંતિ દિન

**જમ્મુ કાશ્મીર :** વિશ્વશાંતિ દિને જમ્મુ કાશ્મીર રાજ્યનાં કેથલિક શાળાના વિદ્યાર્થીએ ભેગા મળીને રાજ્યમાં શાંતિ સ્થપાય તે માટે પ્રાર્થનાસભા યોજી હતી.

હોલી ફેમીલી દેવાલયના ફાધર મેથ્યુએ જણાવ્યું હતું કે, રાજ્યમાં શાંતિ સ્થાપાય તથા રોજિંદા જીવનમાં સુધારો આવે તે હેતુથી આ પ્રાર્થનાસભા યોજવામાં આવી હતી. અમારી પ્રાર્થના એ બાળકો માટે પણ છે જે છેલ્લા દિવસોમાં બનેલી ઘટનાઓમાં ગોળીબારનો શિકાર થયેલ છે. લગભગ ૮૧ જેટલાં મૃત્યુ થયાં છે અને ૧૦,૦૦૦ કરતાં વધુ ઘાયલ થયેલ છે. જે લોકો મૃત્યુ પામ્યા છે તે મોટા ભાગના યુવાન છે. ગત દિવસોમાં બનેલ ઘટનાને કારણે અલગાવવાદી નેતાની હાકલને લઈને હડતાલ અને વિરોધના માહોલમાં ધંધારોજગાર બંધ થઈ ગયેલ છે. શાળા તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓ બંધ છે, ચોમેર તનાવનું વાતાવરણ છે.

આ પ્રાર્થના સભામાં હજારો બાળકોએ ભાગ લીધો હતો. ધર્મપ્રાંતના પ્રવક્તા ફાધર શૈજુ ચાકોએ જણાવ્યું હતુ કે 'મૈત્રી અભિયાન' નામની એક યોજના બનાવવામાં આવી છે જેમાં ૩૦ થી ૪૦ વિદ્યાર્થીઓનું એક જૂથ લોકોની વચ્ચે જઈને શાંતિ, એકતા તથા ભાઈચારો નો સંદેશ લોકો વચ્ચે ફેલાવશે. આવનાર દિવસોમાં ૪૦૦૦ જેટલા સૈનિકો કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવનાર છે. વળી ધર્મસભા એમ માને છે કે આ પ્રશ્નને સંવાદ દ્વારા ઉકેલી શકાય. આપણે આધ્યાત્મિક શક્તિમાં વિશ્વાસ કરીએ છીએ જે પ્રાર્થના દ્વારા ઉદ્‌ભવે છે. આ પ્રાર્થના કાશ્મીરમાં વસતા લોકોમાં હૃદય ઘાને ઠીક કરશે. છેલ્લાં ૩૦ વર્ષોમાં અલગાવવાદી આંદોલનનાં કારણે લાખો લોકોએ પોતાની જિંદગી ગુમાવી છે. જેમાં સ્થાનિક લોકો, સૈનિકો તથા ઊગ્રવાદી સંગઠનોનો પણ સમાવેશ થાય છે.

*— U CAN NEWS*

## ઈન્દોર મિશન

**ઈન્દોર :** તા. ૧૧/૧૦/૨૦૧૬ ઈન્દોર મિશનનો ઈતિહાસ વર્ણાવતું ફાધર ફ્લોરેન્સ લેખિત પુસ્તકનું વિમોચન વિધિ તા. ૯/૧૦/૨૦૧૬ નાં રોજ યોજવામાં આવ્યું હતું. પુસ્તકનું નામ "પ્રિપેરિંગ ધ વે ઓફ ધ લોર્ડ" છે. જે પુસ્તકમાં કુલ ૬૬૮ પૃષ્ઠો છે. જેમાં ૧૯૩૨ થી લઈને ૧૯૭૧ સુધીનો ઈન્દોરનો મિશન ઈતિહાસ વર્ણાવવામાં આવેલ છે. ફાધર ફ્લોરેન્સે જણાવ્યું હતું કે હું આ દિગ્ગજોની વાત ભાવી પેઢી સુધી પહોંચાડવા ઈચ્છું છું. જેમણે શરૂઆતમાં કઠિન પરિસ્થિતિમાં પણ સખત મહેનત કરીને ઈન્દોર ધર્મપ્રાંતને નક્કર આધાર આપવાનું કાર્ય કરેલ છે.

વિમોચનમાં દિવ્ય શબ્દ મંડળના સભ્યો તથા ઈન્દોર ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષશ્રી ચાકો હાજર રહેલ. ધર્માધ્યક્ષશ્રીએ જણાવેલ, "ઈન્દોર ધર્મપ્રાંતનો જન્મ તથા તેના વિકાસનો વ્યાપક ઈતિહાસ લખવા બદલ હું લેખકનો આભાર માનુ છું." તેમણે ઉમેર્યું હતું કે ઈન્દોર ધર્મપ્રાંતનું ચાર વખત વિભાજન થયેલ છે. ૧૯૬૪માં ભોપાલ ધર્મપ્રાંત, ૧૯૬૮માં ઉજ્જેન ધર્મપ્રાંત, ૧૯૭૭માં ખન્ડવા ધર્મપ્રાંત તથા ૨૦૦૨માં જાંબુઆ ધર્મપ્રાંત જુદાં પડેલ. આ પુસ્તકમાં ચારેય ધર્મપ્રાંતની આરંભની બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે.જે ભાવિ પેઢીને ઉપયોગી બનશે.

લેખક ફાધર ફ્લોરેન્સે પોતાના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે આ પુસ્તકમાં શરૂઆતના મિશનરીઓનો વારસો છે. તે લોકોને વિચારવા ફરજ પાડશે તથા ધર્મજનોને તેમાંથી પ્રેરણા મળશે. આ રીતે પ્રભુનો માર્ગ તૈયાર થાય અને આ સમૃધ્ધ ભૂમિના લોકોને પ્રભુનો સાક્ષાત્કાર થાય તે દ્વારા આનંદ પ્રાપ્ત થાય કારણ, માર્ગ સત્ય અને જીવન એજ છે. દિવ્ય શબ્દ ધર્મ સમાજના ફાધર જોન દીપકે જણાવ્યુ હતું કે મધ્યપ્રદેશના બલાઈ, ભીલ તથા બારેવા આદિવાસી માટે આ પુસ્તક એક પ્રેમનું પ્રતીક બરાબર છે. કારણ આ લોકોને ભલા માટે પોતાનું જીવન સમર્પી દીધુ હતું. "પ્રભુએ કહ્યું છે જેમ મેં તમને પ્રેમ કર્યો છે. તેમ તમે પણ બીજાને પ્રેમ કરો" પ્રભુનાં આ આદેશનું પાલન કરીને પોતાની આરામદાયક માતૃભૂમિને છોડીને અહીં આવીને શારીરિક, માનસિક, સામાજિક તથા ભાવનાત્મક પીડાઓ સહીને પણ લોકોનાં ભલા માટે કાર્ય કરેલ છે.

*— વેટિકન ન્યુઝ*

# ધર્મગુર્જરી

## 'લીફ'નો સત્કાર ...

**હિંમતનગર :** ૬ઠ્ઠી ઓગસ્ટ ૨૦૧૬ના રોજ, ગુજરાત જેસુઈટ ઈકો મિશન (GJEM) અને સેંટ ઝેવિયર્સ સ્કૂલના સંયુક્ત ઉપક્રમે 'લીફ' (LEAF–Leaders in Environment Action Force) નો સત્કાર સમારંભ યોજાયો. ઉપસ્થિત વિદ્યાર્થીગણ, વાલીગણ તેમજ શિક્ષકગણ પર કાર્યક્રમની ગહન અસર જોવા મળી, તેઓ આનાકાની કર્યા વિના પર્યાવરણની સુરક્ષા માટે આગળ આવ્યાં. વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓએ જૈવ વૈવિધ્ય ફાર્મની મુલાકાત લીધી હતી. શાળાના પટાંગણમાં ઔષધીય છોડવા રોપ્યા હતાં. વિદ્યાર્થીઓએ પણ પોતાના અનુભવ રજૂ કર્યા હતા. ફાધર લેન્સી એ આ પ્રસંગે બીજરૂપ વક્તવ્ય આપ્યું હતું. શાળાના આચાર્ય ફાધર ટેલેક્ષ તેમજ મિશનના હોદ્દેદારોએ 'ગ્રીન મેસેજ' આપ્યો હતો. વિદ્યાર્થીઓએ નવા વિદ્યાર્થીઓને સન્માનવા વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. વિદ્યાર્થી-વાલી, ગુરુજનોને સાંકળતો આ કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો. *– સૌજન્ય : GJS OCT 16*

## રક્ષકસંતના તહેવારની ઉજવણી

**ડાકોર :** ડૉન બોસ્કો કોન્ફરન્સ દ્વારા સોસાયટીના રક્ષકસંત, સેંટ વિન્સેન્ટનો તહેવાર ૨જી ઓક્ટોબરના રોજ ઉજવ્યો. ખ્રિસ્તયજ્ઞના આરંભે ફાધર લોરેન્જો, એસ. ડી. બી. એ સેંટ વિન્સેન્ટની છબીને પુષ્પમાળા ચડાવી અને ખ્રિસ્તયજ્ઞ દરમિયાન મંડળના હેતુ માટે વિશેષ પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે કોન્ફરન્સ તરફથી ધર્મવિભાગની ૩૩ વિધવા બહેનોને સાડી, ૧૦ વિધુર ભાઈઓને પેન્ટ પીસ તથા સીનિયર સીટીજનને સાડી તથા પેન્ટ પીસનું વિતરણ કર્યુ હતું. કોન્ફરન્સ પ્રમુખશ્રી સંજય મેકવાને સૌને આભાર માન્યો હતો.

*– કિરણભાઈ પરમાર દ્વારા*

## સરકારી સેવા

**મેઘવા(પણસોરા):** ખેડા સોશ્યલ સર્વિસ સોસાયટી, જિલ્લામાં 'માતા સ્વાસ્થય પ્રોજક્ટ અંર્તગત' ૨૦ ગામમાં કાર્ય કરે છે. ૭મી સપ્ટેમ્બર ૨૦૧૬ ના રોજ, પ્રજાજનોને સરકારી સેવાનો બહેત્તર જાણકારી-લાભ મળે તે માટે, ગામમાં એક રેલી કાઢવામાં આવી હતી. સર્ગભા બહેનોને મળતા સરકારી લાભ, ૧૦૮ અને ખિલખિલાટ ઉપયોગ, સરકારી તેમજ આંગણવાડીની યોજનાઓ, પ્રાથમિક તથા સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ઉપકેન્દ્ર વગેરે સેવાઓ અંગે સૂત્રોચ્ચાર દ્વારા લોકોને જાણકારી મળે તેના પ્રયાસ કરવામાં આવ્યો હતો. રેલીમાં ગામના સરપંચ, પ્રાથમિક શાળાના બાળકો તથા આચાર્યશ્રી, આંગણવાડી તથા આશા કાર્યકર બહેનો વગેરેએ ઊત્સાહથી ભાગ લીધો હતો.

*– સુનિતાબેન દ્વારા*

## વિશ્વશાંતિ દિન

**કાલસર(ડાકોર) :** ખેડા સોશ્યલ સર્વિસ સોસાયટી દ્વારા ઠાસરા તાલુકાનાં વણોતી અને કાલસર ગામમાં ૨૧મી સપ્ટેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય વિશ્વશાંતિ દિનની ઉજવણી કરવામાં આવી હતી. પગાર કેન્દ્ર શાળા-કાલસરમાં આ ઉજવણીમાં ૬૫૦ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં ગામના સરપંચશ્રી, મૌલાના સાહેબ, વિવેક મહારાજ, પ્રાથમિક શાળાના આચાર્ય તથા પુષ્પાંજલિ કોન્વેન્ટનાં સિસ્ટર એલ્ફિના હાજર રહ્યાં હતાં. પ્રત્યેકે શાંતિના મહત્ત્વ અને શાંતિ સ્થાપનાના પ્રયાસ વિશે પોતાના વિચાર રજૂ કર્યા હતાઃ પ્રત્યેક ધર્મ શાંતિ ચાહે છે. 'ભારતમાં સર્વધર્મ સમભાવ, સમાનતા, સહિષ્ણુતા, ભાઈચારો અને એકતા દ્વારા શાંતિ સ્થાપવી શક્ય છે.' ઉજવણીના ભાગરૂપે એક રેલીનું આયોજન કર્યુ હતું. *– મહેશભાઈ પરમાર દ્વારા*

## રોગ નિદાન શિબિર

**ખંભોળજ :** આશા કિરણ ડિસ્પેન્સરી ખાતે ખેડા સોશ્યલ સર્વિસ સોસાયટી તથા કૃષ્ણ હોસ્પિટલ કરમસદના સયુંક્ત ઉપક્રમે ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ વિનામૂલ્ય રોગ નિદાન શિબિરનું આયોજન કર્યુ હતું. જેમાં સામાન્ય બીમારીઓનું નિદાન અને સારવાર કરવામાં આવી હતી. છાતી તથા ગર્ભાશયના કેન્સરની તપાસ ડો. રચનાએ કરી હતી. ૩૫ થી વધારે મહિલાઓ તથા ૪૦ થી વધારે દર્દીઓએ શિબિરનો લાભ લીધો હતો. ગામના સરપંચ, અનાથોની માતા તીર્થધામના સભાપુરોહિત, સાદવીબેનો તથા સોસાયટીના કર્મચારીગણે શિબિરને સફળ બનાવ્યો હતો.

*– સિસ્ટર રેમી દ્વારા*

## રક્ષક દેવદૂતનું પર્વ

**નારુકોટ :** ધર્મવિભાગનું ડુમા ગામનું પ્રભુમંદિર રક્ષક દેવદૂતને અર્પણ કરવામાં આવ્યુ છે. ૨જી ઓક્ટબર ૨૦૧૬ના રોજ રક્ષક દેવદૂતના પર્વની ભક્તિભાવથી ઉજવણી કરવામાં આવી. પર્વના ત્રણેક દિવસ પહેલાં આરાધના તથા કથા દ્વારા આધ્યાત્મિક તૈયારી કરવામાં આવી હતી. ગામના ઈસુપંથી ભાઈબહેનો તથા મહેમાનોના આગમનથી તહેવારની ઉજવણીમાં આનંદ આનંદ હતો. તહેવારનો ખ્રિસ્તયજ્ઞ ફાધર મેથ્યુએ અર્પણ કર્યો હતો. છાત્રાલયના બાળકોની ભજનસેવાથી વાતાવરણમાં ભક્તિભાવ છલકાયો હતો. તાબાના સભાયાજ્ઞિક ફાધર પ્રવીણ પરમારે કેથોલિક જીવનમાં શ્રધ્ધાના માર્ગ પર, રક્ષક દેવદૂતનું મહત્ત્વ સમજાવ્યું હતું. સમૂહ ભોજનથી ઉજવણીનું સમાપન થયું હતું,

*– ઈસુદાસ વી. પરમાર દ્વારા*

## સુવર્ણ જયંતી ઉજ્જણી

**હિંગોરિયાઃ** ગુજરાતમાં ગતવર્ષ વડોદરા ધર્મપ્રાંતના શ્રદ્ધાળુઓએ ધર્મપ્રાંતની રચનાનાં ૫૦ વર્ષ (૨૯-૦૯-૨૦૬૬ થી ૨૯-૦૯-૨૦૧૬) પૂર્ણ થતાં વર્ષ દરમિયાન સુવર્ણજયંતી વર્ષની ઉજવણી કરી અને બીજી ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ હિંગોરીયા ધર્મવિભાગમાં સુવર્ણ જયંતી પર્વની શાનદાર ઉજવણી કરી. આરંભમાં સિ. મીનાએ વિસ્તૃત અહેવાલ રજૂ કર્યો હતો. જેમાં છેલ્લાં ૫૦ વર્ષ દરમિયાન વડોદરા ધર્મપ્રાંતના દક્ષિણ ગુજરાતમાં મિશનરી કાર્ય કરનાર પુરોહિતગણ સાધ્વીબહેનો તથા ધર્મબંધુઓની સેવાની નોંધ લીધી હતી. ત્યારબાદ ગુજરાત વિદ્યાદીપ-સેવાસી વડોદરાના ડીન ફાધર

જીમી ડાભીએ આભારયજ્ઞ અર્પણ કર્યો હતો. તેમાં ધર્મવિભાગનાં ૨૫ બાળકોએ પ્રથમ ખ્રિસ્તપ્રસાદ અંગીકાર કર્યો હતો. વિશેષમાં ધર્મપ્રાંતના વિશેષ હેતુઓ માટે અરજ ગુજારવામાં આવી હતી. ખ્રિસ્તી જીવન એટલે શું ? પ્રભુમાં શ્રદ્ધા એટલે શું ? જેવા જટિલ પ્રશ્નની સમજણ ફાધર જીમીએ ઉપસ્થિત ધર્મજનોને આપી હતી. બપોરના ભોજન બાદ ઓગસ્ટ, ૨૦૧૬માં આયોજીત બાઈબલ પ્રશ્નોત્તરી સ્પર્ધાના વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યાં હતાં.

જેમાં રૂા. ૩૦૦૦/- નું પ્રથમ ઈનામ ભીલપોરના જગદીશભાઈ ભૂરાભાઈ વસાવાને, રૂા. ૨૦૦૦/- નું બીજુ ઈનામ હિંગોરિયાનાં ભાનુમતીબેન રણછોડભાઈ વસાવાને, રૂા. ૧૦૦૦/- નું ત્રીજુ ઈનામ ગુંડેચાનાં સ્મિતાબેન પુનાભાઈ વસાવાને ફાળે ગયાં. આ ઉપરાંત રૂા. ૫૦૦/- નાં સાત ઈનામ અને બીજાં વીસ આશ્વાસન ઈનામ આપવામાં આવ્યાં હતાં. કાર્યક્રમમાં અંદાજે ૪૦૦ વ્યક્તિએ ભાગ લીધો હતો. સુવર્ણજયંતી મહોત્સવ સફળ બનાવવામાં સહકાર આપનાર સૌનો-પૂજ્ય ફાધર જીમી અને ધર્મજનોનો-ધર્મવિભાગના મુખ્ય સભાપુરોહિત ફાધર એન્થોની સ્વામીએ આભાર માન્યો હતો.

*— જસવંત વસાવા દ્વારા*

## સીનિયર સિટીજન ડે

**અમદાવાદ :** સી.ટી.એમ. રામોલ ધર્મવિભાગમાં પાંચમી ઓક્ટબરના રોજ વડીલોનો આદર કરતાં સીનિયર સિટીજન ડે ની ઊજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ફાધર રાજને વિશેષ ખ્રિસ્તયજ્ઞની ઊજવણી કરી હતી. સીનિયર સિટીજન ફોરમના પ્રમુખશ્રી કિરીટ એસ. પીજકરે, ફાધર આમ્રોસ ડાભી લેખિત 'દયાનો સ્પર્શ' પુસ્તિકા વડીલોને ભેટરૂપે આપી હતી.

*— પોલ વિલિયમ મેકવાન દ્વારા*

## વિન્સેન્શિયન મહિલા સંમેલન

**નડિયાદ:** સોસાયટીઓફસેન્ટવિન્સેન્ટ દે પોલ સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ અમદાવાદ દ્વારા સેંટ મેરીઝ પેરિશ હોલ નડીયાદ ખાતે ૧૧ ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ 'દયાવર્ષ' નિમિત્તે, વિન્સેન્શિયન મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાર્થના નૃત્ય બાદ સંમેલનના તજજ્ઞશ્રીઓ તથા સેન્ટ્રલ કાઉન્સિલના હોદ્દેદારોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. દીપ પ્રાગટાવ્ય બાદ સિ. સુખ્માએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વડાધર્મગુરુ ફ્રાન્સિસે જાહેર કરેલ 'દયાવર્ષ'ની સંકલ્પના સ્પષ્ટ કરી હતી. વિશેષમાં 'દયાવર્ષ' નું પવિત્ર શાસ્ત્રના અનુસંધાન સ્પષ્ટ કરી એક વિન્સેન્શિયન મહિલા તરીકે શું કરી શકાય? તેની છણાવટ તેમણે કરી હતી. ખેડા સોસ્યલ સર્વિસ સોસાયટીના ઉપનિયામક ફાધર જગદીશ મેકવાન દયાવર્ષની ઉજવણી, કુટુંબ સાથે શી રીતે કરી શકાય? તેનો ખ્યાલ સ્પષ્ટ કર્યો હતો. ભોજન પછીની બેઠકમાં સિસ્ટર જાસીન્તાએ સ્ત્રી ગૌરવ જાગૃત કરવાનો સફળ પ્રયાસ કર્યો હતો. સેંટ મેરીઝ વિમેન્સ કોન્ફરન્સનાં આધ્યાત્મિક સલાહકાર સિ. વી.પુ.મેરીએ સંમેલનનું મૂલ્યાંકન કર્યું હતું. જેના ફળસ્વરૂપે કેટલીક ગેરસમજ દૂર થઈ હતી અને સમજણના નવા મુદ્દા ઉમેરાવ્યા હતા. સેંટ આલ્ફોન્સ વિમેન્સ કોન્ફરન્સના પ્રમુખ ઉર્મિલાબેને સમગ્ર સંમેલનનું સુચારુ રીતે સંચાલન કર્યું હતું. વિશેષમાં કરમસદની બહેનોએ ગરબો રજૂ કરી સૌનાં મન હરી લીધાં હતાં. ફાતિમા છાયા કોન્ફરન્સ ગોઠડાનાં પ્રમુખ શ્રીમતી મારિયાબેને સંમેલનની સફળતામાં સહયોગ આપનાર સૌનો આભાર માન્યો હતો. ચા વિરામ બાદ સમગ્ર મહિલાઓ સાથે ફાધર જગદીશ મેકવાને આભાર યજ્ઞ અર્પણ કર્યો હતો. વિન્સેન્શિયન સંમેલનમાં ખેડા, અમદાવાદ તથા આણંદ, એરિયા કાઉન્સિલના ૭૧ બહેનોએ ભાગ લીધો હતો. વિદાયવેળાએ સેન્ટ્રલ કાઉન્સિલ તરફથી બહેનોએ જૂટની બેગ ભેટ આપી હતી. *— સુખ્માબેન દ્વારા*

## પ્રશ્નોતરી સ્પર્ધા

**ઉમરેઠ :** ફાતિમા મા મારિયા દર્શન-સંદેશ શતાબ્દી અને મધર થેરેસા સંતપદ ઘોષણા ટાણે સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ, એરિયા કાઉન્સિલ ઓફ ખેડા દ્વારા વિશેષ પ્રશ્નોત્તરી(ક્વિજ) સ્પર્ધાનું આયોજન કર્યું હતું. જેમાં એરિયા કાઉન્સિલ ખેડાના કાર્યક્ષેત્ર ઉપરાંત ઉમરેઠ અને નડીઆદ ડીનરીના તાબાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પ્રશ્નોતરી સ્પર્ધા ઉમરેઠ, ડાકોર, ઠાસરા, સલુણ, નડીઆદ અને વડતાલ તાબામાં, ૯મી ઓક્ટબરના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ યોજાઈ હતી. જેમાં જુનિયર(ધોરણ ૫ થી ૮) અને સીનીયર(ધોરણ ૯ થી ૧૨) વિભાગનાં કુલ ૧૫૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અંતિમ પ્રશ્નોત્તરી સ્પર્ધા ૧૨મી ઓક્ટબર બુધવારના રોજ ઉમરેઠ ખાતે યોજાઈ હતી જેમાં જુનિયર અને સીનિયર વિભાગની કુલ ૧૨ ટૂકડીઓ મેદાનમાં ઉતરી હતી. અંતિમ પ્રશ્નોત્તરી સ્પર્ધાનું સંચાલન ડોન બોસ્કો સોસયટી - કપડવંજ (ફાધર મયંક પરમાર અને શ્રી પ્રવીણ પરમાર) અને ડિવાઈન મર્સી યુથ કોન્ફરન્સના સભ્યગણે કર્યું હતું.

એરિયા કાઉન્સિલ ખેડાના આધ્યાત્મિક સલાહાકાર ફાધર કે. ટોનીએ ફાતિમા મા મારિયાની પ્રતિમાને પુષ્પમાલા અર્પણ કરી અંતિમ પ્રશ્નોત્તરીનો આરંભ કર્યો હતો. ઉદ્‌ઘાટન સમારોહમાં એરિયા કાઉન્સિલના હોદેદારો ઉપરાંત સેન્ટ્રલ કાઉન્સિલના પ્રમુખશ્રી બ્રધર દાનિયેલ તેમજ શ્રી અનિલ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધાના અંતે ઉપસ્થિત મહેમાનોના વરદ હસ્તે પ્રાથમિક તથા અંતિમ પ્રશ્નોત્તરીના વિજેતાઓને ઈનામ આપ્યાં હતાં. પ્રાથમિક સ્પર્ધાના વિજેતાઓને મોટા ભાગે તેટલી જ કિંમતનાં ધાર્મિક - પ્રાર્થના પુસ્તક ઈનામ સ્વરૂપે આપ્યા હતાં. જ્યારે અંતિમ સ્પર્ધાના વિજેતાઓને (રૂા.૧૨૬૦૦) રોકડ રકમ ઈનામ સ્વરૂપે આપ્યાં હતાં. પ્રાથમિક પ્રશ્નોત્તરી સ્પર્ધામાં કુમારી પ્રિન્સી ડી .ક્રિશ્ચિયન-ઉમરેઠ(જુનિયર વિભાગ) અને કુમારી શૈલી સંજયકુમાર વાઘેલા-નડીઆદ પ્રથમ રહ્યા હતાં. જ્યારે અંતિમ પ્રશ્નોત્તરીમાં બન્ને વિભાગમાં ડોન બોસ્કો - ડાકોર ટૂકડીએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. પ્રમુખશ્રીએ સૌના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

*— સ્મિત મેકવાન દ્વારા*

## જોસેફ મેકવાન ફાઉન્ડેશન

"કર્મશીલ સારસ્વતશ્રી જોસેફ મેકવાનની સર્જનયાત્રાના સાક્ષી બનવાનું મારું સદભાગ્ય રહ્યું છે અને સામે જોસેફભાઈએ જેટલું તેઓ જીવ્યા છે, તેનો પૂરેપૂરો હિસાબ પણ આપ્યો છે. આજે આટલી મોટી સંખ્યામાં એમના ચાહકો અને ભાવકોની ઉપસ્થિતિમાં જોસેફ મેકવાનના નામે પુરસ્કારો પણ અપાઈ રહ્યા છે, જે એમના સર્જનકાર્ય થકી જોસેફ મેકવાન સદાસર્વદા આપણી વચ્ચે હોવાનો પુરાવો છે." આ શબ્દો ગુજરાતના અગ્રણી સાહિત્યસર્જક અને કર્મશીલ શ્રી જોસેફ મેકવાનની પુણ્યસ્મૃતિમાં 'જોસેફ મેકવાન ફાઉન્ડેશન'ના ઉપક્રમે આયોજિત, જોસેફ મેકવાન સાહિત્ય અને જોસેફ મેકવાન કર્મશીલ પુરસ્કાર અર્પણ સમારોહમાં, જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા સુપ્રસિધ્ધ સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરીએ એમના અધ્યક્ષીય સંબોધનમાં કહ્યા હતા.

ત્રિવેણી લેન્ડ માર્ક-વડતાલ રોડ ખાતે આયોજિત આ વિશેષ સમારોહમાં જોસેફ મેકવાન સાહિત્ય પુરસ્કાર પ્રાપ્ત કરનાર અગ્રીમ સર્જક ડો. મોહન પરમાર અને જોસેફ મેકવાન કર્મશીલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર 'નયામાર્ગ'ના તંત્રી અગ્રીમ કર્મશીલ શ્રી ઈન્દુકુમાર જાનીને શુભકામનાઓ પાઠવી શ્રી રઘુવીર ચૌધરીએ કહ્યું કે, "જોસેફ મેકવાન સમાજના જે દલિત-પીડિત વર્ગની સમસ્યાઓ પ્રતિ જીવનભર તેમના સર્જનકાર્ય દ્વારા તેમનો અવાજ ઉઠાવતા રહ્યા, તે વર્ગની સમસ્યાઓનો હજી પૂર્ણપણે ઉકેલ આવ્યો નથી. આ સ્થિતિમાં ડો. આંબેડકરની સાથે પૂજ્ય મહાત્મા ગાંધી, વિનોબા અને જયપ્રકાશ ચીંધ્યા માર્ગ પણ આગળ વધાવાની જરૂરિયાત છે."

અતિથિવિશેષ પદેથી ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદના પૂર્વ કુલનાયક શ્રી સુદર્શન આયંગારે, આજે છેવાડાના માનવી માટેની સમાજની સંવેદના સાવ બૂઠી થઈ ગઈ છે ત્યારે અતિ સંવેદના સાથેની અધિકારપૂર્વક લડાઈની અત્યંત આવશ્યકતા છે, એવો સૂર વ્યક્ત કરી કહ્યું કે, "પૂજ્ય મહાત્મા ગાંધીના આટ આટલા પ્રયાસો છતાં પીડિતો-વંચિતો પ્રતિના જનસામાન્યના વહેવારમાં કોઈ મોટો ફરક હજુ દેખાયો નથી, ને જાણે કે તેમના દિલના દરવાજા હજી ખૂલ્યા નથી, ત્યારે આ વર્ગો પ્રત્યેની સંવેદનશીલતા સમાજ કેળવે એ જ એક માર્ગ છે.

સન્માનના પ્રતિભાવમાં સર્જક શ્રી મોહન પરમારે, જોસેફ મેકવાન સાહિત્ય પુરસ્કાર માટે પોતાને લાયક ગણ્યા અને આ એવોર્ડ પ્રાપ્ત થયો, તેનું ગૌરવ અને આનંદ વ્યક્ત કરી, શ્રી જોસેફ મેકવાન સાથેના પોતાના સંવેદનાસભર સંસ્મરણોને વાગોળતા કહ્યું કે, "જોસેફ મેકવાન એક રાષ્ટ્રીય પ્રતિભા હતા અને એમની ઉપસ્થિતિ માત્ર ગૌરવ વધારનારી બની રહેતી." પોતાને મળેલા આ અણધાર્યા પુરસ્કાર બદલ આંનદ સાથે આશ્ચર્યની લાગણી વ્યક્ત કરી મોહનભાઈએ એમ પણ કહ્યું કે "ગુજરાતી દલિત સાહિત્યની પ્રથમ નવલકથા 'આંગળીયાત' આપનાર જોસેફ મેકવાને દલિત સાહિત્યને બહુ મોટું ગૌરવ અપાવ્યું છે." તેમણે એમ પણ કહ્યું છે કે, "જોસેફ મેકવાને એમના સર્જનમાં જે જનજીવન અને પાત્રોને આલેખ્યાં હતાં, તેમની સાથે તેમને ઘરોબો હતો, એટલે એ સૌને પોતીકાં લાગ્યાં છે."

સન્માનના પ્રતિભાવમાં શ્રી ઈન્દુકુમાર જાનીએ જણાવ્યું હતું: "અત્યાર સુધીમાં અનેક પુરસ્કાર મને મળ્યા છે. પણ આજનો પુરસ્કાર મારી સાચી કદરરૂપે છે, એમ મને લાગે છે. એથી એ સ્વીકારતાં હું ગૌરવની લાગણી અનુભવ છું." એમ જણાવી જોસેફ મેકવાન સાથેના પોતાના સ્મરણો વગોળતાં કહયું કે, "ખેડા જિલ્લાના ચરોતર પ્રદેશ અને ત્યાંની તમાકુની ખળીઓમાં થતા શોષણની કથાઓ સૌ પ્રથમવાર જોસેફ મેકવાને દર્શાવી હતી અને આલેખી હતી."

સર્જક જોસેફ મેકવાનના પુસ્તકોના પ્રકાશનકાર્યમાં 'નયામાર્ગ' સહર્ષ જોતરાયું તેની તથા 'નયામાર્ગ'ને જોસેફ મેકવાનની કલમનો સથવારો મળ્યો તેનો આંનદ વ્યક્ત કરી શ્રી જાનીએ એવો વસવસો પણ વ્યક્ત કર્યો કે, "આજે જોસેફ મેકવાનની ખોટ સતત ડગલે ને પગલે સાલે છે. જોસેફ મેકવાન 'નયામાર્ગ'નું અભિન્ન અંગ હતા."

શ્રી ઈન્દુકુમાર જાનીએ 'નયામાર્ગ' રૂપી પત્રકારત્વયાત્રા અને રેશનાલીસ્ટ-કર્મશીલ તરીકેની જીવનયાત્રાના સંખ્યાબંધ પ્રસંગો વર્ણવીને, જ્યાં બોલવું ત્યાંયે મૌન રહેતા બહુમતિ સમાજની ખામોશી અંગે, ભારે ચિંતા વ્યક્ત કરી હતી. સર્જક મોહન પરમારની સર્જનયાત્રાનો પરિચય શ્રી ભગીરથ બ્રહ્મભટ્ટે અને શ્રી ઈન્દુકુમાર જાનીની જીવનયાત્રાનો પરિચય શ્રી ડંકેશ ઓઝાએ આપ્યો હતો. ડો. પરમાર અને શ્રી જાનીને, પ્રત્યેકને જોસેફ મેકવાન ફાઉન્ડેશન તરફથી પુરસ્કારના સન્માનરૂપ સ્મૃતિચિહ્ન, શાલ અને રૂા. ૨૫,૦૦૦/-ના ચેક અનુક્રમે શ્રી રઘુવીર ચૌધરી અને રેગીનાબહેન મેકવાનના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા.

જોસેફ મેકવાન ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી અને જોસેફ મેકવાનના જયેષ્ઠ પુત્ર શ્રી ચંન્દ્રવદન મેકવાને સમગ્ર સમારોહની ભૂમિકા આપતા એમના વકતવ્યકમાં, જે પોતાના માટે જીવે છે એનું મરણ થાય છે જયારે જે બીજા માટે જીવે છે એનું સ્મરણ થાય છે, એમ જણાવી ૦૯ ઓકટોબર, ૨૦૧૬ જોસેફ મેકવાનની ૮૧મી જન્મજયંતીએ આયોજીત આ સમારોહમાં જોસેફ મેકવાન પુરસ્કાર પ્રાપ્ત કરનારા કર્મશીલ શ્રી ઈન્દુકુમાર જાની અને સર્જક શ્રી મોહન પરમારને ફાઉન્ડેશન વતી અભિનંદન આપી કહ્યું કે નરી નકારાત્મકતાના અભાવ અને પ્રતિકૂળતાઓ વચ્ચે ઉછર્યા હોવા છતાં એમના પિતાના સર્જનમાં ક્યારેય કોઈ નકારાત્મકતા કે વિધ્વંશક ભાવનાને સ્થાન મળ્યું નથી. તેમણે તો પૂર્ણ સંવેદનાત્મકતા અને પ્રતિભાવકતા સાથે સંવેદનશીલ સર્જન કરતા રહીને, જે જે એમના સંપર્કમાં આવ્યા એમના પર વહાલ જ વરસાવ્યા કર્યું છે.

આ પુરષ્કાર વિતરણ સમારોહનું સુંદર સંચાલન ડો. ધીરજ પરમારે કર્યુ હતું. પ્રારંભે સાક્ષર શ્રી રઘુવીર ચૌધરીની સર્જનયાત્રા વિશે શ્રી ઈ.પી. દેસાઈએ વિસ્તૃત વાત કરી હતી. આ કાર્યકમની આભારવિધિ શ્રી અમિતાભ જોસેફ મેકવાને કરી હતી. સમારોહમાં જોસેફ મેકવાનનાં પરિવારજનો, સ્નેહીજનો, ભાવકો ચાહકો સૌ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

*— સંજય વાઘેલા દ્વારા*

# શ્રદ્ધાંજલિ

અસત્યો માંહેથી પ્રભુ ! પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારે થી પ્રભુ ! પરમ તેજે તું લઈ જા;
મહા મૃત્યુ માંથી અમૃત સમીપે નાથ! તું લઈ જા.

**આગમન**
**૧૮.૦૪.૧૯૩૯**



**નિર્ગમન**
**૧૧.૧૦.૨૦૧૬**

## સ્વ. આલ્ફોન્સ મેકવાન (આર.ડી.)

આપની અણધારી વિદાયને હજુ અમારૂં મન માનવા તૈયાર નથી,
એક પણ એવી પળ વીતી નથી કે અમને તમારી યાદ આવી ન હોય,
પિતાજી, આપ અમારી મધ્યે નથી છતાં
અમારી આંખો હજી પણ તમને ''શ્રદ્ધા'' માં શોધે છે.

આપની છાયા હવે અમને ક્યાંય નહિ મળે તે વિચારતા જ આંખો ભીંજાઈ જાય છે.
પરમકૃપાળુ પરમ પિતા આપના આત્માને શાંતિ આપે તે જ પ્રાર્થના સહ.

**આપની યાદમાં દુખિત પરિવાર,**

સિસ્ટર પ્રજ્ઞા
(સુરત - સિસ્ટર્સ)
M. 98982 81596

પ્રકાશભાઈ - મીનલબેન
કૃતાર્થ - ઉમંગ
M. 98252 55867


આનંદકુમાર - શિલ્પાબેન
દેવાંશ
M. 98985 55191

ડૉ. રશ્મિન સેસિલ - નીતા સેસિલ
કોરલ - સમષ્ટિ
M. 98252 56967

''શ્રદ્ધા'', ક્રિસમસ પાર્ક, સેન્ટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮ ૦૦૧. ફોન : (૦૨૬૯૨) ૨૫૫૯૭૯

## આ નાતાલ નિમિતે નીચેની વસ્તુઓ આપનાં ઘરમાં વસાવો





**ગભાણનો સેટ**
૬ ઈંચ થી ૧૨ ઈંચ
રૂા. ૧,૨૦૦ થી ૪,૫૦૦

**ક્રોસ**
રૂા. ૨૦૦ થી ૪૦૦





નાતાલના તારા
રૂા. ૨૦ થી રૂા. ૧૦૦ સુધી

ઈસુના પૂજ્ય હૃદય ૧ થી ૨ ફૂટ
રૂા.૪૦૦ થી ૧,૫૦૦ સુધી




છેલ્લું ભોજન
રૂા. ૩૫૦ થી ૫૦૦ સુધી


ઉપર દર્શાવેલ ચિત્રો માત્ર જાહેરાત પુરતા છે.

**પ્રાપ્તિસ્થાન: ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ**

# બાઈબલ ડાયરી – ૨૦૧૭




**Hardbound:** Rs. 160.00
**Paperback:** Rs. 130.00




Rs. 8.00

## ‘બાઇબલ ડાયરી’ ૨૦૧૭ માં

**નીચેની બાબતોનું સુગ્રથન કરવામાં આવ્યું છે :**

૧. રવિવારનાં ત્રણ વાંચન અને અન્ય દિવસનાં બે વાંચન.
૨. વાંચન ઉપર મનનચિંતન.
૩. તારીખ અને સંતનાં નામ.
૪. દરરોજનની સ્તોત્રમાળા.

SAHITYA PRAKASH ANAND GUJARAT IHS

**ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ**

PAVAN HRUDAYA DOOT, November, 2016 No. of Pages 56 including cover R.N.I. New Delhi No. GUJGUJ/2000/2975
RNP No. AND / 304 / 2015-17 and LWPP-02. Licensed to post without Prepayment Up to 31.12.2017
Published on 5th of every Month & Posting on 5th of every Month Posted at Anand HO.

50th

# CONGRATULATIONS to FR. FIDELIS S.J.



for 50 years of sincere and faithful service to the Lord in the Society of Jesus




Our appreciation and best wishes to Fr. Fidelis!
May the Lord give you health and strength to serve Him for many more years!

Meena Arvindbhai Parmar
Rual Raja Parmar
Gamdi-Anand

Mom Nani (Agneshben) Parmar
Ila, Socorro,
Saviola and Sheldon
Mascarenhas
Mumabi

Cecilia Schlott-Parmar
Reiner Schlott
Germany

In loving memory of our late
Paul Asha Parmar, Sr. Pushpa Paul, Regina Parmar and Arvind Parmar

Publisher's & Printer's Name : Jerry Leo Sequeira S.J., Gujarat Sahitya Prakash, P.B. 70, St. Xavier's Road, Anand - 388001
and Printed by him at Anand Press, P.B. 95, Gamdi-Anand 388001. Editor: Jasvant Macwan